# સંયમ

## ધ રીયલ લાઈફ



50 Years

વિ.સં. ૨૦૨૮, મહા સુદ ૧૪

લેખક

આચાર્ય વિજય પૂર્ણચંદ્રસૂરિ

# સાદર સમર્પણમ્







મારા જીવનમાં સુસંસ્કારોનું સિંચન કરનારા

મને માત્ર ૯ વર્ષની બાલ્યવયે જ ગુરુદેવને વહોરાવનારા

જન્મદાતા **માતુશ્રી ચંદનબેન અને પિતાશ્રી જગજીવનભાઈ વસા**

(જન્મભૂમિ/દીક્ષાભૂમિ ભૂજ-કચ્છ) તથા

વિ.સં. ૨૦૨૮, ઈ.સ. ૧૯૭૨, મહા સુદ ૧૪ના શુભ દિને

માત્ર ૧૧ વર્ષની બાલ્યવયે ભાગવતી દીક્ષા પ્રદાન પૂર્વક મારામાં

સંયમજીવનના આધ્યાત્મિક ભાવો જગાડી મારું જીવન ઘડનારા

અધ્યાત્મયોગી **પ. પૂ. ગુરુદેવ આ. કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજા**ને

હૃદયથી સ્મરણ કરી **સંયમ જીવનના ૫૦મા વર્ષ**માં પ્રવેશ કરતાં

તેઓશ્રીના દિવ્ય આત્માને આ પુસ્તક સમર્પિત કરું છું.

શ્રી કલાપૂર્ણસૂરિ સ્મૃતિ મંદિર
શંખેશ્વર
ભા. વ. 7, 9-9-2020

લિ.
કૃપાકાંક્ષી
**આ. વિજય પૂર્ણચન્દ્રસૂરિ**

**સંયમ જીવનના ૫૦મા સુવર્ણવર્ષમાં**

**પ્રવેશ - મહા સુદ ૧૪, વિ.સં. ૨૦૭૮, ઈ.સ. 2021**

**પૂર્ણાહૂતિ - મહા સુદ ૧૪, વિ.સં. ૨૦૭૯, ઈ.સ. 2022**

# સંયમ
## ધ રીયલ લાઈફ



અનુગ્રહ કૃપાવર્ષા

અધ્યાત્મયોગી પ.પૂ.આ. શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજા
વર્તમાન ગચ્છાધિપતિ પ.પૂ.આ.શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મહારાજા
સમુદાય હિતચિંતક પ.પૂ.આ. શ્રી કલ્પતરુસૂરીશ્વરજી મહારાજા

લેખક

સૂરિમંત્ર સમારાધક, પ્રભાવક પ્રવચનકાર
પ.પૂ.આ. શ્રી પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મહારાજા

**પુસ્તક : સંયમ ધ રીઅલ લાઈફ (ભાગ-૧)**

**લેખક : પ.પૂ.આ. શ્રી પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

**સંપાદક : પૂ. મુનિશ્રી પુનિતચંદ્ર વિજયજી મ.સા.**

**વીર સં.** : ૨૫૪૭ **વિ.સં.** : ૨૦૭૬ **ઈ.સ.** : ૨૦૨૦

**આવૃત્તિ** : પ્રથમ **નકલ** : ૨૦૦૦ **મૂલ્ય** : ૬૫

**પ્રકાશક : શ્રી પાર્શ્વ સેવા ભક્તિ મંડળ**, સાબરમતી, અમદાવાદ

## પુસ્તક પ્રાપ્તિસ્થાન

**વિજય કલાપૂર્ણસૂરિ સાધના સ્મારક ટ્રસ્ટ-કાર્યાલય**
ધનરાજનગર,
શંખેશ્વર-384246

**રવિભાઈ કુબડીઆ**, રજવાડી વેર,
112-મલાડ શોપિંગ સેન્ટર,
એસ.વી. રોડ, મલાડ(વેસ્ટ),
મુંબઈ-64, M : 98701 29180,
98214 08909

**મહાવીર જૈન ઉપકરણ ભંડાર**
યાત્રિક ભુવન પાસે, શંખેશ્વર

**શ્રી પાર્શ્વ સેવાભક્તિ મંડળ**
કૈલાસ ટ્રેડીંગ કું. - 1007,
ઠાકોરવાસ, શાક માર્કેટ રોડ,
રામનગર, સાબરમતી,
અમદાવાદ-380005
મોબાઈલ: 8490821546

**કલાપૂર્ણસૂરિ-પૂર્ણચન્દ્ર જ્ઞાન ભંડાર**
પૂરાબેન જૈન ધર્મશાળા, શંખેશ્વર
સંજય : 9821408911

**શંખેશ્વર જૈન ઉપકરણ ભંડાર**
સુભાષ ચૉક, ગોપીપુરા, સુરત

## મુદ્રક

**વીતરાગ ગ્રાફિક્સ**
**પં. શ્રી રાજેશભાઈ તાતેડ**
**અમદાવાદ, (M.) 8980007872**

# પાર્શ્વ સેવા ભકિત મંડળ

સાબરમતી, અમદાવાદ

શ્રી પાર્શ્વ સેવા ભક્તિ મંડળની સ્થાપના આજથી ૧૪ વર્ષ પૂર્વે પ.પૂ. અધ્યાત્મયોગી આ.ભ. શ્રીમદ્ **વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.**ના શિષ્યરત્ન, પૂ. ગુરુદેવ **આ. શ્રી પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મ.સા.**ના વિ.સં. ૨૦૬૨ ઈ.સ. ૨૦૦૬ના સાબરમતી, ચિંતામણી ઉપાશ્રયમાં ચાતુર્માસ માં પ્રેરણા-માર્ગદર્શનથી થયેલ. ત્યારથી આ મંડળ દેવ-ગુરુની કૃપાથી દરેક ચાતુર્માસ વગેરેમાં - અનુષ્ઠાનોમાં - કાર્યક્રમોમાં ઉત્તરોત્તર પ્રગતિમય સત્કાર્યો કરી રહ્યું છે.

વિશેષમાં પૂ. ગુરુદેવ દ્વારા આલેખિત "સંયમ : ધ રિયલ લાઈફ" પુસ્તકને પ્રકાશિત કરતા અમે અત્યંત આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ.

## મંડળ દ્વારા શાસનસેવાની વિવિધ પ્રવૃત્તિ

(૧) પશુ-પક્ષીની સારવાર તથા પશુ-પક્ષી બચાવો અભિયાન
(૨) સાધુ-સાધ્વીજી ભગવંતોની ઉકાળેલા પાણીની ભક્તિ
(૩) સાધુ-સાધ્વીજીઓની પાલખીની વ્યવસ્થા
(૪) અષ્ટમંગલનો પ્રચાર, પ્રસારઅને વિતરણ
(૫) સંઘ સંચાલિત અનુષ્ઠાનોમાં વ્યવસ્થા
(૬) દીક્ષા, ઉપધાન, અઠ્ઠમ, છ:રિ પાલિત સંઘ આદિ મહોત્સવોનું સંચાલન

# આલંબન

શંખેશ્વર તીર્થે શ્રી કલાપૂર્ણસૂરિ સાધના સ્મૃતિ મંદિર (ધનરાજ નગર) શ્રી કલાપૂર્ણસૂરિ સાધના સ્મારક ટ્રસ્ટના અન્વયે...

**ચાતુર્માસ આરાધના - પાવન નિશ્રા**

પ.પૂ.આ. શ્રી કીર્તિચન્દ્રસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.આ. શ્રી પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. આ. શ્રી અમિતયશસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.આ. શ્રી કીર્તિદર્શનસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. પંન્યાસ શ્રી પૂર્ણરક્ષિતવિજયજી મ.સા. આદિ ઠાણા ૧૬ સાધુ વૃંદ તથા ૩૨ સાધ્વી વૃંદનું ચાતુર્માસ વિશ્વવ્યાપી કોરોના મહામારી-લોકડાઉન વગેરે કારણે થયેલ છે. આવા સમયે સકલ વિશ્વમાં મંગલમયતા અને શાંતિ પ્રસરે એ ભાવનાથી આરાધના-સાધના-ઉપાસના-સ્વાધ્યાય-જ્ઞાન-ધ્યાન-પરમાત્મભક્તિ તથા વિવિધ તપશ્ચર્યાસભર ચાતુર્માસ એ અમારા માટે અત્યંત આનંદ હર્ષ અને પ્રસન્નતાનો વિષય છે.

---

## ભવભ્રમણા દૂર ટળજો રે, પંથ પ્રભુ તારો મળજો રે...

આજનો ઘણો ખરો વર્ગ જ્યારે આધુનિક સાધનો સાથે ઝકડાયેલો છે ત્યારે સંયમની... શાસનની.... ધર્મની વાતોનો પ્રચાર કરવા ૩૫,૦૦૦ ગાથા કંઠસ્થ કરનાર સમતામૂર્તિ પ.પૂ.આ. પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ.સા. દ્વારા સ્થાપિત શાસન સુભટ ગ્રુપ 'Saiyam : The Real Life' નું Page ચલાવે છે. જો આપને પણ શાસનની કંઈક સેવા... અનુમોદના કરવી હોય તો અચૂક અમારી સાથે જોડાશો.

**લિ.**

**શાસન સુભટ ગ્રુપ**

**શુભમ છાજેડ, વણી, M. 7711073111**

**ધ્રુવિલ શાહ, આણંદ, M. 8488805244**

**જૈનિલ શેઠ, સુરત**

**સંજય : 9821408911**

## Saiyam : The Real Life
### સંયમ એ વાસ્તવમાં સાચું જીવન છે.



# સંવેદના

આ પુસ્તકની ચિંતનિકાઓ પુનઃ પુનઃ પઠનીય, વિચારણીય, સંવેદનીય, ભાવનીય અને અનુપ્રેક્ષણીય છે.

'સંયમ ક્યારે મળશે ?' પ્રગટ થયેલી એ ભાવના સાકાર થવી તે તો દૂરની વાત છે. પરંતુ તે પૂર્વે એ સંયમભાવના અંતરાત્માના ભીતરમાં પ્રગટ થવી જ દુષ્કર છે. પૂજ્ય ગુરુદેવોના પ્રવચનોમાં શ્રોતાઓએ કેટલીવાર સંસારની કરૂણતાનું વૈરાગ્યસભર શ્રવણયોગ કર્યું હશે. પરંતુ ભીતરમાં વૈરાગ્યની રંગછટા અને રસધારા પ્રવાહિત થવી એ આસાન નથી અને એ શ્રવણયોગને પ્રયોગાત્મક બનાવવું એ તો અતિદુષ્કર કાર્ય છે. જન્માંતરીય અને આ ભવે સાનુબંધ સાધનાનો અભ્યાસ પરિબળ જ્યારે ઘટ્ટ બને છે ત્યારે એ ભાવના સાકાર અને સફળ બને છે.

ગુરુદેવ પ્રવચનમાં જિનવાણીમાં પુનઃ પુનઃ ઉદ્‌બોધન કરતા હોય છે.

સંસાર દુઃખમય છે...પાપમય છે...રાગમય છે...અજ્ઞાનમય છે...સ્વાર્થમય છે અને સંસાર સળગતા દાવાનળ સમાન છે...

સંસાર માટે સ્મશાન, નિશાચર, ભયાનક, અટવી, વિષવૃક્ષ, ફૂંફાડા મારતો સાપ, અજગર, ઘૂવડ વગેરેની ઉપમાઓ સંસારની ઓળખાણ-પહેચાન અને આઈડેન્ટિટી છે.

આવી સેંકડો ઉપમાઓ જિનપ્રવચનના અનેક ગ્રંથોમાં તથા અધ્યાત્મસારના અનેક શ્લોકોમાં હૂબહૂ રીતે વર્ણવી છે, તે સાંભળતા-વાંચતા કે સ્વાધ્યાય-મનન-ચિંતન કરતા અંતરનો માંહ્યલો આતમરામ જાગી

પણ જાય અને જ્ઞાનગર્ભિત વૈરાગ્યની ધારા પણ પ્રવાહિત થઈ જાય.

વૈરાગ્યશતક-ઇન્દ્રિયપરાજય શતક વગેરેની અનેક ગાથાઓ વૈરાગ્ય વર્ધક-ચોટદાર છે, જેનું પુનઃ પુનઃ મનન-ચિંતન કરતા બાહ્ય અને અભ્યંતર સંસારથી નફરત થઈ જાય. સાચો અને પાકો વૈરાગ્ય સંસારી માનવના મનમાં સતત ઝંકૃત રણકાર થતો રહે.

ત્યાર પછી ગુરુચરણે મસ્તક ઝુકાવી સમર્પિત ભાવથી સંયમ : ધ રિયલ લાઈફ સંયમ એ જ સાચું જીવન છે, તે માણવા વૈરાગી આત્મા કટિબદ્ધ-તૈયાર થઈ જાય છે. આ પુસ્તકની ચિંતનિકાઓ વાંચતા સંસારી આત્મા સંયમ ગ્રહણ કરે માત્ર તેવો કોઈ ઉદ્દેશ નથી, પણ મનના સ્તરમાં કે આત્માના ઊંડાણમાં સંયમભાવના ક્ષણવાર જાગૃત થાય, મનમાં તેવા શુભભાવ, અધ્યવસાય, લેશ્યા, કે પરિણામ કંઈક અંશે સ્પંદિત કે સંવેદિત થાય, તો પણ મહાન લાભ અર્જિત થાય... કદાચ આગળ વધીને આ ભવમાં સંયમ મળવાના ચાન્સ ઊભા થાય અને ભાવના સાકાર-સફળ બને... ભવસાગરથી બેડો પાર થઈ જાય અને આત્મા દુઃખમય અસાર સંસારના ત્યાગપૂર્વક ભાગવતી પ્રવજ્યા ગ્રહણ કરીને તેની સુંદર આરાધના-સાધના કરતા શાશ્વત મોક્ષ માર્ગ તરફ સતત ગતિશીલ બનતો રહે.

લોકડાઉનના કારણે શંખેશ્વરમાં થયેલ અચાનક ચાતુર્માસમાં મારા શિષ્યરત્ન મુનિરાજ શ્રી પુનિતચન્દ્ર વિજયજીએ પણ આ પુસ્તક સર્જન-સંપાદનમાં સહાયતા સુંદર પ્રદાન કરી છે.

Saiyam : The Real Life ની વાતોને તમે બધા વાંચશો... અનેકને વંચાવશો... વાગોળજો.... અંતરમાં વસાવજો અને તમારા જીવનને કંઈક અંશે અચૂક બદલાવીને Turning Point Of The Life - જીવનને પરિવર્તિત કરીને માનવભવને સાર્થક કરજો એ જ અંતરની અભિલાષા.

ભા.વ.૯, ૧૧-૯-૨૦૨૦
વિ.સં. ૨૦૭૬

**આચાર્ય વિજય પૂર્ણચન્દ્રસૂરિ**
શ્રી કલાપૂર્ણસૂરિ સ્મૃતિ મંદિર
ધનરાજનગર, શંખેશ્વર

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | **ભાગ ૧ - સંયમ સંવેદના** | |
| A | સાધુતા અને સંસારિતા... કેટલું વિરાટ અંતર **મુમુક્ષુની મનોકામના** | ૩ |
| ૧. | પ્રભાવથી ખસ... સ્વભાવમાં વસ | ૧૦ |
| ૨. | એકલો આવ્યો ને મનવા ! એકલો જવાનો | ૧૨ |
| ૩. | ચર્મચક્ષુ બંધ થતાં પહેલાં આંતરચક્ષુ ઉઘાડો | ૧૪ |
| ૪. | માનવજીવનનો એક જ સાર, સંયમ વિના નહિ ઉદ્ધાર | ૧૭ |
| ૫. | માલિક બનીને નહિ, મહેમાન બનીને જીવીએ | ૨૦ |
| ૬. | વિષાદમાં નહિ વિરાગમાં જીવીએ | ૨૩ |
| ૭. | સહન કરો સામનો નહિ | ૨૬ |
| ૮. | રસ મોક્ષમાં કે મૅચમાં ? | ૨૮ |
| ૯. | World Cup જોઈએ કે રજોહરણ ? | ૩૦ |
| ૧૦. | તાપ જોઈએ કે તપ ? | ૩૩ |
| ૧૧. | પાપમાં મજા કે સજા ? | ૩૫ |
| ૧૨. | દુઃખોનો નહિ દોષોનો સફાયો કરીએ | ૩૭ |
| ૧૩. | ચિંતાયુક્ત નહિ ચિંતામુક્ત જીવીએ | ૪૦ |
| ૧૪. | ચાલો, નિષ્પાપ જીવન તરફ | ૪૨ |
| ૧૫. | સાપથી ડરીએ પણ પાપથી ? | ૪૪ |
| ૧૬. | ભવ સુધારવા ભ્રમ તોડો | ૪૬ |
| ૧૭. | ઈન્દ્રિયો સાથે યુદ્ધ કરીએ | ૪૮ |
| ૧૮. | ઇંદ્રિયોનો સદુપયોગ કરો | ૫૧ |
| ૧૯. | રાત્રિભોજન : નરકનું દ્વાર | ૫૩ |
| ૨૦. | શરીર પર રાગ નહિ વૈરાગ્ય કરો | ૫૫ |
| ૨૧. | અનિચ્છાની ઇચ્છા | ૫૭ |
| ૨૨. | સાચો ત્યાગ | ૫૯ |

૨૩. દીક્ષા પ્રસંગની સફળતા .................................... ૬૧
૨૪. સાચી સહનશીલતા ......................................... ૬૩
૨૫. ચાલો, કર્મને બાળીએ ...................................... ૬૫
૨૬. કોરોનાથી નહિ કર્મોથી ડરો .................................. ૬૭
૨૭. પ્રભુ ઋષભની કઠોર તપસ્યા ................................. ૭૦
૨૮. નિષ્ફળ દેશનાનો સફળ સંદેશ ................................ ૭૩
૨૯. અક્ષય બનવા અક્ષયરાજ બન્યા કલાપૂર્ણસૂરિ ................. ૭૫
૩૦. ડગલે પગલે વૈરાગ્યના નિમિત્તો ............................. ૭૮
૩૧. આપણું ઘર કયું ? ........................................... ૮૧
૩૨. ચાલો, ઈતિહાસ રચીએ ...................................... ૮૩
૩૩. દો દિન કી ચાંદની ફિર અંધેરી રાત ............................૮૬
૩૪. મૃત્યુને મહોત્સવ બનાવો .................................... ૮૯
૩૫. ડુંગરા દૂરથી રળિયામણાં ..................................... ૯૨
૩૬. અનિશ્ચિત સમયે નિશ્ચિત છે મૃત્યુ .......................... ૯૫
૩૭. Don’t Waste Your Time ................................ ૯૭
૩૮. સમયનો સદ્ઉપયોગ કરો .................................... ૯૯
૩૯. ધર્મ : કડવી દવા ? ......................................... ૧૦૧
૪૦. પ્રવ્રજ્યા...પ્રવ્રજ્યા...પ્રવ્રજ્યા ................................ ૧૦૩
૪૧. સમયની Valueને સમજો .................................... ૧૦૬
૪૨. શ્રાવકજન તો તેને રે કહિયે ................................. ૧૦૮
૪૩. સંયમ જંગ ................................................ ૧૧૦
૪૪. સનાતન સત્ય : રોગ અને મૃત્યુ ............................ ૧૧૫

## ભાગ ૨ - સંયમ વંદના

૧. મને હાથ ઝાલીને ચલાવજો .................................. ૧૧૯
૨. અષ્ટપ્રકારી પૂજા આપજો .................................... ૧૧૯
૩. શ્રમણ હું ક્યારે બનું ? ...................................... ૧૨૦
૪. તને પામવાની પ્યાસ છે ...................................... ૧૨૦
૫. ક્યારે વરીશ ? ક્યારે વરીશ ? ............................... ૧૨૧
૬. ક્યારે બનીશ... ક્યારે બનીશ ............................... ૧૨૧

૭. કરું ભાવથી હું વંદના ............................ ૧૨૨
૮. રજોહરણ મને આપજો ............................ ૧૨૨
૯. શ્રમણને કરું વંદના ............................ ૧૨૩
૧૦. સંયમ પ્રભુ મને આપજે ............................ ૧૨૩
૧૧. રમતો બનું વૈરાગ્યમાં ............................ ૧૨૫
૧૨. ભમવું નથી મારે હવે ............................ ૧૨૬
૧૩. ભાવે કરું હું વંદના ............................ ૧૨૮
૧૪. કરું ભાવથી હું વંદના ............................ ૧૨૯

## ભાગ ૩ - સંયમ સરગમ

૧. સંયમ ક્યારે મળશે ? ............................ ૧૩૨
૨. સંયમ ક્યારે મળશે ? ............................ ૧૩૨
૩. સુખ કે સિંધુ મેં... લે જાય સંયમ ............................ ૧૩૩
૪. સંયમ... મુજબ આતમાનો નાદ સાચો ............................ ૧૩૪
૫. ક્યારે બનીશ હું સાચો રે સંત ............................ ૧૩૪
૬. તારા ગુણોની પાટ ............................ ૧૩૫
૭. મને વેશ શ્રમણનો મળજો રે ............................ ૧૩૬
૮. વિરતિધરનો વેશ ............................ ૧૩૬
૯. તું મને ભગવાન ............................ ૧૩૭
૧૦. યૌવન વયમાં ............................ ૧૩૭
૧૧. મારે બનવું છે અણગાર હવે ............................ ૧૩૮
૧૨. સંયમ મારો શ્વાસ ............................ ૧૩૯
૧૩. વૈરાગીને વંદન ............................ ૧૪૦
૧૪. મને પંથ જડ્યો છે દાદા તાહરો ............................ ૧૪૦
૧૫. ધન ધન મુનિવરા ............................ ૧૪૧
૧૬. લગની લાગી છે ............................ ૧૪૧
૧૭. ઓઘો છે અણમૂલો ............................ ૧૪૨
૧૮. તારો પંથ સદા ઉજમાળ બને ............................ ૧૪૨
૧૯. આ છે અણગાર અમારા ............................ ૧૪૩
૨૦. ગુરુએ આપ્યો ઓઘો આજ ............................ ૧૪૪

૨૧. મુનિ ક્યારે બનીએ ........................................ ૧૪૪
૨૨. તને વંદન અમારા ........................................ ૧૪૫
૨૩. સંયમ જીવનનો ........................................ ૧૪૫
૨૪. રૂડા રાજમહેલને ત્યાગી ........................................ ૧૪૬
૨૫. મારે લેવું સંયમ ........................................ ૧૪૬
૨૬. હોજો જય જય જયકાર ........................................ ૧૪૭
૨૭. એક મનોરથ એવો છે ........................................ ૧૪૭

## ભાગ ૪ - સંયમ - વૈરાગ્ય ભાવનાની સજ્ઝાય

૧. જગત હૈ સ્વાર્થકા સાથી ........................................ ૧૫૦
૨. આતમ ધ્યાનથી રે ........................................ ૧૫૦
૩. બંભસારે વનમાં ભમતાં ........................................ ૧૫૧
૪. માનમાં માનમાં માનમાં રે ........................................ ૧૫૨
૫. ધન ધન તે દિન ક્યારે આવશે ........................................ ૧૫૩
૬. મનુષ્ય ભવનું ટાણું રે ........................................ ૧૫૪
૭. વંદો અઈમુત્તા અણગાર ........................................ ૧૫૫
૮. આપ સ્વભાવ મેં રે ........................................ ૧૫૫
૯. કેના રે સગપણ કેની રે માયા ........................................ ૧૫૬
૧૦. સંસાર ધુમાડાના બાચકા રે ........................................ ૧૫૭
૧૧. સમતા સુખના જે ભોગી ........................................ ૧૫૭
૧૨. ચેતન જ્ઞાન અજુવાળીએ ........................................ ૧૫૮
૧૩. મારું મારું મ કર જીવ તું ........................................ ૧૬૧
૧૪. પુણ્ય સંયોગે પામીયો જી ........................................ ૧૬૧
૧૫. ખબર નહિ આ જગ મેં પલકી ........................................ ૧૬૨
૧૬. મારે કરવી છે મનડાની વાત રે ........................................ ૧૬૩
૧૭. સગુ તારું કોણ સાચું રે ........................................ ૧૬૪
૧૮. કયા તન માંજતા રે ........................................ ૧૬૪
૧૯. જીવડા સુકૃત કરજે સાર ........................................ ૧૬૫
૨૦. વિનય કરો ચેલા ગુરુ તણો ........................................ ૧૬૫
૨૧. અવધૂ નિરપક્ષ વિરલા કોઈ ........................................ ૧૬૬



# 1

# સંયમ સંવેદના



# સાધુતા અને સંસારિતા... કેટલું વિરાટ અંતર....

## મુમુક્ષુની મનોકામના



જૈન ધર્મની સંસ્કૃતિ ત્યાગ અને વૈરાગ્ય પ્રધાન છે. તેના આદર્શો, ઉદ્દેશો, લક્ષ્યાંકો અને પરિબળો ત્યાગ અને વિરાગ પ્રતિ સવિશેષ ઢળેલા રહે છે. અહીં Objects ખાવું, પીવું, ફરવું, ભોગ-ભોગવવા, જલસા કરવા વગેરેને બદલે Subjects આત્મા, પરમાત્મા પરમ તત્ત્વ વગેરે ઉપર વધુ મહત્ત્વ અપાયેલું છે. અહીં ભોગના બદલે યોગની, વિલાસ બદલે વિરાગની, રાગ બદલે ત્યાગની, વાસના બદલે ઉપાસનાની, સંપત્તિ બદલે સંસ્કારની અને સમૃદ્ધિ બદલે સચ્ચારિત્રની સવિશેષ યશોગાથા વિસ્તૃતરૂપે ફેલાયેલી છે. તપ-ત્યાગ, તિતિક્ષા, સચ્ચારિત્ર, સાધના અને પવિત્ર જીવનના લક્ષ્ય પ્રતિ સતત ગતિમાન બનવાના મૂળભૂત સંસ્કારો અહીં માતાના ગર્ભથી કે જન્મથી કે બાહ્ય પરિબળોથી કે સુશોભન વાતાવરણથી નિરંતર મળતા રહે છે, અને તેથી જ આ સંસારના સોહામણા દેખાતા પણ સર્વ સંબંધોને સ્વાર્થની માયા સમજીને તેનો સાપની કાંચળીની જેમ પરિત્યાગ કરનારા ભૂતકાલીન ઈતિહાસના પરિપ્રેક્ષ્યમાં હજારો, લાખો, અસંખ્ય નરનારીઓના સચ્ચરિત્રો મળી આવે છે. આધુનિક કાળમાં પણ અનેક ભાવિક આત્માઓ જિનેશ્વર દેવની આજ્ઞાને જીવન લક્ષ્ય સમજીને અને ગુરુચરણે પૂર્ણ સમર્પિત બનીને આજીવન ઉત્કૃષ્ટ કોટિની સંયમ સાધનામાં મસ્ત બનેલા જોવા મળે છે.

જેઓ આ સર્વોત્તમ સંયમ જીવનના સદ્ભાગ્યને પામવા બડભાગી નથી બની શકતા તેઓ સાચા જૈન કે શ્રાવક તરીકે પણ તે સંયમ જીવન પ્રતિ અપૂર્વ નિષ્ઠા, શ્રદ્ધા બહુમાન ભાવ અને **'મને પણ સંયમ ક્યારે મળશે' સંયમ કબહી મિલે** - ની અભિલાષાને જીવંત બનાવે છે.

**એક વાત સ્પષ્ટ છે કે જે ગુણો કે સાધનાનો સ્વ-જીવનમાં અભાવ હોય તો તેને પ્રાપ્ત કરવા તે તે ગુણો કે સાધનાના સ્વામી મહાત્મા પુરુષોને સ્મૃતિપથમાં લાવવા જોઈએ અને તેમને હૃદયની સાચી બહુમાન અંજલિ સમર્પિત કરવી જોઈએ.**

ગુણોનો આવવાનો પ્રવેશદ્વાર માત્ર ગુણ પ્રશંસા યાને ગુણ બહુમાન છે.

ઉપાધ્યાય શ્રી પદ્મવિજયજી મ.સા. કહે છે –

**'જિન ઉત્તમ ગુણ ગાવતા ગુણ આવે નિજ અંગ'**

જિનવરના ભાવપૂર્વક ગુણો ગાવાથી આપણા જીવનમાં પણ તે ગુણો પૂર્ણરૂપે યા અંશ રૂપે અવશ્ય પ્રગટે છે. આ નિયમ સર્વત્ર લાગુ પડી શકે. કારણ તે છે કે, તે ગુણવાન વ્યક્તિઓના ગુણગાન સમયે ગુણોનું માત્ર આકર્ષણ કે ધ્યાન રહે છે, તેથી વૈજ્ઞાનિક નિયમ છે કે, જે વસ્તુનું ધ્યાન, ખેંચાણ, લગાવ કે રસ વધુ હોય તે ધીરે ધીરે પણ સહજ રીતે જીવનમાં ઉતરવા લાગે છે.

આ સિદ્ધાંતને સામે રાખીને જૈન શ્રાવક કે શ્રાવિકાના મનમાં જ્યારે કે ક્યારે એક વિચાર ઘોળાતો રહે છે કે મારા માનવીય જીવનની સફળતા સંયમ જીવનમાં છે. પણ જો કોઈ દુષ્કર્મના પ્રભાવે તે સંયમની સમારાધનાની પ્રાપ્તિની પ્રગતિ મારે નસીબમાં નથી તો પણ હું તે સંયમી મહાત્માઓના જીવનની હાર્દિક અનુમોદના કરતો રહીશ, તેમને નિર્મલભાવે વંદન કરતો રહીશ અને તેમના તરફ નિરંતર પ્રમોદભાવ ધારણ કરીશ. તેથી સંભવ છે કે સંયમ જીવનને આડે આવતા યા વિરોધી-અંતરાય રૂપે બનતાં ચારિત્ર મોહનીય કર્મનો ક્ષય થતો રહે અને તેથી આ ભવે યા આવતા ભવે પણ આવું નિર્દોષ, નિષ્પાપ અને નિર્વિકાર સંયમ જીવનની પ્રાપ્તિ મને સુલભ બને.

આ ભૂમિકાના કર્તવ્યમાં પ્રગતિ કરવા શ્રાવક ઉત્તમ પરિણામી અને નિર્દમ્ભ બની અનેક પ્રસંગોમાં પોતાના વાણી-વિચાર-વર્તન સાથે સંયમી મહાત્માઓના જીવનની તુલના (Comparision) કરે... જો કે આ તુલનામાં સામ્ય ભાવ ન હોય કારણ કે તે વખતે તેની ભાવના કે કલ્પનામાં

સંયમી જન શિખર પર આરોહિત હોય છે અને પોતે ઠેઠ નીચે ખાઈમાં....

મૂળ અને ઉત્તર ગુણોના ધામ સમાન સાધુની સાધુતા પ્રતિ આકૃષ્ટ બનીને તેના હૃદયમાં પ્રમોદભાવ, બહુમાન ભાવ અને ધન્યતાનો ભાવ રહે અને પોતાના સાંસારિક જીવનની અનેક તુચ્છતાઓ, વિષમતાઓ, પાપો, આરંભ-સમારંભો અને ડગલે પગલે થતાં રાગ-દ્વેષાદિ પ્રત્યે ધિક્કાર ભાવ જાગતો રહે, આ વિષમ તુલનાનું પણ ઉત્તમ ફળ છે.

સવારે સ્નાન કરવા બેસે ત્યારે વિચારે કે, ધન્ય છે તે મુનિઓ, જેઓ જિંદગીભર ક્યારેય સ્નાન કરતા નથી, ક્યારેય સાબુ, અત્તર, સેન્ટ, પફ, પાવડર કે કોસ્મેટિક્સ સાધનોનો પ્રયોગ કરતા નથી, ક્યારેય આવી ચીજો વાપરવાનું મન પણ કરતા નથી અને હું ?.... એક દિવસ પણ મને સ્નાન વિના ચાલતું નથી. તેમાં કેટલા સચિત્ત જીવોનો સંહાર થતો હશે ? શરીર વિભૂષા માટે સૌંદર્ય પ્રસાધનોની ઘેલછામાં ન જાણે હું કેટલી રાગ-દશાનું પોષણ કરું છું ? મહાત્માઓને ધન્ય છે, બાહ્ય સ્નાન ન કરવા છતાં પણ તેઓ કેટલી સ્વજીવનમાં પવિત્ર અને નિર્મલ હોય છે.

મોટર, રેલવે, વિમાન, ફિયાટ-મારુતિ-કોન્ટેસા કે અન્ય કાર-વાહનમાં યા રાજદૂત, હીરો હોન્ડા સ્કૂટર, મોપેડ કે સાઈકલ પર બેસતાં વિચારે કે, ક્યાં મારું ભૌતિક સુખમય અને આસક્તિમય જીવન... એ વાહનોમાં બેસતાં ન માલૂમ કેટલા જીવોનો કચ્ચરઘાણ નીકળી જતો હશે... અને તેમાં રૂઆબ કે મોભાની કલ્પનાથી અહંભાવ પણ કેટલો જાગતો હશે... અને ક્યાં પેલા મુનિવરો કે જેઓ જિંદગીભર આજના રોકેટ, સ્પુટનિક કે જેટ વિમાનોના યુગમાં અને યંત્રયુગના ફાસ્ટ વાતાવરણમાં પણ ભારતભરમાં હજારો માઈલોની પદયાત્રા-વિહાર દ્વારા જીવનયાત્રાને સફળ કરવા સાથે જગતમાં ધર્મ, અધ્યાત્મ, સંસ્કૃતિના પ્રચાર-પ્રસાર દ્વારા નિઃસ્વાર્થભાવે અનેકોનું કેવું સુંદર જીવન પરિવર્તન કરી રહ્યા છે !!!

માથામાં સુગંધી તેલ નાખતી વખતે યા હેર કટિંગ યા સેવિંગ કરતી વખતે પોતાની જાત માટે ખટકો પેદા કરે કે ક્યાં મારી ફેશનેબલ અને મોડર્ન લાઈફ...! અને ક્યાં જટિલ અને મજબૂત વાળને પણ ચપટી

માત્રથી હાથેથી ચૂંટી નાખીને લોચના કઠોર પરિષહને હસતા મુખે સહન કરતા એ જિનશાસનના શણગાર સમા અણગાર ! કેટલાય નાની ઉંમરના બાલ અને યુવા સાધુ સાધ્વીઓના લોચના કષ્ટને પ્રસન્નવદને સહન કરવાની મનોવૃત્તિ જોઈ મારું મસ્તક ઝૂકી જાય છે. ધન્ય છે તે સાધુ-સાધ્વી વૃંદને... જેઓ પરિષહ સહનના માધ્યમથી કેટલી સકામ નિર્જરા, કેટલા કર્મોનો ક્ષય કરતા હશે... અને મારા સુખશીલીયા તથા મદ-મસ્ત જીવનમાં કેટલા કર્મો બંધાતા હશે ?

પગમાં બાટા કંપની જેવાના બૂટ, ચપ્પલ, સેંડલ કે મોજા પહેરતા વિચારે કે ક્યાં મારાથી ધબધબ કરતા પડતા પગલાંથી કેટલા નાના સૂક્ષ્મ જંતુઓ છુંદાઈ જતા હશે... અને ક્યાં ગમે તેવી ઠંડી-ગરમીમાં પણ ઉઘાડા પગે ચાલીને ગરમ ગરમ ડામર જેવા રોડ પર પણ સેંકડો કિલોમીટરના પંથ કાપતા અને ઈર્યાસમિતિનું પાલન કરતા તે મહામુનિઓ કેટલા જીવોનું સંરક્ષણ કરતા હશે....!

એરકન્ડીશન સિસ્ટમ, એરકૂલર કે ફેન વચ્ચે રહેતા જ્યારે મને વિહાર કરતા મુનિઓની યાદ આવે છે ત્યારે હું મારી જાત માટે ઘડીભર થંભી જાઉં છું. ભયંકર ગરમીમાં પણ પૂંઠાના કાગળથી હવા ખાવાનો પણ વિચાર નહિં કરનારા તે મુનિઓ વિહારમાં કે વસતિમાં રાત-દિવસ કેમ પસાર કરતા હશે...? વંદન છે તેમના ત્યાગ અને તિતિક્ષા ગુણને...!

જ્યારે હું હૉટલોમાં, રેસ્ટોરન્ટોમાં ષટ્રસભર્યા અભક્ષ્ય, તીખા તમતમતા, મસાલેદાર, ચટાકેદાર, રસવતી વ્યંજનો સહ ગરમાગરમ વાનગીઓ પેટમાં પધરાવું છું કે ઇડલી, ઢોંસા, પાંઉંભાજી, કટલેસ, ડબલ રોટી જેવી વસ્તુઓના ચટાકા કરું છું, જ્યારે હું પાન પરાગ ૧૨૦-૩૦૦, માવા મસાલા, તમાકુ, સિગરેટ વગેરે વ્યસનોનું સેવન કરું છું, અને બગીચાઓમાં, બજારોમાં જ્યાં ત્યાં ભટકું છું, અને એથી પણ આગળ વધીને હું જ્યારે ક્લબો કે બિયર બારોમાં ઘૂસીને ખરાબ ધંધા કરું છું અને પછી ભાન આવતી વખતે જીવન પ્રત્યે નફરત અને ધૃણા પેદા થઈ જાય છે, જાણે જીવન જીવવાનો કોઈ અર્થ અને રસ રહેતો નથી તે વખતે ક્યારેક કો'ક પળે તે મુનિઓની યાદ આવતાં મસ્તક શરમથી ઝૂકી જાય છે કે ક્યાં

ત્યાગમય જીવન જીવનારા, આહાર સંજ્ઞાને તોડનારા, ઉપાસના અને આરાધનામાં ઉદ્યમશીલ બનેલા અને એકાસણા, આયંબિલ, ઉપવાસ, સો ઓળી વગેરે ધરખમ તપશ્ચર્યાઓની શ્રેણી કરવામાં હોડ કરનારા સાધુ-સાધ્વી વૃંદો...! એટલું જ નહિં, નિર્દોષ ગોચરી ગવેષણા દ્વારા અનેક ભાવુકોને સુપાત્ર દાનનો મહત્ત્વપૂર્ણ લાભ આપવાથી તેઓના જીવનમાં પણ ઉજ્જવળ ચારિત્ર ધર્મની અમિટ છાપ, અનુમોદના તથા સત્પ્રેરણા આપતા ક્યાં તેમની પવિત્ર જીવનચર્યા...! અને ક્યાં અઢળક પાપોના ભારથી ભારેખમ અને પાપિષ્ટ બનેલી મારી જિંદગી...!

નટખટ વેશભૂષા કે આધુનિક ફેશનેબલ વસ્ત્ર પહેરતા મન ધડકન અનુભવે છે કે ક્યાં મારું ફેશન અને ફિટનેસ, કલર અને ક્વોલિટી, ડિઝાઈન અને ડ્રેસના ચક્કરમાં ઘમરોળાતું જીવન અને તે માટે હજારો રૂપિયાનું આંધણ કરીને સમાજમાં વટ પાડવાનો મોભો (Status Symbol) બતાવવા તથા પ્રદર્શનની ઘેલછા સભર મનોવૃત્તિ... અને ક્યાં તે સાદા અને સિમ્પલ શ્વેતવસ્ત્ર પરિધાન કરનાર સાધુ સાધ્વીઓ ! જેમના વસ્ત્રો પણ ધર્મની રક્ષા કરે છે, ધર્મની પ્રેરણા જગાડે છે, અને જે જૈનધર્મની સંસ્કૃતિની અદ્ભુત મિશાલ તરીકે અનેકોના જીવનમાં જ્ઞાન અને સદાચારનો પ્રકાશ પાથરે છે.

શયનગૃહમાં ગાદલા ડનલોપ કે સોફાસેટની સુંવાળી પથારી પર આળોટતી વખતે કે સૂતી વખતે મનમાં ભાવના કરી શકે કે ક્યાં સ્પર્શનેન્દ્રિયની માદક અને મોહક વૃત્તિ પેદા કરતા અને હિંસાજન્ય પદાર્થથી નિર્મિત આ સ્નિગ્ધ અને કોમલ શય્યામાં ક્યાં મારી આસક્તિ...! અને ક્યાં તે ધન્ય મુનિઓ કે જેઓ ભૂમિતળ ઉપર સંથારા ઉપર શયન કરી સમભાવ, આત્મભાવ અને નિર્મમત્વ ધારણ કરે છે, સૂતી વખતે પણ જેમનો અંતરાત્મા જાગ્રત હોય છે અને જયણા આદિના સૂક્ષ્મ ઉપયોગને કારણ કરે છે. શરણ હો મને તે મહામુનિઓનું...!

ફોન, ફિયાટ, ફેન, ફલેટ, ફર્નિચર, ફ્રીઝ, ફેક્સ જેવા અનેક 'ફ'માં ફસાયેલું ક્યાં મારું જીવન ! ટી.વી. સેટ, વિડિયોસેટ, રેડિયોસેટ, કપ-રકાબી સેટ, સોફાસેટ, પેન સેટ વગેરે અનેક સેટોના ખડકલા વચ્ચે પણ

અપસેટ રહેતું ક્યાં મારું જીવન ! ડાયમંડ, ગોલ્ડ કે સિલ્વરની અનેક ચમકીલી ચીજો વચ્ચે પણ અપ્રસન્ન અને ખિન્ન ચહેરો ધરાવતું ક્યાં મારું જીવન...! અને... કોઈ ભૌતિક સાધનો કે સુવિધાઓ વગર પણ પ્રસન્નતાસભર તથા મસ્તીસભર ક્યાં તે મહાત્માઓનું જીવન ! ક્યાંય મારી સાથે તેનો મેળ ખાઈ શકે તેમ નથી.

ટી.વી., વિડિયો તથા ફિલ્મના આક્રમણથી તથા તેના અશ્લિલતાસભર દૃશ્યોથી મારા જીવનના સત્ત્વને, મારા તન-મન-અંતરને ખલાસ કરીને હાથે કરીને જીવનની ચાદરને ખરાબ કરનાર ક્યાં મારું નિમ્ન વ્યક્તિત્વ...! અને ક્યાં આરાધના, ઉપાસના, સ્વાધ્યાય, ધ્યાન અને પ્રભુભક્તિમાં મસ્ત તે મહાપુરુષોનું ઉચ્ચ વ્યક્તિત્વ !

જિંદગીભર હજારો લાખો, કરોડો રૂપિયાના પ્લાન અને ઈન્વેસ્ટમેન્ટના ચક્કરમાં, શેરબજાર તથા કંપનીઓના લોભામણાં ધંધામાં, મોટા બિઝનેસોની મહત્વાકાંક્ષામાં અને તે માટે દુકાનો, વ્યાપાર બજારો તથા ફેક્ટરીઓની નવી નવી ખેવનામાં ક્યાં મારી હ્વાદ્વાન્નીજજ ષ્ઠફિ (બ્રેક વગરની કાર) જેવી પાપમાર્ગે દોડતી જીવન ગાડી ! જેમાં નકરી ધનમૂર્ચ્છા, રૌદ્રધ્યાન, આર્તધ્યાન અનેક પાપ-આરંભો, સમારંભો, અસંખ્ય અનંત નિર્દોષ સૂક્ષ્મ જીવોનો સંહાર અને કેટલા જૂઠ, પ્રપંચ અને કાવાદાવા સભર વ્યાપાર પદ્ધતિ...! હાય ! ધનમૂર્ચ્છામાં ગળાડૂબ ડૂબેલા મારું ભવિષ્યમાં શું થશે ? અને મને યાદ આવે છે તે વ્રતધર, ચારિત્ર-શીલવંત મહાત્માઓ કે જેમને જિંદગીભર અર્થ-ઉપાર્જન માટે એક પણ પાપ કરવું પડતું નથી, એક પણ પાઈ રાખ્યા વગર જેમનું જીવન આરામથી અને મસ્તીથી ચાલે છે...! વર્તમાનકાળમાં પૈસા, પદ કે પ્રતિષ્ઠાનું પ્રલોભન બેસૂમાર વધતું જાય છે ત્યારે તે બધાથી નિર્લિપ્ત બની સ્વના ઊંડાણમાં ડૂબી જનારા તે મહાત્માઓ વાસ્તવમાં પ્રશંસનીય છે. આજે પૈસાના પાપે માણસ ક્યાં સુધીની નિમ્ન પાયરીમાં પહોંચી જાય છે...! કેવા કેવા અધમ અને અધમાધમ કામો કરે છે, કઈ ખૂન, હત્યાઓ, ડકૈતી, ચોરી, કોર્ટના કેસો, ઝઘડાઓ એ ધનમૂર્ચ્છા દ્વારા ઉત્પન્ન રૌદ્રધ્યાનના સંક્લિષ્ટ પરિણામોની નીપજ છે. પૈસાના પરિબળે માણસ ભૌતિક વિકાસની ટોચે પહોંચીને દુનિયાને પણ

કહેવા માંગે છે કે ‘We are also something’. ‘અમે પણ કંઈક છીએ.’ આ અહંકાર ભાવને પુષ્ટ કરતો રહે છે, તે મગજમાં પૈસાની એક અનોખી રાઈ લઈને ફરતો હોય છે...! ધન્ય છે તે નિગ્રન્થ મહાત્માઓને કે આવા કાળમાં પણ તેઓ અર્થ-આસક્તિથી રહિત, અલિપ્ત અંતઃકરણ, પ્રશાંત અને ગંભીર આશય, સાવદ્ય પાપથી રહિત, પંચવિધ આચારમાં પ્રવીણ, પરોપકારમાં પ્રગતિશીલ, ધ્યાન અને અધ્યયનની સરિતામાં નિમગ્ન, આવા પ્રકારના અનેક ગુણગુણથી વિભૂષિત બની જગતને પણ શોભાયમાન બનાવે છે.

પૂર્વકાળમાં થઈ ગયેલા શાલિભદ્ર, સ્થૂલભદ્ર, ધન્ના અણગાર, સિંહ અણગાર, ઢંઢણ ઋષિ, ખંધક મુનિ, ખંધક સૂરિના ૫૦૦ શિષ્યો, અઈમુત્તા મુનિ આદિ અસંખ્ય-અનંત મહામુનિઓ તથા વર્તમાનમાં પણ યથાશક્ય નિર્દોષ સંયમ જીવન યાપન કરનારા મુનિવરો જગતને વંદનીય અને અનુમોદનીય છે. હું તેમની ચરણરજ સમાન બની ભાવપૂર્વક તેઓનું ઋણ સ્વીકાર કરું છું.

હું આશા કરું છું કે મારા જીવનમાં પણ તે ધન્ય અવસર, તે ધન્ય દિવસ, તે ધન્ય પ્રસંગ, તે ધન્ય પળ ક્યારે આવશે, જ્યારે હું પણ સર્વ સંગના કોચલાથી વિમુક્ત બની, સંસારના દ્વંદ-પ્રતિદ્વંદથી વિરામ પામી, માયા-મમત્વના બંધન જાળથી નિર્મુક્ત બની શ્વેત વસ્ત્રના પરિધાનમાં સાધુ-જીવનના ઉજ્જવળ ગુણોથી પવિત્ર અને સુશોભિત બનીશ...!

‘ઊઠ જાગ મુસાફિર ભોર ભયો, અબ દેર કહાં સો સોવત હૈ
જો જાગત હૈ સો પાવત હૈ, જો સોવત હૈ સો ખોવત હૈ’

# 1 પ્રભાવથી ખસ... સ્વભાવમાં વસ



**જ્યાં પ્રભાવ (Impression) વધારવાની મહેનત હોય તે સંસાર**
**જ્યાં સ્વભાવ (Nature) સુધારવાની મહેનત હોય તે સંયમ**

આજના માનવીને પ્રભાવ વધારવામાં જેટલો રસ છે, તેટલો સ્વભાવ સુધારવામાં નથી. પરંતુ ઓ માનવ ! એક વાત હંમેશા યાદ રાખજે કે જીવનનું સાચું મૂલ્યાંકન ફોટોના આધારે નહીં પણ X-ray ના આધારે છે.

તનનું બાહ્ય સૌંદર્ય બતાવે તે Photo,

તનનું આંતરિક સૌંદર્ય બતાવે તે X-ray

તેમ

જીવનનું બાહ્ય સૌંદર્ય બતાવે તે પ્રભાવ

જીવનનું આંતરિક સૌંદર્ય બતાવે તે સ્વભાવ

એકવાર Photo સારો નહિ આવે તો ચાલશે પણ X-ray તો સારો જ જોઈએ તેમ જીવનમાં એકવાર પ્રભાવ વધારવામાં સફળ નહિં થઈએ તો ચાલશે પણ સ્વભાવ તો સુધારવો જ જોઈએ. કારણ કે...

સામગ્રી ભલે ઓછી હોય પણ સ્વભાવ મસ્ત હોય
**તો જીવનમાં સ્વર્ગ છે.**

સામગ્રી ભલે આકર્ષક હોય પણ સ્વભાવ સડેલો હોય
**તો જીવનમાં નરક છે.**

આપણે જેટલી મહેનત પ્રભાવ વધારવામાં કરીએ છીએ એટલી

સ્વભાવ સુધારવામાં કરીએ તો આપણો દુર્લભ માનવભવ સફળ થઈ જાય.

**પ્રભાવથી ખસ...**

**સ્વભાવમાં વસ...**

આટલું થાય તો બસ...

સંસારમાં સમસ્યા છે... સમાધાન નથી... આજે માનવી પાસે સુંદર સજાવેલા ડનલોપના બેડરૂમ છે પણ ઉંઘ નથી. ૩૨ મિઠાઈ, ૩૩ ફરસાણો હાજર છે, પણ ભૂખ નથી. આજે માનવી પાસે અપ ટુ ડેટ ફ્લેટ છે. T.V. Set છે, સોફાસેટ છે, પણ પોતે અપસેટ છે પોતે જ્યારે અશાંત બની ગયો છે. ત્યારે પ્રભુ મહાવીરના ચીંધ્યા રાહે જવું એ જ સર્વશ્રેષ્ઠ ઉપાય છે.

જ્યાં જીવવાનું થોડું અને જરૂરિયાતનો પાર નહિ તે સંસાર,
જ્યાં જીવવાનું ઘણું અને જરૂરિયાતનું નામ નહિ તે સંયમ.

# એકલો આવ્યો ને મનવા ! એકલો જવાનો

2



**મારી પાસે શું છે એનો વિચાર કરે તે સંસાર**
**મારી સાથે શું છે એનો વિચાર કરે તે સંયમ**

મારી પાસે શું છે ? આકર્ષક B.M.W. Car ? મસ્ત ફર્નિચરવાળો બંગલો ? કરોડોનું Bank Balance ? ધમધોકાર ધંધો ? Appleનો Mobile ? આવો વિચાર કરે તે સંસાર.

પણ

મારા મર્યા પછી શું ? મારી સાથે શું આવશે ? કરોડોની સંપત્તિ ? સગાવહાલા ? મિત્રો ? ધંધો ? મોબાઈલ ?

દોસ્તો ! જીવનના ત્રણ કડવા સત્યો હંમેશા યાદ રાખજો.

**(૧) કરોડો-અબજોની સંપત્તિથી પણ તમે એક શ્વાસ ખરીદી શકશો નહિ.**

માણસ જન્મે છે ત્યારે તેના શરીર ઉપર જે સૌથી પહેલું વસ્ત્ર પહેરાવવામાં આવે છે તેનું નામ છે ઝભલું. જેમાં એક પણ ખીસ્સું હોતું નથી.

માણસ મરે છે ત્યારે તેના શરીર ઉપર જે સૌથી છેલ્લું વસ્ત્ર પહેરાવવામાં આવે છે તેનું નામ છે કફન. એમાં ય એક પણ ખીસ્સું હોતું નથી.

છતાં ય માનવી આખી જિંદગી ખિસ્સા ભરવા મહેનત કરી રહ્યો છે. છે ને આશ્ચર્ય !

**(૨) દુનિયાનો સૌથી Best Doctor પણ તમને મોતથી બચાવી શકશે નહિ.**

આજનો માનવી ખાય છે એવી રીતે કે જાણે બીજો ટંક આવવાનો જ નથી અને જીવે છે એવી રીતે કે જાણે કોઈ દિવસ મરવાનો જ નથી.

સ્મશાન ગામની બહાર નહિ પણ બજારમાં હોવું જોઈએ, જેથી હાલતા-ચાલતા સ્મશાનને જોઈને યાદ આવે કે મારે પણ એક દિવસ મરવાનું છે.

**"એકલો આવ્યો ને મનવા ! એકલો જવાનો.**
**અહીં કોઈ કોઈનું નથી. કશું નથી તારું"**

આંખ બંધ થતા પહેલા એકવાર આંખ ઉઘડી જાય તો ય કલ્યાણ થઈ જાય.

**(૩) પરલોકમાં એક ફુટી કોડી પણ તમે સાથે લઈ જઈ શકશો નહિ.**

**"બાંધી મુઠ્ઠી લઈ અવતર્યો, જાતાં ખાલી હાથ**
**જીવડાં જો ને તું જગતમાં, કંઈ ન આવે તુજ સાથ"**

ધીરુ અંબાણી પણ બધું અહીં જ મૂકીને ગયો છે. એક પૈસો ય સાથે લઈ ગયો નથી. આપણી આંખ સામે બનેલી આ ઘટનામાંથી કંઈક બોધપાઠ લઈએ.

જીવનના આ ત્રણ કટુ સત્યોને આપણે

સમજીએ...

સ્વીકારીએ...

અને આપણું જીવન સુધારીએ...

તૂટનારું તૂટે, ફૂટનારું ફૂટે, ખૂટનારું ખૂટે, એમાં તું કેમ માથા કૂટે...

# ચર્મચક્ષુ બંધ થતાં પહેલાં આંતરચક્ષુ ઉઘાડો

3



**માત્ર ચર્મચક્ષુ જ ખૂલે એનું નામ સંસાર**
**સાથે આંતરચક્ષુ પણ ખૂલે એનું નામ સંયમ**

આ સંસારમાં આવતીકાલ પહેલા આવશે કે આવતો ભવ પહેલા આવશે એની કોઈ જ Gurantee નથી. આ સંસારમાં ક્યારે શું થશે....? એ કંઈ જ કહી શકાતું નથી.

રાતના માણસ સૂઈ જાય છે ને સવારે ઊઠતો જ નથી.

Bankમાં કરોડોની સંપત્તિ છે પણ તેને લકવો લાગી ગયો.

બાળકનો જન્મ થતાં ઘરમાં ખુશાલી છે પણ બાળક અંધ જન્મ્યો. તમારી આસપાસના વાતાવરણનું Observation કરો તો ય તમારા અનાદિ કાળથી બિડાયેલા આંતરચક્ષુ ઉઘડી જાય. કોઈને શરીરમાં Cancer છે તો કોઈને ધંધામાં નુકસાની છે. કોઈની દીકરી ભાગી ગઈ છે તો કોઈનો દીકરો નપાવટ છે. કોઈની પત્ની કજિયાખોર છે તો કોઈની સાસુ માથાભારે છે.

સંસારમાં સુખ છે શું ?

પારકું તો પારકું જ છે. પણ જેને તમે પોતાનું માનો છો એ પણ તમારું પોતાનું નથી.

મૃત્યુ થશે ત્યારે...

પૈસા Bankમાં જ રહેશે.

ગાડી ગૅરેજમાં જ રહેશે.

પત્ની શેરી સુધી જ આવશે.

સ્વજનો સ્મશાન સુધી જ આવશે.

શરીર ચિતા સુધી જ આવશે.

પરલોકમાં સાથે શું આવશે ?

માત્ર પોતે કરેલા પુણ્ય અને પાપ

આ સંસારમાં કોઈ કોઈનું થયું નથી ને

કોઈ કોઈનું થવાનું નથી.

એટલે જ તો વીરવિજયજી મ.સા.એ કહ્યું છે કે -

**''કોના છોરું ને કોના વાછરું રે, કોના માંય ને બાપ,**
**અંતકાળે જાવું જીવને એકલા, સાથે પુણ્ય ને પાપ''**

આજ સુધી આપણે કેટલાંય ને સ્મશાને વળાવીને આવ્યા. પરલોકમાં કોઈ એની સાથે ગયું નથી. આ બધું આંખ સામે પ્રત્યક્ષ દેખાવા છતાં દૃષ્ટિ ઉઘડતી કેમ નથી ?

માત્ર ચર્મચક્ષુ ખૂલવાથી નહિ ચાલે. સાથે આંતરચક્ષુ પણ ખૂલવા જોઈએ. કારણ કે ચર્મચક્ષુ તો ગધેડાના ય ખૂલી જાય છે. એ ખૂલી ગયા પછી ય ગધેડો તો ગધેડો જ રહે છે. જ્યારે આંતરચક્ષુ ખૂલી ગયા પછી...

શેતાન ઈન્સાન બને છે.

ઈન્સાન ભગવાન બને છે.

જૂના કપડામાંથી વાસણ ખરીદતો માણસ...

ફાટેલા દૂધમાંથી માવો બનાવતો માણસ....

પસ્તીમાંથી પૈસા મેળવતો માણસ....

અમૂલ્ય માનવજીવન કચરાના ભાવમાં વેડફી રહ્યો છે

છે ને આશ્ચર્ય !

હે પ્રભુ !

આ ચર્મચક્ષુ તો રોજ ખૂલે જ છે,

તું મને એવી દિવ્યદષ્ટિ દે કે

મારા આંતરચક્ષુ ખૂલી જાય...

આ ચર્મચક્ષુ કાયમ માટે બંધ થાય તે પહેલા...

એકવાર આંતરચક્ષુ ઊઘડી જાય એટલી કૃપા કરજે...

| | |
|---|---|
| Hotel અને Picture માં કાઢી જિંદગીની અડધી | Night |
| પછી કયાંથી પ્રગટે વૈરાગ્યની | Light |
| ગુરુદેવે તો સ્વીકાર્યું છે સંયમ | Delight |
| દરરોજ વરસાવશે જ્ઞાનની | Sunlight |
| અજ્ઞાન, મોહ, રાગ-દ્વેષ નહિ રહે | Sligh |
| જેથી જલ્દી મેળવશો મોક્ષની | Flight |

# 4 માનવજીવનનો એક જ સાર : સંયમ વિના નહિ ઉદ્ધાર



**ભૌતિક સુખોમાં ભમવું તેનું નામ સંસાર**
**આત્મિક સુખોમાં રમવું તેનું નામ સંયમ**

એક Simple ગણિત છે કે જે વસ્તુ જયાં ન હોય ત્યાંથી ક્યારેય ન મળે. જે વસ્તુ જયાં હોય ત્યાંથી જ મળે.

પાણીમાં હજારો વર્ષો સુધી વલોણા કરવામાં આવે તો ય તેમાંથી માખણ ન મળે. કારણ કે માખણ તેમાં છે જ નહિ. માખણ તો દહીં વલોવવાથી મળે.

રેતીને કરોડો વર્ષો સુધી પીલવામાં આવે તોય તેમાંથી એક ટીપું પણ તેલ નીકળે નહિ. કારણ કે તેલ તેમાં છે જ નહિ. તેલ તો તલ, શીંગ, કોપરું, બદામમાંથી મળે.

તેમ

સંસારમાં ગમે તેટલા ફાંફા મારવામાં આવે તોય તે સંસારમાંથી સુખ મળે જ નહિ. કારણ કે સંસારમાં સુખ છે જ નહિ, સુખ તો આત્મામાંથી મળે.

કસ્તુરી મૃગ કસ્તુરીની સુગંધથી આકર્ષાઈ જિંદગીભર કસ્તૂરી મેળવવા દોડે... થાકે... મરે... છતાં ય એને ખબર ન પડે કે જે કસ્તૂરી મેળવવા હું બહાર આટલા ધમપછાડા કરું છું એ કસ્તૂરી બીજે ક્યાંય નહિ પણ મારી નાભિમાં જ છે.

એકવાર હૃદય પર હાથ મૂકી વિચારી લેજો કે આપણી હાલત પણ

ક્યાંક આ કસ્તૂરી મૃગ જેવી તો નથી ને ?

હડકાયા કૂતરાની જેમ આપણે સતત દિવસ-રાત ભૌતિક સુખો મેળવવા દોડી રહ્યા છીએ. ભૌતિક સુખો પાછળની આંધળી દોટમાં નથી આપણને ભગવાન પાસે જવાનો સમય મળ્યો કે નથી આપણને સદ્‌ગુરુ પાસે બેસવાનો સમય મળ્યો.

એકવાર એક જગ્યાએ શાંતિથી બેસી માત્ર આટલું વિચારજો કે...

શું સંપત્તિ પાછળની આંધળી દોટમાં મેં સંતોષનો આનંદ ક્યારેય અનુભવ્યો છે ખરો ?

શું સત્તા મેળવવાની લાલચમાં મેં ક્યારેય સ્થિરતાની મસ્તી અનુભવી છે ખરી ?

શું સફળતા મેળવવાની લ્હાયમાં મેં ક્યારેય સંયમની મોજ માણી છે ખરી ?

દિવસ-રાત ભૌતિક સુખો પાછળ દોડ્યાં પછી પણ આપણને મળે છે શું ...?

Tension & depression...

હતાશા અને નિરાશા...

અપમાન અને અશાંતિ...

કટુ અનુભવ થયા પછી પણ શું આપણે એ રસ્તેથી પાછા ફરવા તૈયાર છીએ ખરાં ?

ગાડી ખોટા રસ્તે દોડી રહી છે એ ખ્યાલ આવતા જ આપણે આગળ નથી વધતાં પણ U-turn લઈ સાચા રસ્તે આવીએ છીએ.

તેમ

આપણું જીવન સંસારના ખોટા રસ્તે દોડી રહ્યું છે એ ખ્યાલ આવતાં જ શું આપણે U-turn લઈ સંયમના સાચા રસ્તે જવા તૈયાર છીએ ખરાં ?

**'માનવ જીવનનો એક જ સાર,**
**સંયમ વિના નહિ ઉદ્ધાર'**

આ ઉક્તિને સાર્થક કરવા આપણે તૈયાર છીએ ખરાં ?

હે પ્રભુ !

તું મને એટલું સત્ત્વ આપ કે...

હું ખોટા રસ્તેથી પાછળ ખસું...

સાચા રસ્તે આગળ વધું...

મારા જીવનને સફળ કરું...

આજે માનવ પાસે Dinner Set, Diomand Set, Sofa Set, Tea-Set, T.V. Set છે પણ તેનું Mind Upset છે. કારણ કે જે ચાવીથી તાળું ખોલવાનું હતું. તેનાથી તાળું બંધ કરી બેઠા છીએ. એટલે કે જે મનથી ભગવાન બનવાનું હતું તે મનથી શેતાન બની બેઠા છીએ.

# 5 માલિક બનીને નહિ મહેમાન બનીને જીવીએ



**માલિક બનીને જીવવું તેનું નામ સંસાર**
**મહેમાન બનીને જીવવું તેનું નામ સંયમ**

આ દુનિયામાં ઘણા લોકો એવા છે જે પોતાને બે મકાન, ચાર દુકાન, છ ફેક્ટરીના માલિક માનતા હશે. પણ આ એક ભ્રમણા છે. વાસ્તવિકતા એ છે કે આમાંનું કશું ય તારું નથી...!

બે વાતોને ધ્યાનથી સમજશો તો તમારી માલિક તરીકેની ભ્રમણા તૂટી જશે અને મહેમાન તરીકેની વાસ્તવિકતા પ્રગટ થશે.

**“મારું મારું મ કર જીવ તું, તાહરું જગમાં નહિ કોય**
**આપ સ્વારથ સહુ મળ્યા રે, હૃદય વિચારીને જોય”**

**(૧) આ સંસારમાં મારું કોઈ નથી.** મિત્રો ! આ સંસારમાં તમે જેને મારું માનીને જીવો છો એ ખરેખર તમારું છે જ નહિ.

આ આખો સંસાર સ્વાર્થથી ભરેલો છે. કોઈને આપણી જરૂર હશે તો તે આપણી પાછળ પાછળ ફરશે અને જેવો તેનો સ્વાર્થ પૂરો થશે કે તે આપણી સામું ય નહિ જુએ.

જ્યારે આપણી પાસે ધન-દોલત હશે તો આપણે જ્યાં જઈશું ત્યાં આપણને આવકારો મળશે. પરાણે જમાડીને જ મોકલશે અને છેક નાકે સુધી મૂકવા આવશે. નસીબનું પાનું ફરતાં પરિસ્થિતિ જ્યારે પલટો ખાશે. ધંધામાં નુકસાની જતાં પૈસા ડૂબી જશે અને મદદ લેવા એના જ ઘરે જઈશું તો એ આપણને એના ઘરમાં ય નહિ આવવા દે. આપણું અપમાન કરી

આપણને ત્યાંથી કાઢી મૂકશે.

પહેલા લોકો આપણું ધ્યાન ન હોય ને, તો ય સામે ચાલીને આપણને બોલાવતા અને આજે નસીબ સાથ છોડતાં આપણે લોકો પાસે સામે ચડીને જઈએ તોય મોંઢું ફેરવી લે છે.

એટલે જ તો જ્ઞાનીપુરુષોએ ગાયું છે -

**'જગત હૈ સ્વાર્થ કા સાથી, સમજ લે કૌન હૈ અપના**
**કરે તું ક્યું મેરા મેરા, જગત સબ જૂઠ સપના હૈ'**

આ જગતમાં બધાં જ સ્વાર્થના સાથી છે. માત્ર પ્રભુ જ એક સાચો સંગાથી છે. માટે પ્રભુને આપણા જીવન-રથના સારથિ બનાવીએ.

જ્યાં સંસારમાં સગો દિકરોય લગ્ન પછી દગો કરે છે તો બીજાની શું વાત કરવી ?

**(૨) આ સંસારમાં મારું કશું નથી.**

આ સંસારમાં મારું કરીને માનવા જેવું છે શું ?

આ દુનિયામાં ઘમંડ કરવા જેવું છે શું ?

**'ખજાના માલ ને મિલકત, તું ક્યું કહેતા મેરા મેરા,**
**ઈહાં સબ છોડ જાના હૈ, ન આવે સાથ કુછ તેરા'**

જે સંપત્તિનો આપણને રૂઆબ છે એ બધું જ અહીં છોડીને જવાનું છે. ભેગું કરેલું કશું જ સાથે નહિ આવે પણ એ ભેગું કરવા આપણે જે પાપો ભેગા કર્યા હશે એ તો સાથે જ આવશે.

આપણે મેળવેલી સંપત્તિનો ભાગ પડાવનારા ઘણા મળશે પણ એ સંપત્તિ મેળવવા ભેગા કરેલા પાપનો ભાગ પડાવનાર કોઈ નહિ મળે.

**'મુલ્કો કે માલિક થે, સેનાઓ કે સેનાપતિ થે,**
**સિકંદર જબ ચલે ગયે, તબ દોનો હાથ ખાલી થે'**

આખા વિશ્વ પર વિજય મેળવવાવાળો સમ્રાટ સિકંદર પણ જયારે આ દુનિયા છોડી ગયો ત્યારે ખાલી હાથે જ ગયો છે આપણે પણ એક

દિવસ ખાલી હાથે જ જવાનું છે.

આ દુનિયામાં જન્મ લીધો ત્યારે સાથે કશું ય લાવ્યા નહોતા અને આ દુનિયામાંથી વિદાય થઈશું ત્યારે ય કશું લઈને જવાના નથી. મહેમાન બનીને આવ્યા છીએ છતાં આપણે જ માલિક છીએ એવા ખોટા ભ્રમમાં ફરીએ છીએ.

સંયમીઓના મુખ પર પ્રસન્નતા ઝળહળે છે. કારણ કે તેઓ મહેમાન બનીને જીવે છે. આપણે પણ મુનિજીવનની પ્રસન્નતાને પામવા

**માલિકપણાનો ભ્રમ તોડીએ**

**મહેમાન બનીને જીવીએ**

મુક્તિપુરીમાં પહોંચીએ...

માતા-પિતાનું નામ દીપાવીએ...

માનવભવ અજવાળીએ...

**સદ્‌ગુરુનો સંગ થાય તો વ્યકિત...**

દુર્જનમાંથી ય સજ્જન...
દુરાચારીમાંથી ય સદાચારી...
ખૂનીમાંથી ય મુનિ...
ડાકુ મટીને ય દયાળુ...
શેતાનમાંથી ય સંત બની જાય છે.



# વિષાદમાં નહિ વિરાગમાં જીવીએ

6

**વિષાદમાં જીવવું તે સંસાર**
**વિરાગમાં જીવવું તે સંયમ**

કોઈ પણ સંસારી જીવોને જુઓ. એના મુખ ઉપરનું તેજ ગાયબ હશે. દિવેલ પીધેલા જેવું મોંઢું લઈને ફરતો હશે. જ્યારે પ્રત્યેક સંયમીના મુખ ઉપર અદમ્ય ઉત્સાહ અને તેજ ચમકતું હોય છે. આવું કેમ ?

કારણ કે સંસારીઓ મનમાં વિષાદ ભરીને બેઠાં હોય છે જ્યારે સંયમીઓના મનમાં વિરાગનો દીવડો ઝળહળતો હોય છે.

આપણી નજર સમક્ષ દેખાતા ૩ દશ્યોને યાદ કરશો તો અવશ્ય વિરાગની મસ્તી અનુભવવા મળશે.

**(૧) જેના માતા-પિતા મૃત્યુ પામ્યા છે તે અસહાય નિર્દોષ બાળક.**

શું એ બાળકને માતાના હાથે ભોજન કરવાનું મન નહિ થતું હોય ?

શું એને માતાના ખોળામાં સૂવાનું મન નહિ થતું હોય ?

શું એને માતાના વાત્સલ્યમાં સ્નાન કરવાનું મન નહિ થતું હોય ?

શું એને પોતાના પિતા પાસેથી રમકડાંની - નવા નવા કપડાંની ઈચ્છા નહિ હોય ?

મારા પપ્પા મને મેળામાં ફરવા લઇ જાય એવું મન એને નહિ થતું હોય ?

માતા-પિતાની સૌથી વધુ જરૂરત જે ઉંમરમાં હોય છે ત્યારે તે

કમનસીબ બાળકના આંખમાં અશ્રુ સિવાય કશું નથી. એ ભગવાનને ફરિયાદ કરતો હશે કે હે પ્રભુ ! મેં એવા કેવાં પાપો કર્યાં કે તે મારું સર્વસ્વ લૂંટી લીધું....

શું આવા બાળકોને જોઈ તમારો અંતરાત્મા જાગતો નથી ? હજું ય સૂતો છે.

માત્ર એટલું વિચારો કે પ્રભુ મારો જન્મ આ દશામાં થયો હોત તો હું શું કરત ?

**(૨) લગ્ન થયાં તે હજુ બે જ મહિના થયા છે અને જેનો પતિ મૃત્યુ પામ્યો છે તે અબળા સ્ત્રી.**

જેના ભરોસે પોતે પોતાનો પરિવાર માતા-પિતા-ભાઈ-બહેન બધું જ છોડી દીધું એ જ પોતાને છોડી જાય ત્યારે કેવો આઘાત લાગે ?

જે દિવસોમાં હરવા-ફરવા-મોજ મજા કરવાના સપનાં જોયાં હતાં એ દિવસોમાં પારકાનાં ઘરના કામ કરવાના દિવસો આવતાં શું થતું હશે ?

રહેવાના-ખાવાના ય જ્યાં ફાંફા મારવા પડતાં હોય એવા દૃશ્યો જોઈને ય જો વૈરાગ્ય જાગતો ન હોય તો એકવાર Check કરવા જેવું ખરું કે...

શું આપણે ખરેખર માણસ જ છીએ ને ...? મડદાં તો નથી ને ?

**(૩) માતા-પિતા વૃદ્ધ થતાં જેનો લાકડીના ટેકા સમાન જુવાનજોધ દિકરો અલવિદા થયો છે તે અશક્ત માતા-પિતા.**

આખી જિંદગી તો ઘરના ઢસરડાં કર્યાં હવે જે ઉંમરે આરામ કરવાનો હોય એ દિવસોમાં માતા બિચારી પરસેવેથી રેબઝેબ થઈ ઘરમાં રસોઈ બનાવતી હોય અને પિતા ચાલવામાં ય તકલીફ પડતી હોય ત્યારે લાકડીના ટેકે ટેકે ચાલીને ધંધો કરતાં હોય એ વખતે એમની હાલત શું હશે ?

મોટી ઉંમરે દીકરો મારી સેવા કરશે એ સપનાઓ તો સળગી ગયા. આ ઉંમરે આરામ પણ ન મળતો હોય, શરીર પણ સાથ ન આપતું હોય એ વખતે એમની કેવી દયનીય સ્થિતિ હશે ?

આવા દૃશ્યો જોઈને તો ભલભલા પથ્થરહૃદય પણ પીગળી જાય. શું આપણું હૃદય પીગળ્યું છે ખરું ?

લખી રાખો હૃદયની તક્તિ પર -

સંયમ જ સાચું છું - સારું છે - મારું છે - પ્યારું છે...

**સંયમ એટલે...**

વિકારથી વિરાગ તરફ...

વાંધાથી સાંધા તરફ...

વહેમથી પ્રેમ તરફ...

પાપથી પશ્ચાતાપ તરફ...

વિકૃતિમાંથી પ્રકૃતિ તરફ...

વકીલાતથી કબૂલાત તરફ...

વિસર્જનમાંથી સર્જન તરફ...

પાવન પ્રયાણ...

*'સંયમ જંગ સંસાર ભંગ કરાવે,*
*સંસાર જંગ સંયમ ભંગ કરાવે.'*

7

# સહન કરો સામનો નહિ



**સામનો કરે તે... સંસારી**
**સહન કરે તે... સંયમી**

આપણને આપણી અપેક્ષા કરતાં કંઈક ઓછું મળે.... પ્રતિકૂળ મળે... ન ગમે તેવું જોવા કે સાંભળવા મળે... એટલે તરત જ આપણે એનો સામનો કરીએ.

જ્યારે પંચમહાવ્રતધારી શ્રમણ-શ્રમણી ભગવંતો આ જ પ્રતિકૂળતાને પ્રસન્નતાથી વધાવી લે છે. હસતે મુખે તમામ પીડાઓને સહી લે છે.

ચા ઠંડી મળે તો આપણું માથું ગરમ થઇ જાય છે. જ્યારે આ શ્રમણ-શ્રમણી ભગવંતોને વૈશાખ મહિનાના... ઉનાળાના ધોમધખતાં તાપમાં લાંબા વિહારો કર્યા પછી ઉકાળેલું પાણી ગરમાગરમ મળે તો એ ગરમાગરમ પાણી વાપરતાં ય એમનું માથું ઠંડુ હોય છે.

આપણે બે-ચાર કલાક બજારમાં ફર્યા પછી ઘરે આવીએ, બહુ ગરમી લાગતા A.C. કે Fan ચાલુ કરીએ, એ વખતે જો Light જાય... તો આપણો બધો ઉકળાટ... બફારો... વરાળ... બહાર નીકળે છે.

જ્યારે લાંબા વિહારો કરી પરસેવે રેબઝેબ થયેલા શ્રમણ-શ્રમણી ભગવંતો ઉપાશ્રયમાં આવે... ઓછી બારીવાળો ઉપાશ્રય હોય... કે ઊંચી બારીવાળો ઉપાશ્રય હોય... ચારેય દિશાની હવા block થઇ ગઈ હોય... એ વખતે પણ જેમની ભીતરમાંથી ઠંડક બહાર નીકળે... એમની અંદર રહેલા ચળકાટનો અનુભવ થાય... એ છે વિશ્વની સૌથી શ્રેષ્ઠ અજાયબી સમા મારા શ્રમણ-શ્રમણી ભગવંતો...

આપણને દાળમાં મીઠું ઓછું લાગે તો આપણે ય મીઠા જેવા ખારા થઈ જઈએ છીએ. જ્યારે આ શ્રમણ-શ્રમણી ભગવંતો... દાળમાં મીઠું ઓછું હોય કે double હોય કે મીઠું જ ન હોય... તો પણ જેઓ સદા સાકર જેવા મીઠા જ રહે છે એ છે મારા પંચમહાવ્રતધારી શ્રમણ-શ્રમણી ભગવંતો...

દૂધમાં સાકર ઓછી હોય તો આપણી જીભ ઉપર કારેલાની કડવાશ આવી જાય છે. જ્યારે ગોચરી વહોરવા ગયેલા મુનિવરને ગોચરી વહોરાવતા કોઈ ભાઈ કે બહેન ઉતાવળમાં મીઠાના ડબ્બાને સાકરનો ડબ્બો સમજી એમાંથી ૨-૩ ચમચી મીઠું દૂધમાં વહોરાવી દે ત્યારે એ મીઠાવાળું ખારું દૂધ વાપરતાં પણ જેમના મુખ પર સદા ગુલાબ જેવી પ્રસન્નતા હોય એ છે મારા શ્રમણ અને શ્રમણી ભગવંતો.

આજે આંખ બંધ કરી એ શ્રમણ-શ્રમણી ભગવંતોને બે હાથ જોડી વિનંતી કરીએ છીએ કે...

આપના જેવું સંયમ અમને ક્યારે મળશે ?

આપના જેવી પ્રસન્નતા અમને ક્યારે મળશે ?

આપના જેવી સમતા અમને ક્યારે મળશે ?

સાંભળ્યું છે કે પ્રભુ મહાવીરના શ્રમણ-શ્રમણી ભગવંતો બહુ ઉદાર હૃદયના સ્વામી હોય છે. જો ખરેખર આ વાક્ય સાચું હોય તો આપ અમને સંયમના સુખમાં ભાગીદાર કેમ નથી બનાવતાં ?

આપ અમારો હાથ પકડો...

અમને ભવથી ઉગારો...

અમને સંયમ આપો...

સંયમ આપો...

સંયમ આપો...



# 8 રસ મોક્ષમાં કે મેચમાં ?



**મૅચમાં રસ હોય તે સંસારી**
**મોક્ષમાં રસ હોય તે સંયમી**

૧૩૦ કરોડની વસતી ધરાવતા આ દેશમાંથી જે યુવાનનું Selection, International Cricketમાં થાય ત્યારે એના મનમાં જેટલો આનંદ હોય તેના કરતાં અનેકગણો આનંદ આપણને હોવો જોઈએ. કારણ કે અનંતા કરોડની વસતી ધરાવતા ૧૪ રાજલોકના જીવોમાંથી આપણું Selection મનુષ્યભવમાં થયું છે.

અનંતા જીવો જે માનવભવ મેળવવા પડાપડી કરી રહ્યા છે. અરે ! દેવતાઓ... ઇંદ્ર મહારાજાઓ પણ જે માનવ ભવ મેળવવા તડપી રહ્યા છે એ માનવ ભવ આપણને મળ્યો છે.

International Cricketમાં Selection થાય ત્યારે યુવકના મનમાં સતત એક જ વિચાર હોય છે કે જે કાર્ય માટે મને Select કરવામાં આવ્યો છે તેને હું યોગ્ય ન્યાય આપું. સૌથી Best Performance કરી એક ઉજ્જ્વળ કારકીર્દિની શરૂઆત કરું.

આ જ ભાવના આપણા મનમાં પણ રમવી જોઈએ કે આ માનવભવમાં સૌથી best સાધના-આરાધના કરી મારા આત્માના ઉત્થાનની ઉજ્જ્વળ શરૂઆત કરું. એના માટે જેટલી મહેનત કરવી પડે તેટલી હું કરીશ. જેટલો પસીનો વહાવવો પડે તેટલો વહાવીશ પણ ઉજ્જ્વળ ભવિષ્યની આ અમૂલ્ય તકને ગુમાવીશ નહિ. કારણ કે આવી તક વારંવાર મળતી નથી.

યુવકને બરાબર ખ્યાલ હોય છે કે મારું Performance કરવામાં હું સહેજ પણ ઊણો ઊતર્યો તો મારી ભવિષ્યની ઉજ્જ્વળ કારકીર્દિ પર પૂર્ણવિરામ મૂકાઈ જશે, તેમ આપણને પણ ખ્યાલ હોવો જોઈએ કે અનંતકાળ પછી બહુ અલ્પકાળ માટે મળેલા આ માનવભવમાં હું મારી સાધના-આરાધનાઓનું Performance કરવામાં સહેજ પણ ટૂંકો પડ્યો તો મારા ઉજ્જ્વળ ભવિષ્ય ઉપર પૂર્ણવિરામ મૂકાઈ જશે.

શું આપણે આપણું Best Performance કરવા તૈયાર છીએ ?

ઉત્સાહી છીએ ?

સાવધાન છીએ ?

જાગ્રત છીએ ?

માનવ જીવનના સાર રૂપ...

આત્માના ઉદ્ધાર સ્વરૂપ...

સંયમ જીવનના ભાવો હૈયામાં વસાવી...

શીઘ્ર રજોહરણ મેળવવા...

તીવ્ર પુરુષાર્થ કરીએ

ચાલો, આજથી જ આપણે આપણું...

Performance સુધારીએ...

Progress વધારીએ અને...

Pure Happiness માણીએ...

## Empty Mind is devil's house

# 9 World Cup જોઈએ કે રજોહરણ ?



**મોહ જેને હરાવે તે સંસારી**
**મોહને જે હરાવે તે સંયમી**

$T^{20}$ World Cupની Final Match હોય... India Vs Pakistanનો મહાજંગ હોય... Indiaને જીતવા માટે Last 1 Overમાં 24 Runs જોઈતા હોય એ વખતે બેટ્સમેને Played રમી Ball Waste ન કરાય પણ દરેક Ball પર ચોક્કા ને છક્કા લગાવાય તો જ Winner બની શકાય.

જો આક્રમક બૅટિંગ કરી Match જીતી ગયા તો World Cup મળશે... વિજયની વરમાળા મળશે... ફુલોના હાર મળશે... પણ જો માયકાંગલી બૅટિંગ કરી Match હારી ગયા તો પથ્થરોનો માર પડશે... ચંપલોની માળા મળશે.... લાખો દેશભક્તોની ગાળો મળશે.

$T^{20}$ World Cupની Final Match જેવી છે મનુષ્યગતિ. $T^{20}$ World Cupની Final Match સુધી પહોંચવા કેટલી મહેનત કરી... કેટલીય હરીફ ટીમોને હરાવી... મેદાનમાં કલાકોના કલાકો પસીના વહાવ્યા... તડકાના તાપ ખાધા... ભૂખ્યા અને તરસ્યાં રહીને પણ રમ્યા ત્યારે Final Match સુધી પહોંચ્યા.

તેમ મનુષ્ય ગતિ પ્રાપ્ત કરવા માટે આપણે કેટલાય કષ્ટો સહ્યાં...

વૃક્ષ બની તડકો પોતે સહન કરી છાયા બીજાને આપી...વનસ્પતિ બની પોતે કપાઈને ય બીજાની ભૂખ શાંત કરી... પાણી બની બીજાની પ્યાસ બુઝાવી ઠંડક આપી... ગધેડા-બળદોના ભવોમાં કેટલાય ભાર ઉપાડ્યાં... બોજા ઉપાડ્યાં... ખાવાનું તો ન મળ્યું ઉપરથી લાકડીનો માર

પડ્યો... આ બધું સહન કરતાં કરતાં... પસીનો વહાવતાં વહાવતાં... આપણે $T^{20}$ World Cupની Final Match જેવી મનુષ્ય ગતિમાં આવ્યા.

Pakistanની જગ્યાએ છે મોહરાજા. જે આપણને અનાદિકાળથી હરાવતો આવ્યો છે. આ વખતે પણ આપણને હરાવવા માંગે છે પણ આ વખતે આપણે એને જબરદસ્ત ટક્કર આપવી છે. Last 1 Overમાં 24 Runs જોઈએ છે જો સત્ત્વ ફોરવ્યું તો મોહરાજાનો પરાજય પાક્કો અને આપણો વિજય પાક્કો.

Ballની જગ્યાએ છે આપણું આયુષ્ય. જેમ Ball ઓછા છે તેમ આપણું આયુષ્ય પણ ઓછું છું. Chase કરવાના Runs વધારે છે તેમ અનંતકાળના એકઠાં કરેલાં કર્મો પણ વધારે છે. એને પહોંચી વળવા આપણું આયુષ્ય ઓછું છે તો પણ હજુ ચિંતા કરવા જેવી નથી કેમ કે છ Ball તો આપણા હાથમાં જ છે.

આ છ Ballમાં 24 Runs કરવા એ મોટો પડકાર છે, તેમ આ અલ્પ આયુષ્યમાં ચારિત્ર મોહનીયને પરાજય આપવો એ પણ બહુ મોટો પડકાર છે. રમતી વખતે બેટ્સમેનનું ધ્યાન પોતાની પ્રશંસા કરતાં પ્રેક્ષકો ઉપર જાય કે લોકોનું મનોરંજન કરી રહેલ cheer girls પર જાય તો Match હારી જવાનું પાક્કું. તેમ મનુષ્યભવમાં આપણું Concentration રજોહરણ ઉપરથી હટી Hotel-Mobil-Picture-વિજાતીય વગેરે મોજ મજાના સાધનો પર જાય તો આપણું પણ હારી જવાનું પાક્કું.

6 Ballમાં 24 Runsના પડકારને પહોંચી વળવા એક જ રસ્તો છે. Concentration પૂર્વક ચોક્કા અને છક્કા લગાવો તો જ આપણો વિજય થાય. 1-2 Run લેવાથી કે Played Played રમવાથી આપણો પરાજય નિશ્ચિત છે તેમ માનવભવમાં વિજય મેળવવા માટે ચોક્કા અને છક્કા સમાન જબરદસ્ત આરાધના અને સાધનાઓ કરવી પડશે. વિગઈઓના... વિજાતીયતા... વિષયના... વાસનાના ત્યાગ કરવા પડશે તો તપ... ત્યાગના ચોક્કા અને છક્કા લગાવવા પડશે તો જ આપણો વિજય થશે અને World Cup મળશે.

આ World Cup એટલે જ રજોહરણ.

ચાલો... આપણે આપણું સઘળું ય સત્ત્વ ફોરવીએ...

ચારિત્ર મોહનીય કર્મને હરાવીએ...

World Cup સમા રજોહરણને મેળવીએ...

રજોહરણને મેળવીએ... રજોહરણને મેળવીએ...

**સંયમ એટલે...**

ધનથી ધર્મ તરફ...

વાસનાથી ઉપાસના તરફ...

ભોગમાંથી યોગ તરફ...

સંપત્તિથી સંતોષ તરફ...

વિલાસથી વૈરાગ્ય તરફ...

દુર્જનતાથી સજ્જનતા તરફ...

ક્રોધથી બોધ તરફ

પાવન પ્રયાણ...

## 10 તાપ જોઈએ કે તપ ?



### સંસારના તાપમાં તપે તે સંસારી
### સંસારને તપથી તપાવે તે સંયમી

વૈશાખ મહિનાના ધોમધખતા તાપમાં માર્ગ ભૂલેલો એક યુવાન રણપ્રદેશમાં પહોંચી ગયો. નીચેથી ધરતી તપે છે તો ઉપરથી સૂર્ય તપે છે... સખત ગરમી પડવાથી ભયંકર તરસ લાગી છે... પાણી ન મળતાં ધરતી પર તરફડિયાં મારી રહ્યો છે... શરીરમાંથી પ્રાણ નીકળવાની તૈયારીઓ છે ત્યારે એક સજ્જન વ્યક્તિ ત્યાંથી પસાર થાય છે. તરફડિયાં મારતાં યુવાનને જોઈ એમની આંખોમાં આંસુ આવી જાય છે. એમનું હૃદય દયાથી ભરાઈ જાય છે. એ પેલા યુવાન તરફ દોડે છે અને યુવાનનું મસ્તક પોતાના ખોળામાં રાખી પોતાની પાસે રહેલું શીતળ જળ પીવડાવે છે. શીતળ જળ પીતાં જ એ ભાનમાં આવે છે. એની આંખોમાં ચમક આવે છે અને એના શરીરમાં જોમ આવે છે.

પેલા સજ્જન વ્યક્તિ એ યુવાનની આપવીતી સાંભળે છે. આપવીતી સાંભળી માથે હાથ મૂકે છે. એની પીઠ થાબડે છે, તેને ઊભો કરી રણપ્રદેશમાંથી બહાર નીકળવાનો સાચો રસ્તો બતાડે છે. અને ભયંકર તાપથી બચવા પોતાની પાસે રહેલી છત્રી આપે છે. પેલો યુવાન... એ સજ્જન વ્યક્તિના વચનોના સહારે... છત્રી દ્વારા તાપથી પોતાનું રક્ષણ કરી... રણપ્રદેશમાંથી બહાર નીકળી સહી સલામત પોતાના ઘરે પહોંચી જાય છે.

જ્યાં સાધના કરતાં સાધનોની બોલબાલા વધુ છે એવો વૈશાખ મહિનાના ધોમધખતા તાપ જેવો છે આ હુંડો અવસર્પિણીકાળ... જ્યાં

સાક્ષાત્ તીર્થંકરો... ગણધરો... કેવળજ્ઞાનીઓ... કે ૧૪ પૂર્વીઓ નથી તેવો રણપ્રદેશ જેવો સૂકો ભઠ્ઠ છે આ પંચમ આરો... સાચો માર્ગ ભટકી ચૂકેલા પેલા રણપ્રદેશમાં... તરફડીઆ મારતા યુવાન જેવા છીએ આપણે....

આપણને જિનવાણીનું જલપાન કરાવી સંસારના આધિ-વ્યાધિ... ઉપાધિના તાપથી રક્ષણ કરવા રજોહરણ રૂપી છત્રી આપનાર પેલા સજ્જન વ્યક્તિ જેવા છે સદ્‌ગુરુ.

શું આપણે સદ્‌ગુરુએ બતાવેલા મોક્ષમાર્ગ પર ચાલવા તૈયાર છીએ ?

આધિ-વ્યાધિ-ઉપાધિ સ્વરૂપ સંસારના ભયંકર તાપથી બચવા શું આપણે રજોહરણ રૂપી છત્રી લેવા તૈયાર છીએ ?

જો છત્રી સ્વીકારશું તો રણપ્રદેશમાંથી સહી સલામત બહાર નીકળી શકશું અને જો આ છત્રી નહિ સ્વીકારીએ તો ત્યાં ને ત્યાં જ તાપમાં શેકાઈને મરી જઈશું તેમ આપણે જો પ્રભુ વીરે બતાવેલ સંયમ જીવન સ્વીકારશું તો રણપ્રદેશ જેવા આ સંસારમાંથી સહી સલામત મોક્ષ સ્વરૂપ આપણા ઘરમાં પહોંચશું અને સંયમ જીવન નહિ સ્વીકારીએ તો આ સંસારની આધિ-વ્યાધિ-ઉપાધિમાં તરફડિયાં ખાતાં મરી જઈશું.

ચાલો... આપણે આપણા જીવનને બચાવીએ...

રણપ્રદેશ જેવા સંસારમાંથી બહાર નીકળીએ...

સદ્‌ગુરુએ બતાવેલ સંયમ પથ પર ચાલીએ...

જિનવાણીનું શીતલ પાન કરી પ્યાસ બુઝાવીએ...

વીરના પંથે સિંહ બની ચાલીએ...

સંસારના તાપથી બચવા છત્રી સ્વરૂપ...

રજોહરણ સ્વીકારીએ...

રજોહરણ સ્વીકારીએ...

રજોહરણ સ્વીકારીએ...

# 11 પાપમાં મજા કે સજા ?



**પાપમાં મજાનો અનુભવ કરે તે સંસારી**
**પાપમાં સજાનો અનુભવ કરે તે સંયમી**

ઘરમાં રવિવારના સમયે આપણે શાંતિથી સૂતા હોઈએ... ત્યાં જ ચારેબાજુથી અવાજ આવે... ભાગો... ભાગો... ભાગો... આગ લાગી છે... ભાગો... ભાગો... આગ લાગી છે કે નહિ તે જોવાની વાત તો દૂર રહી. માત્ર આગ શબ્દ સાંભળતા જ આપણે ત્યાંથી દૂર ભાગી જઈએ છીએ. તેમ પાપ આચરવાની વાત તો દૂર રહી... માત્ર પાપ શબ્દ સાંભળતા જ જેઓ ત્યાંથી ઉભી પૂંછડીએ ભાગે છે તે મારા જિનશાસનના શ્રમણ અને શ્રમણી ભગવંતો.

**"અઢારે અઢાર પાપોથી ખદબદતું જીવન એટલે સંસારી જીવન,**
**અઢારે અઢાર પાપોથી મુક્ત જીવન એટલે સંયમ જીવન"**

**(૧) સંયમ જીવન એટલે નિષ્પાપ જીવન.**

**"જ્યાં પાપ જ્યારે એક પણ, ત્યજવું અતિ મુશ્કેલ છે,**
**તે ધન્ય છે જેઓ અઢારે, પાપથી વિરમેલ છે.**
**ક્યાં પાપમય મુજ જિંદગી, ક્યાં પાપશૂન્ય મુનિજીવન**
**આ પાપમય સંસાર છોડી, શ્રમણ હું ક્યારે બનું"**

આપણે ઘરેથી દુકાને જવું હોય કે 5 Minutesના Walking Distance પર રહેલા કાકા-મામાના ઘરે જવું હોય તો ય આપણને ચાલીને જતાં કંટાળો આવે છે. Activa કે Bike પર બેસીને જઈએ છીએ. જ્યારે શિયાળાની કડકડતી ઠંડી હોય કે ઉનાળાનો ધોમધખતો તાપ હોય પણ

જેઓ Vehicleમાં બેસવાનો વિચાર પણ કરતાં નથી. જીવનભર પગે ચાલીને જ જનારાં આખી દુનિયામાં કોઈ હોય તો માત્ર ને માત્ર મારા જિનશાસનના શ્રમણ અને શ્રમણી ભગવંતો છે.

દર રવિવારના દિવસે સાંજના આપણે કોઈને કોઈ થિએટરમાં નવા નવા પિક્ચરો જોવા જઈએ અને ત્યાંથી સીધા Hotel માં જઈને Tasteથી ભોજન કરી માનવ જીવનને Waste કરીએ છીએ. જ્યારે જિંદગીભર Hotel અને થિયેટરનો ત્યાગ કરી માનવજીવનને Best બનાવનાર આખી દુનિયામાં જો કોઈ હોય તો તે માત્ર ને માત્ર મારા જિનશાસનના શ્રમણ અને શ્રમણી ભગવંતો છે.

આજે આખી દુનિયામાં પૈસાની જ બોલબાલા છે. પૈસા વગર આપણું એક પણ કામ ન થાય. આપણું જીવન જ ન ચાલે ત્યારે એક પણ પૈસા વગર પોતાનું આખું જીવન ગુજારનાર આખી દુનિયામાં કોઈ હોય તો તે માત્ર ને માત્ર મારા જિનશાસનના શ્રમણ અને શ્રમણી ભગવંતો છે.

શિયાળાની કડકડકી ઠંડીમાં આપણને હિટર જોઈએ તો ઉનાળાની ભયંકર ગરમીમાં આપણને A.C., Fan, Cold-drinks જોઈએ. ચાહે શિયાળો હોય... ઉનાળો હોય... કે ચોમાસું હોય... હિટર, A.C., Fan, Cold-drinks વગેરેનો જિંદગીભર માટે ત્યાગ કરનાર આખા Worldમાં જો કોઈ હોય તો તે મારા જિનશાસનના શ્રમણ અને શ્રમણી ભગવંતો છે.

આપણને રાત્રે ભૂખ લાગે તો આપણને ભક્ષ્ય-અભક્ષ્ય... જે મળે તે આપણે પેટમાં પધરાવી દઈએ. જ્યારે ૭ વર્ષના બાલમુનિ હોય કે ૭૭ વર્ષના વૃદ્ધ મુનિ ભગવંત હોય... સૂર્યાસ્ત પછી મોઢામાં અન્નનો એક પણ દાણો ન નાંખનાર... જળનું એક પણ બુંદ ન નાંખનાર જો કોઈ હોય તો એ મારા જિનશાસનના શ્રમણ અને શ્રમણી ભગવંતો છે.

આવા મહાન શ્રમણ અને શ્રમણી ભગવંતોને એક જ વિનંતિ છે કે -

પ્રભુ વીરનો શ્રમણ વેશ...

મને ક્યારે મળશે...?

મને ક્યારે મળશે...? મને ક્યારે મળશે...?

# 12 દુઃખોનો નહિ દોષોનો સફાયો કરીએ



**દુઃખોનો સફાયો બોલાવવા ઈચ્છે તે સંસારી**
**દોષોનો સફાયો બોલાવવા ઈચ્છે તે સંયમી**

આપણે Bankમાંથી 50 Lakhs Rs લઈને ઘરે જતાં હોઈએ ત્યારે આપણી નજર ચારે તરફ ફરતી હોય છે કે ક્યાંક કોઈ દુર્જનની દુષ્ટ નજર આના પર ન પડે.... નહિં તો બધું ય લૂંટી લેશે.

પચાસ લાખની જેટલી કાળજી કરીએ છીએ એના કરતાં ય વધારે કાળજી કરોડો રૂપિયા ચૂકવતાં પણ ન મળે તે માનવજીવનની કરવા જેવી છે. એના ઉપર દુષ્ટ મોહરાજાની નજર ન પડી જાય... નહિં તો આખું જીવન રફે-દફે કરી નાંખશે.

સમય પસાર થતાં વસ્ત્ર જીર્ણ-શીર્ણ બની જાય છે.

આલિશાન દેખાતો બંગલો પણ ભૂત બંગલો બની જાય છે.

પંપાળી પંપાળીને રાખેલું શરીર પણ બળીને રાખ બની જાય છે.

પણ અનાદિ કાળથી વળગેલા દોષોનું દમન-દફન-દહન થાય છે ?

કે આત્મા પર અડ્ડો જમાવીને બેઠા છે ?

હંસના મોઢામાં વિષ્ટા ન શોભે, કોયલના કંઠમાં કાગડાનો સ્વર ન શોભે. સજ્જનની મિત્રતા ગુંડા સાથે ન શોભે તો માનવજીવનમાં પશુતાનું જીવન ન શોભે. આપણા જીવનમાં શિયાળ કરતાં પણ વધુ લુચ્ચાઈ ભરેલી છે.

સાબર નથી છતાં ય બીજાને શીંગડા ભરાવી મારીએ છીએ.

વાઘ નથી છતાં ય બીજાને નખોરિયા ભરી લોહી કાઢીએ છીએ.

પાડા નથી છતાં ય આખો દિવસ પડ્યા-પાથર્યા રહીએ છીએ.

શું અમૂલ્ય માનવજીવનમાં આવી પશુ જેવી હરકતો આપણને શોભે ?

હંસ તરફડીને મરી જાય પણ માછલા તો ન જ ખાય.

સિંહ ભૂખ્યો રહી જાય પણ ઘાસ તો ન જ ખાય.

અગંધન કુળનો સાપ આગમાં ખાખ થઈ જાય પણ વમેલું વિષ તો ન જ ખાય...

તેમ આપણા જીવનમાં પ્રાણાંતે પણ દોષોનું સેવન તો ન જ કરાય.

**(૨) સંયમ જીવન એટલે નિર્દોષ જીવન.**

વિજાતીયને જોતાં જ આપણી આંખોમાં વાસના ભડકી ઊઠે છે. આંખો પહોળી બનીને ચીટકી જાય છે. T.V., Mobile, Advertise, Poster, Pictureમાં જ્યાં વિજાતીયની જ બોલબાલા છે. આવા વિલાસી વાતાવરણમાં વિજાતીયનો સ્પર્શ પણ નહિ કરનાર આખી દુનિયામાં જો કોઈ હોય તો માત્ર ને માત્ર મારા જિનશાસનના શ્રમણ-શ્રમણી ભગવંતો છે.

રવિવારનો દિવસ આવતાં જ સાંજે Family સાથે આપણે ચાઈનીઝ, નૂડલ્સ, મંચુરિયન, પાઉંભાજી, પિત્ઝા, પાણીપુરી પર છપ્પનિયા દુકાળમાંથી આવેલાની જેમ તૂટી પડીએ છીએ, ત્યારે આજના આવા વાતાવરણમાં આયંબિલનું લુખ્ખું-સુક્કું વાપરી ૧૦૦-૨૦૦-૩૦૦-૩૫૦ ઓળી પૂર્ણ કરનાર આખી દુનિયામાં જો કોઈ હોય તો માત્ર ને માત્ર મારા જિનશાસનના શ્રમણ અને શ્રમણી ભગવંતો છે.

સવારે ઊઠતાં... રાત્રે સૂતાં... વાહનો ચલાવતાં... દુકાનમાં... પ્રત્યેક સ્થળ પર... પ્રત્યેક પળે આપણા હાથમાં Mobile હોય છે. Mobile વિના એક દિવસ પણ એક વર્ષ જેવો લાગે એવા કાળમાં જિંદગીભર માટે Mobileને Touch નહિ કરનાર આખી દુનિયામાં જો કોઈ હોય તો માત્ર ને માત્ર મારા જિનશાસનના શ્રમણ અને શ્રમણી ભગવંતો

છે.

જિનશાસનના ઓ શ્રમણ-શ્રમણી ભગવંતો !

આવું નિર્દોષ જીવન મને ક્યારે મળશે ?

જ્યાં હર ક્ષણ થાય...

દુર્ગુણોનું દહન

દુઃખોનું દફન

દોષોનું દમન

એવા સંયમ જીવનને મારા નમન...

સંયમ જીવનને મારા નમન...

સંયમ જીવનને મારા નમન...

સફેદ ધ્વજ એટલે યુદ્ધ વિરામ...
સફેદ ભાત એટલે ભોજન વિરામ...
સફેદ વાળ એટલે જીવન વિરામ...

પૂર્વના કાળમાં સફેદ વાળ જોઈને લોકોને વૈરાગ્ય થતો હતો. આજે લોકો સફેદ વાળ જોઈને dying કરાવે છે. છે ને આશ્ચર્ય !

# 13 ચિંતાયુકત નહિ ચિંતામુકત જીવીએ



## ચિંતાયુક્ત જીવન જીવે તે સંસારી
## ચિંતામુક્ત જીવન જીવે તે સંયમી

દરેક સાંસારિક જીવને કોઈ ને કોઈ ચિંતા તો સતાવતી જ હોય છે. કોઈને ઘર નથી એની ચિંતા છે તો કોઈને ઘર કેમ ચલાવવું એની ચિંતા છે. કોઈને ધંધો નથી એની ચિંતા છે તો કોઈને ધંધો ચાલતો નથી એની ચિંતા છે. કોઈને કન્યા મળતી નથી એની ચિંતા છે તો કોઈને માથાભારે મળી છે એની ચિંતા છે. કોઈને દિકરો થતો નથી એની ચિંતા છે. તો કોઈનો દિકરો નાલાયક પાક્યો એની ચિંતા છે.

કોઈને ભૂખ લાગે ત્યારે શું ખાવું એની ચિંતા છે તો કોઈને ભૂખ લાગતી નથી એની ચિંતા છે. કોઈને નોકર કે ઘાટી-કામવાળી મળતી નથી એની ચિંતા છે તો કોઈને કામવાળી સારું કામ કરતી નથી એની ચિંતા છે. કોઈને પૈસા નથી એની ચિંતા છે તો કોઈને પૈસા ક્યાં છુપાવવા એની ચિંતા છે. આમ પ્રત્યેક સંસારી જીવ Tension અને Depressionની આગમાં શેકાતો હોય છે ત્યારે Tension અને Depression Free જીવન જીવનારા જો કોઈ હોય તો એકમાત્ર શ્રમણ-શ્રમણી ભગવંતો છે.

**(૩) સંયમ જીવન એટલે નિશ્ચિંત જીવન.**

આ શ્રમણ-શ્રમણી ભગવંતોને ધરતી ઉપર સંથારો અને ઉત્તરપટ્ટો પાથરી આડા પડતાં જ ઘસઘસાટ ઉંઘ આવી જાય જે આપણને A.C. રૂમમાં... ડનલોપની ગાદી ઉપર... સોફ્ટ ચાદર ઓઢીને... ઉંઘની ગોળીઓ ખાઈને પણ ન આવે....

આ શ્રમણ-શ્રમણી ભગવંતો ૨૫૦૦ વર્ષ પૂર્વે પ્રભુ મહાવીરે જે વેશ ગૌતમ સ્વામી અને ચંદનબાલા સાધ્વીને આપ્યો હતો એ જ શ્વેત જીર્ણ-શીર્ણ વસ્ત્ર પહેરતાં હોય છતાં ય મુખ પર અનેરી મસ્તી હોય જે આપણને આપણી દર પેઢીએ દસ વાર બદલાતા ફેશનેબલ, મોંઘાદાટ, રંગબેરંગી, રોજના નવા વસ્ત્રો પહેરતાં ય ન હોય.

આ શ્રમણ-શ્રમણી ભગવંતો ક્યારેક શાલિભદ્રના મહેલ જેવા ઉપાશ્રયમાં હોય તો ક્યારેક સુદામાના ઝૂંપડા જેવા ઉપાશ્રયમાં હોય, ક્યારેક ઉપવનમાં તો ક્યારેક વેરાન રણમાં હોય, ક્યારેક સુંવાળા આરસ ઉપર હોય તો ક્યારેક ખાડા ટેકરાવાળી જમીન ઉપર હોય છતાં ય એમના મુખ ઉપર જે ચમકતું તેજ હોય છે એ તેજ આપણને કરોડાના મહેલ જેવા બંગલામાં, ડાઈનિંગ ટેબલ, ફ્રીઝ, T.V., વોશિંગ મશીન, હોમ થિયેટર, નોકર-ચાકર ખડે પગે આપણી સેવામાં હાજર હોય એવા ફ્લેટમાં ય ન હોય.

ધરતી ઉપર સંથારો કરનારા, ભિક્ષા દ્વારા ભોજન કરનારા, જીર્ણ-શીર્ણ વસ્ત્ર પહેરનારા સાધુઓને ચક્રવર્તી કરતાં પણ અધિક સુખ હોય છે. કારણ કે તેઓનું જીવન અપેક્ષા વિનાનું છે જ્યારે આપણું જીવન સેંકડો અપેક્ષાઓથી ઘેરાયેલું છે.

એમને જે મળે એમાં સંતોષ છે જ્યારે આપણને જે નથી મળ્યું તે મેળવવાની અપેક્ષાઓ છે. ચાલો આપણે પણ અપેક્ષાઓ છોડી સંયમના અનહદ આનંદને માણીએ.

સંયમ જીવન એટલે એવું જીવન જ્યાં પાપ એક પણ નથી અને પ્રસન્નતાનો કોઈ પાર નથી. ગંદકી નામની ય નથી અને શુદ્ધિ અપાર છે.

મધુરતાનો સ્વાદ એને જ આવે જે પોતાની જીભ ઉપર સાકર મૂકે. પ્રસન્નતાનો સ્વાદ એને જ આવે ગુરુ જેના હાથમાં રજોહરણ મૂકે.

ગુરુદેવ ! મારા નાથ બની, મારો સાથ આપી આ ચિંતાથી ભરપૂર સંસારથી ઉગારવા...

મને રજોહરણ આપો...રજોહરણ આપો... રજોહરણ આપો...

14

# ચાલો, નિષ્પાપ જીવન તરફ



### કાંટો ખટકે તે સંસારી
### પાપો ખટકે તે સંયમી

પગમાં કાંટો લાગે જ નહિ એ માટે આપણે કેટલી સાવધાની રાખીએ. સૌ પ્રથમ તો કાંટાળા રસ્તે જવાનું જ ટાળીએ. કદાચ જવું જ પડે તેવું હોય તો ધીમેથી જ્યાં કાંટા ન હોય ત્યાં પગ મૂકીએ.

પગમાં કાંટો ન લાગે એટલા માટે આપણે જીવનમાં જેટલી સાવધાની રાખીએ છીએ એટલી પાપો ન લાગે એટલા માટે રાખીએ ખરાં ? પાપના રસ્તે જવાનું ટાળીએ ખરાં કે મન મૂકીને... રાચી માચીને... બિંદાસ્ત હોટલ-થિયેટરમાં, લોનાવાલા-મહાબળેશ્વરમાં મોજ મજા કરીએ ?

કાંટાળા રસ્તે જવું જ પડે તો પગ મૂકવામાં જેટલી કાળજી લઈએ તેટલી કાળજી પાપ માટે કરીએ ખરાં ? સંસારમાં રહીને કદાચ પાપો કરવા જ પડે તો સાવધાની રાખીએ ખરાં ? ઓછામાં ઓછા પાપ લાગે એવી કાળજી લઈએ ખરાં ? પાપો કરવાનું નિમિત્ત સામે ચાલીને ઊભું ન જ કરીએ. કદાચ પાપો કરવા પડે તો ખૂણામાં જઈને કરીએ પણ સમૂહમાં લોકોને પાપના રસ્તે તો ન જ દોડાવીએ.

કાંટાળા રસ્તે ચાલતાં-ચાલતાં પ્રમાદના વશથી કદાચ કોઈક કાંટો પગમાં ઘૂસી જાય તો તેને તરત જ કાઢી નાંખીએ છીએ તેમ જીવનમાં કદાચ પાપો થઈ જાય તો તરત જ કોઈક સદ્ગુરુ પાસે જઈને આલોચના લઈ... પ્રાયશ્ચિત કરી... શીઘ્ર પાપરૂપી કાંટો કાઢી નાંખજો.

જ્યાં સુધી કાંટો પગમાંથી નીકળે નહિ ત્યાં સુધી તે પગમાં ખટક્યાં

કરે છે, તેમ જ્યાં સુધી જીવનમાંથી પાપો નીકળે નહિ ત્યાં સુધી પાપો પણ ખટકવા જોઈએ. કાંટો ખટકે તો યાદ રહે કે પગમાં કાંટો છે અને તે મારે કાઢવાનો છે, તેમ જીવનમાં પાપો ખટકે તો યાદ રહેશે કે મારા જીવનમાં પાપો છે તે મારે કાઢવાના છે.

પગમાં કાંટો લાગતા જ આપણી ચાલવાની Speed 80% Slow થઈ જાય છે. લંગડાતા... લંગડાતા... પગે ચાલવું પડે છે. કારણ કે જે પગમાં કાંટો લાગ્યો છે તે પગ જમીન પર મૂકતાં જ ભયંકર પીડા થાય છે.

જીવનમાં પાપો આવતા જ મોક્ષ તરફ જવાની આપણી Speed 80% Slow થઈ જાય છે... જ્યાં સુધી પાપો નીકળશે નહિ ત્યાં સુધી લંગડાતા... લંગડાતા... જ ચાલવું પડશે.

સૌથી મહત્ત્વની વાત... જો કાંટો પગમાં રહી ગયો... આપણને ખબર હોય કે ન હોય... પણ જો પગમાં રહેલો કાંટો નીકળ્યો નહિ તો એક દિવસ એવો આવશે કે પગ પણ કપાવવો પડશે. નાનકડી બેદરકારી ભયંકર નુકસાનો સર્જી શકે છે.

તેમ આપણને ખબર હોય કે ન હોય... નાકડું પણ પાપ જીવનમાં રહી ગયું તો એક દિવસ એવો આવશે કે તે આપણને દુર્ગતિમાં ભયંકર પીડાઓમાં સબડતા મૂકી દેશે. આવા નુકસાનોને આમંત્રણ પત્રિકા ન આપવી હોય તો આજથી જ સંપૂર્ણ પાપો પર પૂર્ણવિરામ મૂકી દો.

જેમ છોડનો શણગાર પુષ્પ છે. વૃક્ષનો શણગાર ફળ છે. નદીનો શણગાર જળ છે. તેમ જીવનનો-શણગાર નિષ્પાપ જીવન છે. આવું નિષ્પાપ જીવન એટલે જ સંયમ જીવન.

આવું નિષ્પાપ જીવન ક્યારે મળશે ? માનવ જીવન ક્યારે ફળશે ?

પાપો ક્યારે ખટકશે ? દુર્ગતિ ક્યારે અટકશે ?

સંયમ ક્યારે મળશે ...?

સંયમ ક્યારે મળશે ...? સંયમ ક્યારે મળશે ...?

# 15 સાપથી ડરીએ પણ પાપથી ?



**સાપથી ડરે તે સંસારી**
**પાપથી ડરે તે સંયમી**

આપણે સામે ચાલીને ક્યારેય સાપ પાસે જતાં નથી. કારણ કે સાપ પાસે જતાં આપણને ડર લાગે છે. સાપ જો ડંખ મારી લે... એનું ઝેર ચઢી જાય તો આપણું મૃત્યુ નિશ્ચિત છે.

સાપની જેમ આપણને પાપનો ડર લાગવો જોઈએ. સાપની જેમ સામે ચાલીને ક્યારેય પાપના નિમિત્તો પાસે જવું નહિં. કારણ કે પાપનો ડંખ લાગ્યો તો આપણું દુર્ગતિગમન નિશ્ચિત છે.

જ્યાં સાપ ન હોય પણ માત્ર સાપ હોવાની સંભાવના હોય તે સ્થાનમાં પણ આપણે નથી જતાં તેમ જે સ્થાને પાપ થવાની સંભાવના હોય એ સ્થાને પણ આપણે ન જવું જોઈએ. સાપનો જેટલો ડર છે એના કરતાં અનેકગણો પાપનો ડર જોઈએ. કારણ કે સાપથી તો વધુમાં વધુ એક જ ભવમાં મૃત્યુ થાય છે. પાપથી તો ભવોભવમાં મૃત્યુ થાય છે. સાપ આપણો એક જ ભવ બગાડે છે જ્યારે પાપ આપણા ભવોભવ બગાડે છે.

સાપ ન હોય છતાં ય આપણે સાપના દરમાં હાથ નાંખતા નથી તેમ પાપ ન હોવા છતાં ય એના નિમિત્તો સેવવાનું જોખમ ઉઠાવવા જેવું નથી.

આપણે સાપ પાસે ન જઈએ, પણ કદાચ સાપ સામે ચાલીને આપણી પાસે આવી જાય તો આપણે કોઈ પણ બહાનું કાઢ્યા વિના તરત જ ત્યાંથી ભાગી જઈએ છીએ તેમ કદાચ આપણે પાપના નિમિત્તો પાસે ન જઈએ પણ પાપના નિમિત્તો સામે ચાલીને આપણી પાસે આવી જાય ત્યારે

કોઈ પણ બહાનું કાઢવાને બદલે ત્યાંથી દૂર ભાગી જવામાં જ મજા છે. આપણે કેટલા ક્રૂર બની ગયા છીએ. એક તો પાપ કરીએ ઉપરથી દોષ બીજાના માથે નાંખીએ ?

વાછરડું જેમ ગાયની પાછળ પાછળ જાય છે તેમ દુઃખ પાપની પાછળ પાછળ જાય છે. જે પાપ કરે તેને દુઃખ વળગી પડે છે. પાપ કરનાર તીર્થંકર હોય... ગણધર હોય... ચક્રવર્તી હોય... ચૌદપૂર્વી હોય... ઈન્દ્ર મહારાજા હોય કે રાજા મહારાજા હોય... જે પાપ કરે તેને દુઃખ મળે જ.

આપણને દુઃખ જોઈતું નથી પણ પાપો કરવા છે. પણ એવું કદાપિ બનવાનું નથી કે પાપ કરનારને દુઃખ ન મળે. આ તો એવી વાત થઈ કે...

આગમાં હાથ નાંખવો છે ને બળવું નથી...

કોલસાને હાથમાં રમાડવો છે પણ કાળા થવું નથી...

ધારદાર ચાકુ ઉપર હાથ ઘસવો છે ને લોહી કાઢવું નથી...

આવું કદાપિ બન્યું નથી... બનતું નથી... બનવાનું ય નથી... માટે દુઃખ ન જોઈતું હોય તો આજથી જ પાપો કરવાના સદંતર બંધ કરી દો. તો આપણા જીવનમાં પણ સુખનો સૂર્યોદય થશે.

સાપથી દૂર રહેવા કોઈ આપણને કહેતું નથી છતાં ય આપણે સ્વયં જ ત્યાંથી દૂર ભાગી જઈએ છીએ. પાપો ન કરવાનું આપણને વારંવાર કહેવામાં આવે છે છતાંય આપણે ત્યાંથી એક કદમ પણ ખસવાં તૈયાર નથી. કેટલા ભારેકર્મી છીએ આપણે ?

આ કાળમાં પણ પાપથી સ્વયં જ દૂર ભાગનારા આખી દુનિયામાં જો કોઈ હોય તો એ મારા જિનશાસનના શ્રમણ અને શ્રમણી ભગવંતો છે.

ઓ શ્રમણ-શ્રમણી ભગવંતો ! હું પાપોથી મુક્ત ક્યારે થઈશ ?

હું પણ નિર્ગ્રંથ ક્યારે બનીશ ? હું મારા ભવોનો અંત ક્યારે કરીશ ?

હું પણ સાચો સંત ક્યારે બનીશ ...?

સાચો સંત ક્યારે બનીશ ...? સાચો સંત ક્યારે બનીશ ...?

## 16 ભવ સુધારવા ભ્રમ તોડો



### બગલા જેવા સુખોમાં રમે તે સંસારી
### હંસલા જેવા સુખોમાં રમે તે સંયમી

બગલાને તમે ક્યારેય જોયો છે ? એ બહારથી ભલે ઉજળો દેખાય છે, પણ અંદરથી કાળો હોય છે. સરોવરમાંથી માછલાનું ભક્ષણ કરવા તે એક પગ પર ઊભો રહી નિશ્ચલ યોગીની જેમ સ્થિર થઈ જાય છે. માછલાને ભ્રમ પેદા કરાવે છે કે આ કોઈ પક્ષી નથી પણ સ્થિર વસ્તુ છે. આ ભ્રમમાં માછલા જ્યાં તેની નજીક જાય છે ત્યાં જ તેને પોતાનો ખોરાક બનાવી લે છે.

આ બગલા જેવા છે સંસારના ભૌતિક સુખો. બહારથી ભલે તમને આકર્ષક અને સોહામણા લાગે પણ તે અંદરથી ભયાનક અને બિહામણા છે. આ બહારથી આપણા મનને લલચાવે છે અને એ તરફ ખેંચે છે. આપણે જ્યાં એમાં મજા કરવા જઈએ ત્યાં જ આપણને કોળિયો બનાવી દુર્ગતિમાં રવાના કરી દે છે.

હંસ બહારથી ઉજ્જવળ છે તો અંદરથી પણ ઉજ્જ્વળ જ છે. હંસ માનસરોવરમાં રમશે પણ કાદવ-કીચડમાં ક્યારેય નહિ રમે. હંસ માનસરોવરમાંથી મોતીઓનું ભક્ષણ કરશે, તે ભૂખ્યો રહેશે... મરી જશે પણ માછલાઓનું ભક્ષણ કદાપિ નહીં કરે...

આ હંસ જેવા છે સંયમીઓના આધ્યાત્મિક સુખો. આ સુખો બહારથી ઉજળા છે તો અંદરથી પણ એવા જ છે. એકવાર આ સુખોનો સ્વાદ ચાખશો તો પછી તુચ્છ વિષયસુખો સામે જોવાનું ય મન નહિ થાય.

માનસરોવર જેવા આધ્યાત્મિક સુખો મળતાં હોય તો પછી કાદવ-કીચડ જેવા સંસારના સુખોમાં કોણ રમે ? હંસની જેમ આપણે પણ એક અડગ નિર્ણય કરીએ કે મરી જઈશું પણ સંસારના સુખોમાં તો નહિ જ રમીએ.

બગલા અને હંસલા બહારથી બંને સફેદ હોવા છતાં બંને વચ્ચે હજુ એક મોટો ફરક છે. બગલાની પાસે પાણી અને દૂધ ભેગા કરીને રાખવામાં આવે તો પાણી અને દૂધ બંનેને જુદા પાડવાની શક્તિ એનામાં નથી. જ્યારે હંસ પાણી અને દૂધમાંથી દૂધ પી જશે અને પાણી રહેવા દેશે. આમ બંનેને અલગ પાડવાની શક્તિ તેની પાસે છે.

અત્યાર સુધી તો આપણે બગલા જ બનીને પાણી અને દૂધ બંનેને સરખા માનીને જ ચાલ્યા છીએ. આજથી આપણે આપણો ભ્રમ તોડીએ... સત્ય સમજીએ. હંસલા બનીને પાણી જેવા તુચ્છ સંસારના સુખોને કાયમની તિલાંજલી આપી દૂધ જેવા સંયમના સુખોનો રસાસ્વાદ માણીએ. એક વાર આ રસ ચાખ્યા પછી સંસાર સાવ નિરસ લાગશે.

વાતો સુખોની કરે અને લમણે દુઃખો ઝીંકે તે સંસાર...

સપના ગુલાબના દેખાડે અને હૃદયમાં કાંટા ભોંકે તે સંસાર...

સંસારના આવા ભયાનક, બિહામણા અને બગલા જેવા સ્વરૂપને જાણી તન-મન અને જીવનમાંથી એને સંપૂર્ણ તિલાંજલી આપીએ...

સોહામણા અને હંસલા જેવા સંયમના સ્વરૂપને જાણી એને આપણા રગરગમાં વસાવીએ.

અનાદિકાળના આપણા ભ્રમને તોડીએ.

સંયમના સત્યને સમજીએ. સંયમના પંથે જ ચાલીએ.

અમે ગર્વથી કહીએ...

Saiyam is The Real Life...

Saiyam is The Real Life...

Saiyam is The Real Life...

17

# ઈન્દ્રિયો સાથે યુદ્ધ કરીએ



**ઈન્દ્રિયો જેને જીતે તે સંસારી**
**ઈન્દ્રિયો જે જીતે તે સંયમી**

નોકર જેમ કરે તેમ કરવા દઈએ, જે Demand કરે તે Supply કરતાં જઈએ તો આગળ જતાં નોકર જ શેઠ બની જાય છે અને શેઠ નોકર બની જાય છે.

નોકરાણી પર ધ્યાન ન રાખીએ... ધાક ન બેસાડીએ તો આગળ જતાં નોકરાણી જ શેઠાણી બની જાય છે. અને શેઠાણી નોકરાણી બની જાય છે.

હવે પ્રશ્ન છે આપણા જીવનનો. આપણે ઈન્દ્રિયોને નોકરાણીના સ્થાને ગોઠવી છે કે શેઠાણીના સ્થાને ?

માલિક જેમ કહે તેમ કરે તેને નોકર કહેવાય.

શેઠાણીની ઇચ્છા ઓળંગે નહિ તેને નોકરાણી કહેવાય.

હવે આપણી જાતને Check કરીએ કે આપણે ઈન્દ્રિયો પ્રમાણે ચાલીએ છીએ કે ઈન્દ્રિયો આપણા પ્રમાણે ચાલે છે ?

આપણને સૂવા માટે ડનલોપની ગાદી જોઈએ, છતાં ય અડધો કલાક પડખાં ફેરવ્યા પછી ઊંઘ ન આવે...

ઊંઘવા માટે ગોળીઓ લેવી પડે...

ઘણીવાર તો આપણી જિંદગી જોતાં હસવું આવે છે. કે આપણે સૂવા

માટે ઊંઘની ગોળીઓ લઈએ અને ઊઠવા માટે Alarm લગાવીએ.

આજનો માણસ ખોરાક કરતા ગોળીઓ વધારે લેતો હોય છે.

સૂવા માટે... ભૂખ લગાડવા... ખાધેલું પચાવવા... પેટ સાફ કરવા... ગોળી...

જ્યારે શ્રમણ-શ્રમણી ભગવંતો આખો દિવસ એટલો શ્રમ કરે છે કે ધરતી ઉપર સંથારો કરતાં જ ઉંઘી આવી જાય. આપણો શ્રમ ઘટી ગયો છે. શ્રમ કરીએ છીએ તો એ પણ સંસાર વધારવામાં કરીએ છીએ. સંસાર ઘટાડવામાં નહિ.

આપણને ખાવા માટે દરરોજ અલગ અલગ સ્વાદિષ્ટ ભોજનો જોઈએ. સાંજે ગરમાગરમ ફરસાણો જોઈએ. આજનું ફરસાણ મહિના સુધી Repeat ન થવું જોઈએ....

દર રવિવારે Hotelમાં જવા જોઈએ. કાકડી-ટમાટર ઉપર મરી-મરચાં ન ભભરાવ્યા હોય તો આપણે મરચાં જેવાં તીખાં થઈ જઈએ. આપણને જીભે કેવા ગુલામ બનાવ્યા છે.

જ્યારે શ્રમણ-શ્રમણી ભગવંતો જીભને Taste ન મળે એટલા માટે કેટલાક ભોજનમાં ત્રિફળા નાંખીને વાપરે તો કેટલાક કળિયાતામાં ઝબોળીને વાપરે. ક્યારેક શાક ન મળે તો રોટલી અને દાળથી પણ ચલાવી લે તો ક્યારેક દાળ પણ ન મળે તો રોટલી અને પાણીથી ય ચલાવી લેનારા આપણા શ્રમણ-શ્રમણી ભગવંતો છે.

દરરોજ આપણને સ્નાન કરવા જોઈએ. ન્હાવા સાબુ સુગંધી જ જોઈએ. માથું ધોવા સુગંધી શેમ્પૂ જોઈએ. શરીરમાંથી નીકળતાં પરસેવાની દુર્ગંધને છુપાવવા આપણે સેન્ટ-સ્પ્રે અને પરફ્યુમો છાંટીએ. સુગંધીદાર વસ્ત્ર પહેરવા છતાં ય આપણા જીવનમાંથી તો દુર્ગંધ જ નીકળતી હોય છે.

જ્યારે શ્રમણ-શ્રમણી ભગવંતો આમાંના એક પણ સુગંધી પદાર્થો ન વાપરવા છતાં ય એમના જીવનમાંથી સદા સદ્ગુણોની સુવાસ ફેલાય છે.

આવા શ્રમણ-શ્રમણી ભગવંતો જ્યાં જાય ત્યાં સ્વર્ગ પેદા થાય જ્યારે

આપણા જેવા જીવો જ્યાંથી જાય ત્યાં સ્વર્ગ પેદા થાય. એવું આપણું જીવન છે.

ઓ શ્રમણ-શ્રમણી ભગવંતો !

અમારા ઉપર એટલી કૃપા કરજો કે

અમે પણ દુર્ગુણોના દાસ મટી...

સદ્ગુણોના સ્વામિ બનીએ.

સદ્ગુણો કેળવવા આપના જેવું સંયમ મેળવીએ.

સંયમ મેળવીએ...

સંયમ મેળવીએ...

સંસારમાં કોઈનું Decision નથી .......................... Right
બધા છે બહારથી એકદમ .................................... White
પણ અંદરથી તમારી Position છે ...................... Tight
ઘરમાં રોજ થાય મમ્મી-પપ્પાની .......................... Fight

18

# ઈંદ્રિયોનો સદુપયોગ કરો



**ભોગમાં રમે તે સંસારી**
**યોગમાં રમે તે સંયમી**

આપણી પાસે ભોગસુખોના સાધનો ભરપૂર છે. એમાં ય T.V. અને Mobileની આગમાં આપણા સંસ્કારો બળીને ખાખ થઈ ગયા છે. યોગોની સાધનાઓનું નામ પણ આપણી પાસે નથી.

જ્યારે શ્રમણ-શ્રમણી ભગવંતો ભોગસુખોના સાધનોથી લાખો કદમ દૂર છે. નિમિત્તોને જ પાસે નથી રાખતાં એટલે સંસ્કારોના પુષ્પો એમના જીવનબાગમાં ખીલે છે. યોગોની મસ્તીમાં ભોગસુખો તો યાદ પણ નથી આવતાં.

આપણી આંખો વિજાતીયને જોવા વલખાં મારતી હોય છે. દરરોજ સિરિયલ જોઈએ. રવિવારે પિક્ચરો જોઈએ. મોબાઈલમાં કહેતા પણ શરમ આવે એવી મૂવીઓ અને ક્લિપો જોઈએ. રસ્તા પર જતી પારકી કન્યા કે સ્ત્રીને જોઈનેય આપણી આંખ દુષ્ટ બન્યા વિના નથી રહેતી. એવા આ કલિકાળમાં એક માત્ર સંયમીઓ જ છે કે જે વિજાતીય તરફ આંખ ઉંચી કરીને પણ નથી જોતાં.

ગોચરી વહોરવા જાય ત્યારેય નીચે નજરે જાય. નાનકડી છોકરીને ય ટચ ન કરે તો ઘરડી સ્ત્રીનો ય સ્પર્શ ન કરે. એમનાં ઉપાશ્રયમાં ક્યાંય વિજાતીયના ફોટા પણ ન હોય. ખરાબ નિમિત્તો કે ખરાબ વાતાવરણ જ નથી રાખ્યું તો ખરાબ વિચારો બિચારાં ! ઘૂસણખોરી કરે જ શી રીતે ?

જ્યારે આપણે ઢગલાબંધ પતન થવાના નિમિત્તોનો ખડકલો કર્યો છે

એટલે જ આપણું પતન થતા વાર નથી લાગતી. આ પતનથી બચવું હોય તો એક જ ઉપાય છે. આપણે ખરાબ નિમિત્તોથી બને તેટલા દૂર રહીએ. આપણી આંખમાંથી ચશ્માના નંબર દૂર નહિ થાય તો ચાલશે પણ વિકાર દૂર નહિ થાય તો નહિ ચાલે.

આપણા કાનોને આપણે Pictureના Songs, પારકી પંચાતો, વિકથાઓ, બીજાની નિંદાઓ સાંભળીને અભડાવીએ છીએ. જ્યારે શ્રમણ-શ્રમણી ભગવંતો આ કાનનો ઉપયોગ પ્રભુ-વચનોના શ્રવણમાં, ભક્તિગીતો-સ્તવનો-સજ્ઝાયો સાંભળવામાં સાર્થક કરે છે.

આપણે ભિખારીને ૧૦૦ રૂપિયા આપીએ. તે તેનો ઉપયોગ બીડી-સિગારેટ-તમાકુ-ગુટખા ખાવામાં કરે તો તમે એને બીજી વાર ૧૦૦ રૂપિયા આપો ખરાં ?

પુણ્યોદયના કારણે કુદરતે આપેલી પાંચેય ઇંદ્રિયોનો ઉપયોગ ખાવા-પીવા-હરવા-ફરવા-મોજમજા કરવામાં કરશું તો કર્મસત્તા બીજીવાર આપણને આપશે ખરાં ?

આજે દુનિયામાં કેટલાંય આંધળા-બહેરા-મૂંગા જોવા મળે છે. કેમ ? પૂર્વભવમાં ક્યાંક તે તે ઇંદ્રિયોનો દુરુપયોગ કર્યો હશે.

જીભનો ઉપયોગ ગાળાગાળી-અપમાનો-કટાક્ષો-મેણાં-ટોણાં મારી બીજાને હલકાં પાડવામાં કર્યો હશે. તેથી આ ભવમાં જીભ નહિ મળી હોય.

આંખનો ઉપયોગ વિજાતીયના અંગોપાંગો જોવામાં, વિકારભરી દૃષ્ટિથી જોવામાં કર્યો હશે, તેથી આ ભવમાં આંખ નહિ મળી હોય.

કાનનો ઉપયોગ બીજાની નિંદાઓ અને પંચાતો સાંભળવામાં કર્યો હશે તેથી આ ભવમાં કાન નહિ મળ્યા હોય.

ઓ શ્રમણ-શ્રમણી ભગવંતો ! અમારા પર એટલી કૃપા કરો કે અમે પણ આ ઇંદ્રિયોના દુરુપયોગથી અટકીએ. ઇંદ્રિયોનો સદુપયોગ કરીએ. સદુપયોગ કરવા અમને સંયમના ભાવ જગાડો.

અમને સંયમ આપો... સંયમ આપો... સંયમ આપો...

# 19 રાત્રિભોજન : નરકનું દ્વાર



**પોતાની પ્રજ્ઞા પ્રમાણે જીવે તે સંસારી**
**પ્રભુની આજ્ઞા પ્રમાણે જીવે તે સંયમી**

પ્રજ્ઞા એટલે બુદ્ધિ. બુદ્ધિમાં બેસે એટલું જ આપણે કરીએ છીએ. જ્યારે સંયમીઓ બુદ્ધિમાં બેસે કે ન પણ બેસે. મારા પ્રભુની આજ્ઞા શું છે ? એ પ્રમાણે વિચારી જીવે.

પરમાત્માની આજ્ઞા છે કે રાત્રિભોજન ન કરાય. એટલે જે દિવસે તેમના હાથમાં રજોહરણ આવે તે પળથી શ્વાસ ખૂટે નહિ ત્યાંસુધી ચોવિહાર કરે. પછી એ ૮૮ વર્ષના વૃદ્ધ શ્રમણ ભગવંત હોય કે ૮ વર્ષના બાળમુનિ હોય... શિયાળાની લાંબી રાત હોય કે ઉનાળાની સખત ગરમી હોય... તેઓ ભોજન તો શું પાણીનું એક ટીંપું પણ રાત્રે મોંઢામાં ન નાંખે. કારણ ? મારા પરમાત્માએ ના પાડી છે.

જ્યારે આપણે મન ફાવે ત્યારે ચોવિહાર કરીએ. પર્વતિથિ કે પર્યુષણ જેવા પર્વો આવતાં હોય ત્યારે કરીએ. એમાં ય તિવિહાર કરીએ. પાણી તો પાછું ખુલ્લું હોય...

ઉપકારી માતા-પિતા, મહાત્મા કે કોઈ કલ્યાણ મિત્ર આપણને ચોવિહાર દરરોજ કરવા કહે તો આપણે ધરાર ઇનકાર કરી દઈએ કે બીજું બધું થાય પણ ચોવિહાર ન થાય. શિયાળાની મોટી રાત હોય... કકડીને ભૂખ લાગે... આખી રાત પાણી વિના કેમ નીકળે....

પહેલાના લોકો ચોવિહાર કરતાં કારણ કે એમના જમાનામાં લાઈટ ન્હોતી. આજે તો ચારેબાજુ લાઈટના અજવાળા છે. જો જીવો પેદા થતાં

હોય તો દેખાય ને ? આ રીતે આપણે Argument કરીએ. આપણે તો પરમાત્માની આજ્ઞા ન માનીએ. કોઈ માનતું હોય એને ય છોડાવી દઈએ.

બે વર્ષ પછી આપણે અચાનક ચોવિહાર ચાલુ કરી દીધા. બધા આશ્ચર્યમાં પડી ગયા... જેને આટલું આટલું સમજાવવા છતાં પેટનું પાણી ન્હોતું હલતું એણે ચોવિહાર શરૂ કરી દીધા. આપણને ચોવિહાર કરવાનું કારણ પૂછ્યું ત્યારે આપણે કહ્યું.

"આજે પેટમાં ખૂબ દુઃખતું હોવાથી Doctor પાસે ગયો હતો. Doctor કહ્યું રાત્રે ખાવાથી પાચન બરાબર થતું નથી. આમ રોજ ચાલ્યું તો ભવિષ્યમાં તમને મોટી તકલીફ થઈ શકે તેમ છે માટે સૂર્યાસ્ત પહેલાં જમી લેવું."

પરમાત્માના કહેવાથી ન સ્વીકાર્યું તો Doctorના કહેવાથી સ્વીકાર્યું. આપણા માટે વધુ Important કોણ Doctor કે પ્રભુ ?

ત્રિકાળજ્ઞાની પરમાત્માએ જે પણ આજ્ઞાઓ ફરમાવી છે તે શારીરિક-માનસિક-સામાજિક-આધ્યાત્મિક બધી જ રીતે કલ્યાણ કરનારી છે.

સૂર્યપ્રકાશની હાજરીમાં જીવોત્પત્તિ થતી નથી. સૂર્ય અસ્ત થતાં જ સૂક્ષ્મ જીવો પેદા થાય છે. રાત્રિમાં Street Light કે Focus સામે જોજો કેટલા જીવડાઓ તરફડતાં હોય છે. સૂર્યાસ્ત થતાં જ મચ્છરો ઘરમાં ન આવે માટે બારી-બારણાઓ બંધ કરવામાં આવે છે.

આ બધાં તર્કો પછી... પહેલા મારા પ્રભુએ ના પાડી છે એટલે મારે રાત્રે ન જ ખવાય. કદાચ પરિસ્થિતિવશ રાત્રિભોજન કરવું પડે તો પણ એટલું તો મનથી સ્વીકારીએ કે હું જે કરું છું તે ખોટું જ કરું છું.

જીવનભર પોતાની પ્રજ્ઞાને ગૌણ કરી જિનાજ્ઞાને મુખ્ય ગણનારા ઓ શ્રમણ-શ્રમણી ભગવંતો !

આપ અમારા ઉપર એવી કૃપા વરસાવો કે અમે પણ જીવનભર...

જિન આજ્ઞા સ્વીકારીએ... નિજ પ્રજ્ઞા સુધારીએ...

સંયમ સ્વીકારી જીવન શણગારીએ... જીવન શણગારીએ...



# શરીર પર રાગ નહિ વૈરાગ્ય કરો

20



## રાગમાં રમે તે સંસારી
## વૈરાગ્યમાં રમે તે સંયમી

આપણને સંસાર ઉપર આટલો બધો રાગ છે. પણ ખરેખર સંસારમાં રાગ કરવા જેવું છે શું ? જે નિમિત્તોને પામીને આપણને રાગ થાય છે એ નિમિત્તોને પામીને જ મુમુક્ષુઓને વૈરાગ્ય થાય છે.

સૌથી વધુ રાગ છે આપણને આપણા શરીર ઉપર. એટલે જ તો આ શરીરને સાચવવા આપણે કેટલી ય માથાકૂટ કરીએ.

આ શરીરના ટકાવવા આપણે ત્રણ-ચાર-પાંચ વાર દિવસમાં ભોજન કરીએ.

આ શરીરને ટકાવવા આપણે છ-સાત-આઠ કલાક આરામ કરીએ.

આ શરીરને ટકાવવા આપણે રાત-દિવસ ગમે તેટલી મહેનત કરીએ પણ શરીર એક દિવસ નાશ પામવાનું છે. આ કડવા સત્યને હંમેશા આંખ સામે રાખજો.

આ કડવા સત્યને આંખ સામે રાખીને જ મહાત્માઓ આ શરીરને સાધના કરવાનું સાધન માની શેરડીમાંથી આપણે જેમ બધો રસ કાઢી લઈએ તેમ તેઓ શરીરમાંથી બધો કસ કાઢી લે છે.

આ શરીરની ગંદકી છુપાવવા આપણે દરરોજ એને લાઈફ બોય... લક્સ... ડવ (Dove)ના મોંઘા અને સુગંધવાળા સાબુથી સ્નાન કરાવીએ.

પણ એક વાત યાદ રાખજો કે કોલસાને ગમે તેટલા સુગંધવાળા

સાબુથી આખી જિંદગી ઘસવામાં આવે તો ય કોલસો ક્યારેય ધોળો ન થાય. તેમ શરીરને આખી જિંદગી ગમે તેટલા સાબુથી સ્નાન કરાવશો પણ એ એનો અપવિત્ર થવાનો સ્વભાવ છોડશે નહિ.

આ શરીરની બિભત્સતા છુપાવવા આપણે એને Colourful... Fashionable નવી નવી ડિઝાઈનના કપડાં પહેરાવીએ... Body Spray છાંટીએ... કપડાં ઉપર સેન્ટ અને પરફ્યુમ છાંટીએ તો ય બે-ચાર કલાકમાં તો પસીનાની દુર્ગંધ શરૂ થઈ જાય છે.

વરસોના વરસો સુધી કૂતરાની પૂંછ એક સીધા પાઈપમાં રાખી કાઢવામાં આવે તોય કૂતરાની પૂંછ વાંકી ને વાંકી જ રહે. તે ક્યારેય સીધી ન થાય. તેમ ગમે તેટલા પ્રયાસો શરીરની અપવિત્રતા છુપાવવા કરશો પણ શરીર વાંકુ ને વાંકુ જ રહેવાનું. તે ક્યારેય સીધું નહિ થાય.

આ શરીરનું સૌંદર્ય બતાવવા આપણે કલાકોના કલાકો સુધી બ્યૂટી પાર્લરમાં બેસીએ... ગમે તેટલા મેક-અપ કરીએ... ગમે તેટલી વાર ધોળા વાળને કાળા કરાવીએ પણ અંતે તે પોતાના મૂળ સ્વભાવમાં આવી જ જાય છે.

હવે કરચલી છુપાવવાના દિવસો ગયા... હવે કેસરિયા કરવાના દિવસો આવ્યા...

ધોળા વાળને કાળા કરવાના દિવસો ગયા... હવે કાળા હૃદયને ધોળા કરવાના દિવસો આવ્યા...

શરીરને સાચવવાના દિવસો ગયા... હવે શરીરનો સદુપયોગ કરવાના દિવસો આવ્યા...

હવે આપણે પણ શરીરમાંથી રાગ તોડી શરીરને સંયમીની જેમ સાધના કરવાનું સાધન બનાવી સંયમની સાધના કરીએ....

સંયમની સાધના કરીએ... સંયમની સાધના કરીએ...

સંયમની સાધના કરીએ...

21

# અનિચ્છાની ઈચ્છા




**જે નથી એને પણ મેળવવા ઝંખે તે સંસારી**
**જે છે એને પણ છોડવા ઝંખે તે સંયમી**

આપણા બાપદાદાઓ જ્યારે ગામડાઓ છોડી શહેરમાં આવ્યા ત્યારે એમની પાસે શું હતું ?

રહેવા માટે મકાન પણ નહોતું... ક્યાંક ગલીઓમાં... ક્યાંક મંદિરોના ઓટલે કે ક્યારેક દુકાનોની પાળીઓ પર રાતોની રાતો પસાર કરી હતી. આજે આપણી પાસે રહેવા સુંદર મકાન છે તો હવે બંગલાની ઈચ્છા જાગી છે...

આપણા બાપદાદા વખતે એમની પાસે પહેરવા પૂરતાં વસ્ત્રો પણ નહોતાં... કપડાં ફાટી જતાં તો થીગડાઓ મારી મારીને પહેરતાં... આજે આપણી પાસે પહેરવા સારા વસ્ત્રો છે છતાં ય દર બે-ત્રણ મહિને નવા કપડાં ખરીદવાની ઈચ્છા જાગે છે.

આપણા બાપદાદા વખતે એમની પાસે ખાવા પૂરતું અનાજ પણ નહોતું... પારકા ઘરના કામો કરીને કે મજૂરી કરીને માંડ માંડ ગુજરાન ચાલે એટલું ભેગું થતું. તો ક્યારેક છાશ અને રોટલા પણ ન મળતાં... તો પાણી પીને પેટ ભરી લેતાં. આજે આપણી પાસે પેટ ભરાય એટલી મૂડી છે છતાં ય પટારા ભરવાની ઈચ્છા જાગે છે. રોટલી-શાક-દાળ-ભાત છે છતાંય હોટલો અને લારીઓ પર ધામા નાંખવાનું મન થાય છે.

પણ મિત્રો... આ ઈચ્છાઓ આકાશ જેવી અનંત છે. આ વાસ્તવિકતાને સદા યાદ રાખજો. આકાશનો જેમ અંત નથી હોતો તેમ

આપણી અપેક્ષાઓનો પણ ક્યારેય અંત નથી આવતો...

એક ઇચ્છા પૂરી થાય ત્યાં તો બીજી તેર ઇચ્છાઓ ઉભી થઇ જાય છે. એ બીજી તેર ઇચ્છાઓ પૂરી કરીએ ત્યાં બીજી ત્રેપ્પન ઇચ્છાઓ ઉભી થઈ જાય છે.

આપણે નાના હતાં ત્યારે આપણી ઇચ્છા હતી કે મને સરસ મજાનાં રમકડાં મળી જાય એટલે બસ... એનાથી વધારે મને કશું ય નથી જોઈતું. એ રમકડાંની ઈચ્છા પૂરી થઈ ત્યાં તો સાઇકલ લેવાની... Examમાં 1st Rank લાવવાની... ડીગ્રી લેવાની... નોકરી કરવાની... પૈસા કમાવવાની... પરણવાની... બંગલો બાંધવાની... આ... હા...હા... ઇચ્છાઓ પૂરી કરતાં કરતાં ક્યાંક આપણે પૂરા ન થઈ જઈએ એનું ધ્યાન રાખજો.

નથી મળતું અને છોડીએ એને ત્યાગ ન કહેવાય. એવો ત્યાગ તો ભિખારીઓ પણ કરે છે, જે છે એને ય છોડવાની ઇચ્છા થાય એને જ સાચો ત્યાગ કહેવાય. આવા સાચા ત્યાગી આ દુનિયામાં ખરેખર જો કોઈ હોય તો તે આપણા પંચમહાવ્રતધારી શ્રમણી-શ્રમણી ભગવંતો છે.

સંસારમાં એમની પાસે શું નહોતું ? બંગલો... મોટી ડીગ્રીઓ... યૌવન વય... સુંદર રૂપ... સગા-સ્નેહીઓ... મિત્રો બધાં જ હોવા છતાં પણ બધું છોડીને ભગવાનના ભરોસે ચાલ્યા ગયા. આવું સત્ત્વ આપણા જીવનમાં ક્યારે પ્રગટ થશે ?

આપણે પણ આવું સત્ત્વ પ્રગટાવવું છે અને આપણા આત્માને કહેવાનું છે કે હે આત્મન્ ! તારે આ સંસાર છોડવાનો છે.

આ સંસાર છોડવાનો છે.

આ સંસાર છોડવાનો છે.

અને પ્રભુ વીરનું સંયમ લેવાનું છે...

સંયમ લેવાનું છે...

સંયમ લેવાનું છે...

22

# સાચો ત્યાગ



**રાગમાં જીવે તે સંસારી**
**ત્યાગમાં જીવે તે સંયમી**

આજના આ વિષમકાળમાં મોજશોખના તમામ સાધનોને લાત મારીને પ્રભુની આજ્ઞા મુજબ જીવન જીવનારા જો કોઈ હોય તો તે આપણા પંચ મહાવ્રતધારી શ્રમણ-શ્રમણી ભગવંતો છે.

ભરયુવાન વયમાં આવા વિલાસભર્યા વાતાવરણમાંથી બહાર નીકળી વૈરાગ્યભર્યું જીવન જીવવું એ કંઈ નાની સૂની વાત નથી.

આપણે આપણા કોઈ નજીકના સ્વજનની દીક્ષામાં ગયા હોઈએ ત્યારે એની દીક્ષા નિમિત્તે આપણને એમણે જીવનભર ice-cream ન ખાવાની બાધા આપી છતાં ય આપણી દુષ્ટ બુદ્ધિ એમાંથી છટકબારી શોધવા લાગે છે.

મજેથી Candy ખાતાં જઈએ અને મનથી સમાધાન કરીએ કે મને તો ice-cream ન ખાવાની બાધા છે. જ્યારે આ તો Candy છે.

આપણાથી એક ice-cream પણ જીવનભર માટે છૂટી શકતો નથી. જ્યારે આઠ આઠ વર્ષના બાલમુનિઓ પણ ice-cream, Candy, Cold-drinks, ચોકલેટ, કેડબરી, કેક વગેરે તમામ ચીજોનો જીવનભર માટે ત્યાગ કરે છે.

ચાતુર્માસ શરૂ થવાનું હોય... ઘરેથી Order નીકળે કે દોઢ કે ચાર મહિના બજારની તમામ ચીજોનો ત્યાગ કરવાનો છે. ચાતુર્માસ શરૂ થતાં

પૂર્વે Last Sunday આપણે ક્યાં હોઈએ ? અને ચાતુર્માસ પૂરું થયા પછી Next Sunday આપણે ક્યાં હોઈએ ?

બજારની ચીજો દોઢ કે ચાર મહિના માટે છોડતાં ય આપણી આંખે અંધારા આવી જાય છે. જ્યારે આપણા શ્રમણ-શ્રમણી ભગવંતો જીવનભર માટે આ તમામે તમામ ચીજોનો ત્યાગ કરે છે.

સવારે ઉઠતાંની સાથે જ આપણા હાથમાં Mobile આવી જાય છે. આપણાથી એક Mobile... એક દિવસ માટે પણ છૂટતો નથી... અરે ! એક દિવસ જવા દો... એક કલાક માટે પણ Mobile છોડવો હોય તો નાકે દમ આવી જાય. જ્યારે આ તમામ શ્રમણ-શ્રમણી ભગવંતો જીવનભર માટે તમામ સુખના સાધનોને તિલાંજલિ આપી દે છે.

આપણે હરક્ષણ રાગની આગમાં આપણા અમૂલ્ય માનવ જીવનને સળગાવીએ છીએ. જ્યારે દરેક પંચમહાવ્રતધારી શ્રમણ-શ્રમણી ભગવંતો હરક્ષણ ત્યાગના બાગમાં પોતાના અમૂલ્ય માનવ જીવનને શણગારે છે.

રાગની આગથી બચી... ત્યાગના બાગમાં આપણા જીવનને શણગારી શકીએ એવો વૈરાગ્ય આપણા જીવનમાં ક્યારે આવશે ?

વંદન છે તમામે તમામ શ્રમણ-શ્રમણી ભગવંતોને...!

જેમણે આ પંથે પ્રયાણ કરી દીધું છે.

તો સલામ છે તમામે તમામ મુમુક્ષુઓને...!

જેઓ આ સંયમ પંથે પ્રયાણ કરવા તલસી રહ્યા છે...

રજોહરણ મેળવવા તડપી રહ્યા છે...

શ્રમણનો વેશ પહેરવા થનગની રહ્યાં છે.

આવો તલસાટ..આવો થનગનાટ..મારા જીવનમાં ક્યારે પ્રગટશે ?

હું પણ રજોહરણ લઈ નૃત્ય કરું એવો ધન્ય દિવસ મારા જીવનમાં જલ્દી આવે...

મારા જીવનમાં જલદી આવે... મારા જીવનમાં જલ્દી આવે...

## 23 દીક્ષા પ્રસંગની સફળતા



### અસ્થિર વૈરાગી હોય તે સંસારી
### અડગ વૈરાગી હોય તે સંયમી

આપણે પ્રવચન સાંભળવા જઈએ ત્યારે સંસારનું સ્વરૂપ સાંભળી આપણને સંસાર અસાર લાગે છે પણ આ વૈરાગ્ય ક્યાં સુધી ટકે ? જ્યાં સુધી પ્રવચનમાં બેઠા છીએ ત્યાં સુધી. પ્રવચનમાંથી બહાર નીકળતાં જ આપણું મન પણ વૈરાગ્યમાંથી બહાર નીકળી જાય છે.

આપણામાંથી કેટલાયના માતા-પિતા ભાઈ-બહેન-મિત્ર-સહેલીઓએ દીક્ષા લીધી હશે... આપણે જેની સાથે રાત-દિવસ રમ્યા હશું... ભણવામાં... રમવામાં... હરવા-ફરવામાં દરેક વખતે આપણે જેની સાથે રહેતાં હશું એ વ્યક્તિ જ્યારે સંયમ પંથે જાય ત્યારે આપણા હૃદયમાં એક જબ્બર આંચકો લાગે છે.

એની દીક્ષા વખતે આપણે પોક મૂકીને રડ્યા હોઈશું... પળ... પળ... જેની સાથે વિતાવી છે એ વ્યક્તિ જ્યારે આપણને છોડીને જાય ત્યારે આંખો રડી રડીને સૂજી ગઈ હશે, પણ ૨-૫ દિવસ કે ૨-૫ વર્ષ જતાં પાછા આપણે હતા એવા ને એવા થઈ ગયા.

આજે મનથી એક સંકલ્પ કરીએ છીએ કે હવે આવા પ્રસંગોને નિષ્ફળ જવા નહિ દઈએ. આપણા સંઘમાં... ગામમાં... કે આજુબાજુ નજીકમાં ક્યાંય પણ આવા દીક્ષાપ્રસંગો યોજાશે. તે પ્રસંગ માણવા અવશ્ય જઈશું અને આજથી જ્યાં સુધી દીક્ષા ન મળે ત્યાં સુધી મનપસંદ એક વસ્તુનો ત્યાગ કરશું.

એક વ્યક્તિ આખો સંસાર છોડી શકતી હોય એ વ્યક્તિની યાદમાં શું આપણે એક વસ્તુ ન છોડી શકીએ ?

એવી વસ્તુનો ત્યાગ કરીએ જે આપણા રોજિંદા વપરાશમાં આવતી હોય. જેથી દરરોજ યાદ આવે કે મારે પણ સંયમ લેવાનું છે.

દરરોજ સવારે ઊઠી શો-કેસમાં રાખેલા રજોહરણના દર્શન કરી આંખ બંધ કરી હૃદયથી પ્રાર્થના કરીએ કે મને આ રજોહરણ ક્યારે મળશે ?

જે સંયમના માર્ગ ઉપર સ્વયં તીર્થંકરો પણ ચાલ્યા છે... ગણધરો અને ચૌદ પૂર્વધરો પણ ચાલ્યા છે... રાજાઓ... મહારાજાઓ... ચક્રવર્તીઓ પણ ચાલ્યા છે.... કરોડપતિ શેઠિયાઓ.... અબજોપતિ શ્રેષ્ઠીઓ... સુકોમળ રાજકુમારો પણ ચાલ્યા છે. એવો સંયમ પંથ મને ક્યારે મળશે ?

આ સંયમના પંથ ઉપર કદમ માંડ્યા વિના મારો મોક્ષ થવાનો નથી. આજે નહિ તો કાલે... આ ભવમાં નહિ તો આવતા ભવમાં... મારે એક દિવસ આત્મકલ્યાણ માટે સંયમ સ્વીકારવાનું જ છે. તો આ ભવે જ... અરે ! હમણાં જ કેમ ન સ્વીકારું.

મોત આવે ત્યારે ઘરમાંથી બધા બહાર કાઢે એ પહેલાં હસતાં હસતાં જ ગૃહત્યાગ કરવામાં મજા છે. છેલ્લે કોઈ આપણને પરાણે પણ સફેદ વસ્ત્ર ઓઢાડે તે પહેલા સ્વયં જ શ્વેત વસ્ત્રો ધારણ કરી લેવા એમાં જ ખુમારી છે.

જો ખુમારીથી ગૃહત્યાગ નહીં કરીએ... શ્વેત વસ્ત્ર ધારણ નહિ કરીએ તો... લોકો લાચારીથી પણ આપણને ગૃહત્યાગ પણ કરાવશે અને શ્વેત વસ્ત્ર પણ પહેરાવશે.

પ્રભુ ! હું લાચારી છોડી... ખુમારીથી ઝઝૂમી... મોહના બંધનો તોડી... સ્વજનોનો સંગ છોડી... સંસારથી મન મોડી... તુજ આજ્ઞામાં જીવન જોડી...

સંયમ ક્યારે લઈશ ? સંયમ ક્યારે લઈશ ?

સંયમ ક્યારે લઈશ ?

# 24 સાચી સહનશીલતા



**ધનની કમાણી કરે તે સંસારી**
**ધર્મની કમાણી કરે તે સંયમી**

જેમ ધનના પ્રેમીને ટાઢ-તડકો-ભૂખ-તરસ વગેરેનું દુઃખ કંઈ જ જણાતું નથી તેમ ભવથી વિરક્ત થયેલા યોગીને સાધનામાં આવતા પરિષહો અને ઉપસર્ગો દુઃખદાયક લાગતા નથી.

Student Examમાં First Rank લાવવા માટે કેટલું બધું Hard Work કરે... રાતોની રાતો ઉજાગરા કરે... First Rank આવતા એ ઉજાગરા પણ એને આશીર્વાદરૂપ લાગે છે.

તેમ સંયમીઓને પણ મોક્ષનું સુખ મળતાં વર્તમાનકાળના આપણી દૃષ્ટિએ ગણાતા કષ્ટો આશીર્વાદરૂપ લાગે છે. કારણ કે તે કર્મક્ષય કરવામાં નિમિત્ત બને છે.

જે વ્યક્તિ પોતાની સમર્થ યુવાનીમાં પણ Business માટે ખંતપૂર્વક મહેનત ન કરે... આળસુ બનીને પડ્યો પાથર્યો રહે... તો તેનું ઘડપણ અને ભવિષ્ય દુઃખ...દર્દમય બની જાય છે.

તેમ આ સમર્થ યુવાની જેવા માનવભવમાં પણ હું ધર્મ માટે ખંતપૂર્વક મહેનત ન કરું... આળસુ બનીને પડ્યો રહું... તો મારું ભવિષ્ય પણ ધૂંધળું છે આવી સમજણ સંયમીઓ પાસે છે. એટલે જ તેઓ સાધના કરવા જાગૃત બની ગયા છે. આપણી મૂર્ખતા છે એટલે જ હજુ સુધી આપણે ઉંઘી રહ્યા છીએ.

આજે કષ્ટ છે તો કાલે કમાણી છે. જ્યાં સ્વેચ્છાથી ત્યાગ કરવામાં આવે છે ત્યાં આનંદ આવે છે પણ જ્યાં બળજબરીથી ત્યાગ કરાવવામાં આવે છે ત્યાં નારાજગી થાય છે.

સંયમીઓ સ્વેચ્છાથી ત્યાગ કરે છે માટે કાયમ તેમનું મુખ લહેરાતું જોવા મળે છે. જ્યારે આપણે બળજબરીથી ત્યાગ કરીએ છીએ એટલે જ કાયમ આપણું મોંઢું લટકેલું જોવા મળે છે.

અત્યારે આપણે થોડુંક પણ સહન નથી કરતાં તો મોતની ભયંકર પીડામાં આપણી સમાધિ કેવી રીતે ટકશે ? અત્યારે એક Injectionની સોય પણ કેવી ભારે પડી જાય છે કે એ જોતાં જ મોંઢામાંથી ચીસ પડી જાય છે તો પાપો બાંધી નરકમાં જતાં હર પળ ભાલાઓ અને તલવારોના ઘા શી રીતે સહન થશે ?

આજથી જ આપણે સહન કરવાની Practice પાડીએ. કારણ કે સહન કરશું તો શુદ્ધ બનશું.

શુદ્ધ બનશું ત્યારે જ સંપૂર્ણ બનશું.

તો ચાલો સિદ્ધ બનવાની Processમાં આગળ વધીએ.

સંયમ લઈએ...

સહન કરીએ...

શુદ્ધ બનીએ...

સંપૂર્ણ બનીએ...

સિદ્ધ બનીએ...

A small candle can light a thousand

## 25

# ચાલો, કર્મને બાળીએ



**કર્મથી બળે તે સંસારી**
**કર્મને બાળે તે સંયમી**

કર્મની વાતો જ કરવી કે કર્મગ્રંથો ભણવા હજી આસાન છે પણ ખરેખર જ્યારે દુષ્ટ કર્મો ત્રાટકે છે ત્યારે ટાયરમાંથી હવા નીકળી જાય છે.

ક્રૂર કર્મસત્તા માણસના હાલ હવાલ કેવા બેહાલ કરે છે તેનું વર્ણન કરી શકાય તેમ નથી. ક્રૂર કર્મ કેવી રીતે પછાડે છે... દઝાડે છે... ટંકાવે છે... સતાવે છે... હરાવે છે... રિબાવે છે... અથડાવે છે... છેદન... ભેદન... તાડન... મારણ કરાવે છે.

આ બધું અનંત શક્તિના ધારક આત્માએ મને કે કમને સ્વીકારી લેવું પડે છે. તે કેવી દયનીય દશા કહેવાય !

અજર આત્માને પણ ઘડપણ ઝીંકાય છે. ઘડપણમાં લાકડીના ટેકે... ઉધરસ ખાતો.... ડગ... મગ... ડગ... મગ... ચાલે છે.

નિર્મળ કહેવાતા આત્માની જાણે જીવન ચાદર આજે રસોડાના મસોતા કરતાં ય કંઈ ગણી કાળી બની ગઈ છે.

અનંત વૈભવનો ધારક આત્મા પણ આજે રૂપિયાના કાગળિયા માટે શેઠની પાસે કેવો કરગરે છે... ટાઢ... તડકા... ભૂખ... પ્યાસ... Tension અને Depressionનો શિકાર બને છે.

અનંત જ્ઞાનનો માલિક એવો આપણો આત્મા પચાસ-સો વાર ગોખેલું પણ ભૂલી જાય છે. અનુપમ આરોગ્યનો સ્વામી એવો આપણો

આત્મા આજે ટાટા... બ્રીચકેન્ડી... હરકિશન જેવી હૉસ્પિટલમાં Admit થઈ ગ્લુકોઝ કે બ્લડના બાટલાઓ ઉપર... નળી વાટે લેવાતા ફ્રૂટના જ્યુસ ઉપર માંડ છેલ્લી ઘડીના શ્વાસ લેતો જીવી રહ્યો છે.

કેન્સર... ટ્યુમર... લકવા... કોરોના જેવા અનેક રોગોની ભયાનક વેદનાઓથી સતત વ્યથિત બન્યો છે.

આ તે મહાન આત્માની કેવી બેહાલીભરી દયનીય દશા ! અફસોસ....

તો પણ આત્મા કર્મસત્તાની જબરદસ્ત પક્કડ કે સકંજામાંથી કાયમી છૂટકારો મેળવવા માટે હજુય સંયમના પંથે કદમ માંડવા તૈયાર નથી.

હે કરૂણાસાગર પરમાત્મા ! હવે તો તું જ મને આ ક્રૂર કર્મની કરૂણ દાસ્તાનમાંથી બચાવ. હું તદ્દન પરાધીન અને કઠપૂતળી સમાન બની ચૂક્યો છું. કોકની ભરેલી ચાવીથી હું નાચું છું.

કોઈક ભૂત કે રાક્ષસ કોઈના શરીરમાં ઘૂસીને પરેશાન કરે છે તેમ આત્મામાં ક્રોધાદિ કષાયો રૂપી ભૂતડાઓ... અને કર્મરૂપી રાક્ષસો ઘૂસી જઈને મને અનંતકાળથી સતત હેરાન કરી રહ્યા છે.

આ કર્મસત્તાની ચુંગાલમાંથી મુક્ત થવા પ્રભુ ! મને એક તારા પંથનો જ સહારો છે.

**"મારી ઈચ્છા એક ફળે, સંયમ પંથ મુજને મળે"**

તારા સંયમ પંથને પામીને જીવ શિવ બની શકે છે...

વામન વિરાટ બની શકે છે. ઈન્સાન ભગવાન બની શકે છે.

આત્મા પરમાત્મા બની શકે છે.

પ્રભુ ! પરમાત્મા બનવા મળેલા માનવભવને...

હું સંયમ પામીને સાર્થક કરું... હું સંયમ પામીને સાર્થક કરું...

હું સંયમ પામીને સાર્થક કરું...

26

# કોરોનાથી નહિ કર્મોથી ડરો




## કોરોનાથી ડરે તે સંસારી
## કર્મોથી ડરે તે સંયમી

આજે આખી દુનિયામાં કોરોના નામની મહામારીએ તબાહી મચાવી છે. જેને નખમાં પણ રોગ નહોતો એવા કેટલાય લોકોને મોતને ઘાટ ઉતારી દીધા છે. કેટલાયને 14 Daysની ક્વોરોન્ટાઈનની જેલ મળી છે.

આપણે જેટલા કોરાનાથી ડરીએ છીએ એટલા કર્મોથી ડરીએ છીએ ખરાં ? કોરોના ન લાગે એ માટે આપણે જેટલી સાવધાની અને કાળજી રાખીએ છીએ એટલી સાવધાની અને કાળજી કર્મો આપણને ન લાગે એટલા માટે રાખીએ છીએ ખરાં ?

કોરોના ન લાગે તે માટે આપણે વારંવાર સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ... વારંવાર સાબુથી હાથ સાફ કરીએ છીએ તેમ કર્મો ન લાગે તે માટે વારંવાર ધર્મનું સેવન કરવું જોઈએ. પશ્ચાતાપ અને પ્રાયશ્ચિતના સાબુથી વારંવાર હૃદય સાફ કરવું જોઈએ.

કોરોના ન લાગે તે માટે આપણે જેટલું Social Distance રાખીએ છીએ તેટલું કર્મો ન લાગે તે માટે Sin Distance રાખવું જોઈએ. પાપોથી ચાર કદમ દૂર જ રહેવું. આપણે સામે ચાલીને પાપોનું સેવન કરવું નહિ. કદાચ પાપના નિમિત્તો આપણી સામે આવીને ઊભા રહી જાય તો આપણે ત્યાંથી પલાયન થઈ જવું.

કોરોના ન લાગે તે માટે આપણી બજારની કોઈપણ ચીજને હાથ નથી લગાડતા... રૂપિયાની નોટો રસ્તામાં પડી હોય તો તેને પણ ગ્લોઝ

પહેરીને અડીએ છીએ. આમ કોઈપણ વસ્તુને હાથ લગાડતા પહેલાં આપણે વિચારીએ છીએ.

તેમ કોઈ પણ કાર્ય કરતાં પહેલાં સો વાર વિચારવું જોઈએ કે આનાથી મને પાપ તો નહિ લાગે ને... આનાથી મને અશુભ કર્મો તો નહિ બંધાયને...

કોરોનાથી બચવા સરકારના નિયમોનું મને કે કમને પણ પાલન કરવું જ પડે છે ને ! જો સરકારના નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવે તો Policeના દંડા ખાવા તૈયાર રહેવું પડે.

તેમ કર્મોથી બચવા પરમાત્માની આજ્ઞાનું પાલન કરવું પડે. જો પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરવામાં આવે તો નરકમાં પરમાધામીઓના દંડા ખાવા તૈયાર રહેવું પડે.

સરકારના નિયમોનું પાલન કરવા ગમે તેટલી ગૂંગળામણ... બેચેની થતી હોય છતાં ય આપણે એક-દોઢ મહિનાથી ઘરમાં કેદીની જેમ બેઠા છીએ. દુકાન-ધંધો બધું જ બંધ કરી દીધું.

શું પર્યુષણના આઠ દિવસ આપણે આરાધનામાં વીતાવવા ધંધા બંધ રાખીએ છીએ ? અરે ! કેટલાક તો મહાવીર પ્રભુના જન્મ વાંચન દિવસે પણ દુકાનો ખુલ્લી રાખે છે. એ બધા આજે દુકાનો બંધ કરી બેઠાં છે.

આજ સુધી આપણે જે પણ કર્યું તે પરાણે કર્યું. ચાલો આજથી સંકલ્પ કરીએ કે હવે જે પણ કરશું તે પ્રભુની આજ્ઞાથી કરશું.

ભોજન ન મળે તો કૂતરા-બિલાડા-ગધેડા અને ભિખારી પણ તેનો ત્યાગ કરે છે. પણ તે સાચો ત્યાગ ન કહેવાય. જે વસ્તુ તમારી પાસે નથી અને તેનો ત્યાગ કરવો એ લાચારી છે. જે વસ્તુ તમારી પાસે છે એનો સામે ચાલીને ત્યાગ કરવો તે ખુમારી છે. તે જ સાચો ત્યાગ છે.

આવો સાચો ત્યાગ કરનારા દુનિયામાં જો કોઈ હોય તો તે આપણા જિનશાસનના શ્રમણ અને શ્રમણી ભગવંતો છે.

ચાલો આપણે પણ કોરોના કરતાં વધુ કર્મોથી ડરીએ. સરકાર કરતાં

વધુ પ્રભુની આજ્ઞાનું પાલન કરીએ.

પ્રભુની આજ્ઞાનું પાલન કરવા સંયમ લઈએ...

સંયમ લઈએ...

સંમય લઈએ...

શાશ્વત સુખની શોધમાં... વિતરાગની વાટમાં... દીક્ષાના દરબારમાં...વૈરાગ્યના વનવિસ્તારમાં... સર્વવિરતિના સહ્વાસમાં... પ્રવજ્યા પંથના પ્રવાસમાંપગલા પાડવા પરમોત્સુક બનો.

'બહાના શોધનારને કદી રસ્તા મળતાં નથી,
રસ્તા શોધનારને કદી બહાના મળતાં નથી.'

# 27 પ્રભુ ઋષભની કઠોર તપસ્યા



**કર્મોએ પ્રભુને ના છોડ્યા**

**તો**

**પ્રભુએ કર્મોને ના છોડ્યા**

ઋષભ રાજકુમાર દીક્ષા લઈ ઘેર ઘેર ગોચરી વહોરવા માટે નીકળ્યા... આ અવસર્પિણી કાળમાં સૌ પ્રથમ દીક્ષા લેનાર આ ઋષભ રાજકુમાર હતા. તેમની પહેલા કોઈની દીક્ષા થઈ નહોતી... કોઈએ મુનિ ભગવંતને જોયા નહોતાં... મુનિઓના આચારથી બધા અજાણ હતા તે સમયે ઋષભદેવ પરમાત્મા ગોચરી વહોરવા ગયા.

બધા લોકો વિચારવા લાગ્યા આ તો આપણા રાજા છે. એમને ઉત્તમ વસ્તુઓ આપવાની હોય એમ વિચારી કેટલાક હીરા-માણેક-મોતી આપવા લાગ્યા... તો કેટલાક સુવર્ણ-ચાંદી-રત્નો આપવા લાગ્યા... કોઈ પોતાની કન્યા આપવા લાગ્યા... પણ તેમને ક્યાં ખબર હતી કે આ બધાનો તો મુનિ ભગવંતો સ્પર્શ પણ ન કરે.

રાજા તરીકેની અવસ્થામાં જેઓ પાણી માંગતા તો દૂધ મળતું એમને આજે પાણી પણ નથી મળતું. રાજા તરીકે ભોજન કરવા બેસતાં જ સેવકો સેંકડો વસ્તુઓ એમના માટે તૈયાર રાખતા તેમને આજે ઘેર ઘેર ફરવા છતાં અન્નનો એક દાણો પણ ન મળ્યો.

અન્ન-જળ વિના એક... એક દિવસો પસાર થતાં જાય છે પણ પ્રભુની પ્રસન્નતા અખંડ છે. એમના મુખ પરથી તેજ સહેજ પણ ઓછું નથી થયું... એક-એક કરતાં ૪૦૦-૪૦૦ દિવસો પૂરાં થયા. પ્રભુને ૪૦૦

નિર્જળા ઉપવાસ થયા.

લોકો ચિંતામાં પડ્યા. આ પ્રભુ રોજ આવે છે પણ કંઈ લીધા વિના પાછા જાય છે. અમે કેટલા દુર્ભાગી છીએ. આ પ્રભુ અમારે ત્યાં આવીને ખાલી હાથે પાછા જાય છે. લોકો પોતાની જાત ઉપર ધિક્કાર વરસાવતા હતા. ત્યારે ઘેર ઘેર ભિક્ષા માટે જતાં પ્રભુને જોઈ વૈશાખ સુદ ત્રીજના દિવસે શ્રેયાંસકુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું.

તેમણે પ્રભુને નિર્દોષ ઈક્ષુરસથી પારણું કરાવ્યું. દેવોએ પંચવૃષ્ટિ કરી. દેવદુદુંભિનો નાદ ગગનમાં થવા લાગ્યો. લોકો નાચવા લાગ્યા.

પ્રભુએ આહાર ગ્રહણ કર્યો જાણી સૌ નાચી ઊઠ્યા. આમ પ્રભુના આ તપની યાદમાં વર્ષીતપની આરાધના દરેક સંઘોમાં થાય છે.

Salute કરજો દરેક વર્ષીતપના તપસ્વીઓને... કે જેમણે આ વખતે કોરોનાની અગ્નિ પરીક્ષામાં પોતાનું સત્ત્વ ટકાવી રાખ્યું છે. મહોત્સવો કરવાના બધા મનોરથોનો મહેલ ધરાશાયી થઈ જતાં પણ જેઓએ હિંમત ટકાવી રાખી છે.

કોરોનાના ઉપદ્રવમાં આપણને ખાવાના પણ ફાંફા પડે છે ત્યારે આ મહારથીઓએ કઈ રીતે બિયાસણા કર્યાં હશે ? બિયાસણામાં શું વાપર્યું હશે ? ઉપવાસના પારણે બિયાસણામાં લુખ્ખું-સૂક્કું વાપરી પાછો ઉપવાસ કરવાનો.

દરેક વર્ષીતપના તપસ્વીઓની આપણે મનથી ખૂબ ખૂબ અનુમોદના કરીએ અને પરમાત્માને વિનંતી કરીએ કે એમને ખૂબ પ્રસન્નતા આપે.

પ્રભુ ! મારે પણ અનાદિ કાળની ગુણ પ્રાપ્ત કરવાની દીર્ઘ તપસ્યા ચાલે છે. પણ મને ક્યાંય ગુણ પ્રાપ્ત થતાં નથી.

આજના દિવસે શ્રેયાંસ કુમારે ઈક્ષુરસ વહોરાવી આપને પારણું કરાવ્યું તો આપ મારા માટે શ્રેયાંસકુમાર બની ગુણરૂપી ઈક્ષુરસથી મને પારણું કરાવો જેથી મારો અનાદિકાળનો દીર્ઘ તપ પૂર્ણ થાય.

**“ગુણ પામવા ભિક્ષુક બની ભમતો અનાદિકાળથી**
**ગુણપ્રાપ્તિ ક્યાંયે ના થતી, અવિરત તપસ્યા ચાલતી**
**ગુણ ઈક્ષુરસ વહોરાવવા શ્રેયાંસ થઈ આવે વિભુ**
**મુજ આતમનો દીર્ઘતપ થાય પૂર્ણ જેહ થકી પ્રભુ”**

પ્રભુ ! મને પારણું કરાવવા આવશો ને ?

પ્રભુ ! મને આપના પંથે ચલાવશો ને ?

પ્રભુ ! જલદી પધારો...

જલદી પધારો...

જલદી પધારો...

**રોજ પ્રભુ પાસે પ્રાર્થના કરો કે...**

‘મોહતંતુ તોડીને હું સ્વજન સંગ કયારે ત્યજીશ ?
સંવેગને વૈરાગ્યના રસરાજને કયારે ભજીશ ?
ગુરુદેવના પદકમલમાં બની ભ્રમર હું કયારે રમીશ ?
શ્રામણ્યરૂપી સુંદરી કયારે વરીશ... કયારે વરીશ ?

# નિષ્ફળ દેશનાનો સફળ સંદેશ

28



**માનવજીવનનો એક જ સાર**
**સંયમ વિના નહિ ઉદ્ધાર**

"હતું રાજપાટ... હતાં એ સમ્રાટ...

તો યે વીરે લીધી... વિરતિની વાટ..."

આ પંક્તિઓ આપણે ઘણીવાર સાંભળી... એકવાર જીવનમાં ઉતારી દઈએ તો કામ થઈ જાય.

વર્ધમાનકુમાર પાસે શું નહોતું ? રાજપાટ... સુખ સામગ્રી... રાજમહેલ... નોકરો... ચાકરો... દાસો... સેવકો... એમના પરિવારજનો એમને ફુલની જેમ સાચવતા હતાં છતાં ય પ્રભુએ બધી સુખ સુવિધાઓને તરછોડી સાચું સુખ મેળવવા સંયમપંથે ડગલું માંડ્યું.

સાચું સુખ સંસારમાં છે જ નહિ. સાચું સુખ તો સંયમમાં છે. મુંબઈથી શંખેશ્વર જવું હોય તો વાયા વિરમગામ થઈને જવું પડે તેમ આત્મામાંથી પરમાત્મા બનવા વાયા મહાત્મા થઈને જવું પડે.

આજ સુધી એક પણ તીર્થંકર એવા થયા નથી, થતાં નથી... અને ભવિષ્યમાં થશે પણ નહિ કે જેઓ દીક્ષા લીધા વિના મોક્ષમાં જાય. દરેક તીર્થંકર પરમાત્માઓ દીક્ષા લેશે... લેશે... અને લેશે જ.

આપણી પાસે નથી રાજમહેલ... નથી એટલી સુખ સુવિધાઓ... અરે ! એક નોકર કે ઘાટી છે એને ય આપણે સાચવવો પડે નહિં તો ભાગી જવાની આપણને ધમકી આપે... શું છે આપણી પાસે ? કશું જ નથી છતાં

ય છોડવાનું મન થતું નથી ?

ચક્રવર્તી જેવા ચક્રવર્તીઓ પણ વૈરાગ્ય થતાં છ ખંડ તણખલાની જેમ છોડી દે છે જ્યારે ભિખારી પોતાનું ભીખ માંગવાનું વાસણ પણ છોડી શકતો નથી.

ચક્રવર્તી જેવા પરમાત્માએ ક્ષણવારમાં આખો ભર્યો ભાદર્યો સંસાર ત્યજી દીધો. ભિખારી જેવા આપણે એક નાનકડી વસ્તુ પણ છોડી શકતા નથી.

સંયમ લઈ સાડા બાર વર્ષથી ભયંકર ઉપસર્ગોની વણઝાર વચ્ચે પણ પ્રભુએ સમતા રાખી જેના પ્રભાવે વૈશાખ સુદ દશમના દિવસે ઋજુવાલિકા નદીના કિનારે વીર પ્રભુને કેવળજ્ઞાન પ્રગટ થયું.

કેવળજ્ઞાન થતાં જ દેવદેવીઓએ સમવસરણની રચના કરી. પ્રભુની દેશના સાંભળવા તત્પર થયાં. પ્રભુએ ક્ષણમાં જ દેશના આપી ત્યાંથી પાવાપુરી તરફ વિહાર કર્યો. પ્રભુની પ્રથમ દેશના નિષ્ફળ ગઈ, કારણ કે ત્યાં કોઈને પણ સંયમના ભાવ ન જાગ્યા.

પાવાપુરી જઈ દેશના આપી ૧૧ ગણધર ભગવંતો વગેરેને દીક્ષા આપી વૈશાખ સુદ અગિયારસના દિવસે શાસનની સ્થાપના કરી.

આનો મતલબ એ જ થયો કે...

શાસન સ્થાપનાનો સાર... સંયમ, પ્રભુની દેશનાનો સાર... સંયમ

માનવજીવનનો સાર... સંયમ, મારા જીવનનો આધાર... સંયમ

મહાત્માના ઉપદેશનો સાર... સંયમ

બાપદાદાની પેઢી સંભાળી પાપનો વારસો વધારવા કરતા પ્રભુવીરની પેઢી સંભાળી સંયમનો વારસો વધારવામાં જ માનવ જીવનનો સાર છે.

પ્રભુ ! તારું શાસન મુજને ફળે...

તારું સંયમ મુજને મળે...તારું સંયમ મુજને મળે...

# 29 અક્ષય બનવા અક્ષયરાજ બન્યા કલાપૂર્ણસૂરિ



**ધન ધન સૂરિવરા... ધન ધન સૂરિવરા...**
**ધન ધન સૂરિવરા... ધન ધન સૂરિવરા...**

આજથી લગભગ ૯૭ વર્ષ પૂર્વે રાજસ્થાનના ફલોદિ ગામમાં એક બાળકનો જન્મ થયો. પરિવારજનો એ બાળકના તેજને જોતાં જ રહી ગયા... બધા ખૂબ ખુશ થયા. આજુબાજુવાળાનું મીઠું મોંઢું કરાવી અક્ષયરાજ નામ પાડ્યું.

આ અક્ષયરાજને નાનપણથી જ પ્રભુ ખૂબ ગમતા. એ દેરાસરમાં જાય પછી એને સમયનું ભાન જ ન રહે. એને જમવા માટે બોલાવવો પડે ત્યારે માંડ માંડ આવે.

આ અક્ષયરાજની ઉંમર વધતી ગઈ... સાથે સાથે એનું અંતઃકરણ સંસારથી અલિપ્ત થતું ગયું. સમય મળતાં જ ધર્મની આરાધના કરવા બેસી જાય.

એક વખત આ અક્ષયરાજને શેઠે દુકાનમાં ઘણું કામ હોવાથી રાત્રે Late છોડ્યાં... રાત્રે ૧૧ વાગે અક્ષયરાજ પોતાના નિવાસસ્થાને આવ્યા. એમને એક સામાયિક કરવાનો નિયમ હતો. આજે દુકાને ઘણું કામકાજ હોવાથી એક સામાયિક કરવાનું બાકી હતું.

આટલા થાકીને આવ્યા પછી તુરંત જ તેઓ સ્વચ્છ કપડાં પહેરી સામાયિક કરવા બેસી ગયા. ધન્ય છે તેમની દૃઢ પ્રતિજ્ઞાને... તેમના સત્ત્વને... આ જગ્યાએ આપણે હોત તો ક્યારના ય ચાદર ઓઢીને સૂઈ ગયા હોઈએ. શેઠને કેટલી ય ગાળો આપી હોત. આજ તો આપણા અને

મહાપુરુષોમાં અંતર હોય છે.

આ અક્ષયરાજના માતા-પિતાએ લગ્ન કરાવી દીધા. અનુક્રમે તેમને બે બાળકો થયા. બંનેને નાનપણથી જ સારા સંસ્કારો આપવા લાગ્યા.

અક્ષયરાજનું મન દિન-પ્રતિદિન સંયમ લેવા તડપી રહ્યું હતું, પણ પરિવારની જવાબદારીના કારણે કોઈ રસ્તો સૂઝતો નહોતો. હવે એમની પાસે એક જ રસ્તો હતો કે પરિવાર દીક્ષા લેવા તૈયાર થાય તો જ મને સંયમ મળે.

આખા પરિવારને તૈયાર કરવાનું કામ અઘરું હતું. પણ તેમણે સાહસ ખેડ્યું. બંને બાળકોને રોજ સાંજે ઘરે આવી સંયમની અને સંયમીઓની વાતો કરે. બંને દીકરાઓ પણ પિતાજીની વાતો ધ્યાનથી સાંભળતા.

આજે કેવી દયનીય સ્થિતિ છે કે પિતાજી સૂતાં હોય ત્યારે દીકરાઓ સ્કૂલે જતાં રહ્યા હોય અને પિતાજી ઑફિસેથી આવે તે પહેલાં દીકરાઓ સૂઈ ગયા હોય. સાથે રહેવા છતાંય બાપ અને દિકરા એકબીજાને મળી શકતા નથી તો સંસ્કારો ક્યાંથી આવે ?

અક્ષયરાજે પિતા તરીકેની સંપૂર્ણ ફરજ નિભાવી. તેમણે વિચાર્યું કે આખી દુનિયા પોતાના સંતાનોને સંપત્તિનો વારસો આપે છે, પણ મારે મારા સંતાનોને સંયમનો વારસો આપવો છે.

આમ દરરોજ સંતાનોને સંયમના સંસ્કારો આપી આજથી ૬૭ વર્ષ પૂર્વે વૈશાખ સુદ દશમના દિવસે સપરિવાર ધામધૂમથી દીક્ષા અંગીકાર કરી. એ વખતે બંને બાળકોની ઉંમર ૧૦ વર્ષ અને ૮ વર્ષની હતી. બધા તન-મનથી સંયમની અપ્રમત્ત સાધના કરતાં કરતાં પોતાના જીવનને સાર્થક કરે છે.

આ અક્ષયરાજ એટલે બીજું કોઈ નહિ પણ કચ્છ વાગડ દેશોદ્ધારક અધ્યાત્મયોગી આચાર્યદેવ શ્રીમદ્ વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજા. ચાહે કોઈ પણ સમુદાય કે ગચ્છ હોય... ભક્તિની જ્યાં વાત આવે ત્યાં એમને અચૂક યાદ કરે...

બંને બાલમુનિઓ એટલે આ. કલાપ્રભસૂરીશ્વરજી મ.સા. તથા આ. કલ્પતરુસૂરીશ્વરજી મ.સા. કચ્છ વાગડનું સુકાન સંભાળી યોગક્ષેમ કરી રહ્યા છે. આજના દિવસે આ મહાપુરુષો પાસે...

સંયમનો વારસો માંગીએ...

સંયમનો વારસો માંગીએ...

સંયમનો વારસો માંગીએ...

**કંઈ ન થાય તો છેલ્લે પ્રભુને વિનંતી કરીએ કે હે પ્રભુ !**

'ભલે આવ્યો વગર કપડે,
જીવન જીવ્યો દરજીના કપડે,
પણ જાઉં ત્યારે પ્રભુ,
તારો વેશ મારા દેહે હોય
એટલી તો કૃપા કરજે.'

# ડગલે પગલે વૈરાગ્યના નિમિત્તો 30



## શું જોઈને વૈરાગ્ય થાય તેવું વિચારે તે સંસારી
## શું જોઈને વૈરાગ્ય ન થાય તેવું વિચારે તે સંયમી

આપણને જે જે ચીજોમાં રાગના દર્શન થાય છે તે દરેક ચીજોમાં સંયમીઓને વૈરાગ્યના દર્શન થાય છે. જો તમારે ખરેખર તમારી અંદર રહેલા વૈરાગ્યને બહાર લાવવો હોય તો ચાર જગ્યાએ જજો.

(૧) **અનાથાશ્રમ :** જેની હજી આંખ પણ ખૂલી નથી એવા... એવા બાળકોને અનાથાશ્રમમાં જોતાં હૈયું ભરાઈ જાય છે. શું ભૂલ છે આ નિર્દોષ-માસૂમ બાળકોની... કે જેમણે એના મા-બાપે વગર વાંકે રસ્તે રઝળતા મૂકી દીધા.

જે અવસ્થામાં એમને સતત માતા-પિતાના પ્રેમની... હૂંફની... લાગણીની જરૂરત છે એ અવસ્થામાં તેઓને અનાથ જોઈને અંદરથી કરૂણા નથી ઉભરાતી... અંદરથી આવા સ્વાર્થી સંસારપ્રત્યે ધિક્કાર નથી છૂટતો...

આપણે પણ આવા અનાથ બનીને અનંતીવાર રખડ્યા... ભટક્યા... રડ્યા છીએ. હવે ત્યાંથી અટકવું હોય તો સંયમના પંથે જવું જ પડશે.

(૨) **Hospital :** Hospitalનું દૃશ્ય જોતાં જ આંખો ભરાઈ જાય... કોઈક Bed પર માત્ર ૮ વર્ષનો છોકરો જીવન અને મૃત્યુ વચ્ચે ઝોલા ખાતો જોવા મળે... તો કોઈ યુવાન ફૂલસ્પીડમાં Bike ચલાવતાં Accident થતાં તેના બે પગ કપાયેલી અવસ્થામાં ચીસો પાડતો જોવા મળે.

કોઈક પુત્રવધૂ સાસુના ત્રાસથી કંટાળી શરીરે કેરોસીન છાંટી બળી ગયેલી અવસ્થામાં નરકના દુઃખની અનુભૂતિ કરતી જોવા મળે તો કોઈ કૉલેજિયન કન્યા પર કોઈ દુષ્ટ યુવાને Acid છાંટતા બૂમો પાડતી જોવા મળે.

આવી નરકની યાદ અપાવે તેવી વેદનાઓ પણ માનવભવમાં આપણે અનંતીવાર સહન કરી. હવે આ વેદનાઓથી મુક્ત થવા વીરના પંથે જવા સિવાય બીજો કોઈ જ ઉપાય નથી.

(૩) **વૃદ્ધાશ્રમ :** જે દિકરાને મા-બાપે જન્મ આપ્યો... પોતે ભીને સૂઈને એને સૂકામાં સુવાડ્યો... પોતે ભૂખ્યા રહીને પણ જેનું પેટ ભર્યું... પોતે પારકા ઘરના કામો કરીને પણ જેને ભણાવ્યો... પોતાની બધી મિલકત એના નામે કરી... પોતે રાત-દિવસ મહેનત કરી જેને ઘર બંધાવી આપ્યું... એ જ દિકરો એ જ ઘરમાંથી જ્યારે મા-બાપને બહાર કાઢે છે... એનાથી મોટો આઘાત બીજો કયો હોઈ શકે ?

જે મા-બાપે પોતાની નાનકડી ઝૂંપડીમાં ૫-૫ સંતાનોને સાચવ્યા એ ૫-૫ સંતાનો પોતાના મોટા મોટા બંગલામાં એક મા-બાપને સાચવી શકતા નથી. આનાથી મોટી કરૂણતા બીજી કઈ હોઈ શકે ?

આવા મતલબી સંસારને જોઈને હજું ય હૃદય નથી પીગળ્યું ?

(૪) **સ્મશાન :** આજ સુધી આપણે કેટલાય લોકોને સ્મશાને વળાવીને આવ્યા... એ દશ્ય જોઈને અંતર દ્રવી નથી ઉઠ્યું ?... વિચાર નથી આવતો કે મારે પણ મારો હર્યો... ભર્યો... સંસાર છોડીને એક દિવસ અહીં જ સૂવાનું છે.

આજે હું બીજાના શરીરની રાખ થતી જોઉં છું. એક દિવસ મારા શરીરની પણ આવી જ રાખ થવાની છે. તો પછી શા માટે જે સાથે નથી આવવાનું એની પાછળ રાત-દિવસ કુતરાની જેમ દોડું છું.

હે પ્રભુ ! મને સન્મતિ આપો. આવા બીહામણા દશ્યો જોયા પછી મારું મન સંસારથી ઉઠી ગયું છે. હવે મારે સંસારમાં નથી રહેવું. હવે મારે

મોક્ષનું શાશ્વતું સુખ જોઈએ છે. મારે જન્મ-જરા-મરણથી મુક્ત થવું છે. આધિ-વ્યાધિ અને ઉપાધિથી ભરેલા સંસારમાંથી મુક્ત થવા...

પ્રભુ ! મારે સંયમ લેવું છે...

મારે સંયમ લેવું છે...

મારે સંયમ લેવું છે...

મા જન્મ આપે છે.
ગુરુમા જીવન આપે છે.
મા ભાગ્યવાન બનાવે છે.
ગુરુમા ભગવાન બનાવે છે.
મા દુઃખથી બચાવે છે.
ગુરુમા દોષથી બચાવે છે.
મા સ્વસ્થ બનાવે છે.
ગુરુમા સ્વચ્છ બનાવે છે.
મા દશા બદલાવે છે.
ગુરુમા દિશા બદલાવે છે.

31

# આપણું ઘર કયું ?



## માલિક બનીને જીવે તે સંસારી
## મહેમાન બનીને જીવે તે સંયમી

જે વ્યક્તિ ઘરમાં કાયમ માટે રહેવાનો હોય તે ઘરનો માલિક કહેવાય. અને જે ઘરમાં થોડો સમય રહી ઘર છોડી જતો રહેવાનો હોય તે મહેમાન કહેવાય.

ઘરમાં નળ લીક થતો હોય... છતમાંથી પાણી ટપકતું હોય... દિવાલના પોપડાં ઉખડી ગયા હોય... વારંવાર લાઈટ જતી રહેતી હોય... આ બધાની અસર કોને થાય ? મહેમાનને કે માલિકને ?

મહેમાનને તો ૨-૪ કલાક રહીને જતું રહેવાનું છે. લાઈટ હોય કે ન હોય... પોપડા ઉખડે કે પાણી ટપકે... એને શું ? એ તો ૨-૪ કલાક પોતાની મસ્તીમાં રહી ત્યાંથી રવાના થઈ જશે.

પણ જે માલિક હોય તેને આ બધી ઉપાધિ... એને ઘરમાં નાનકડી ખરોચ પડે એ પણ ન પોષાય. કારણ કે એણે ઘરને પોતાનું માન્યું છે.

હવે આપણે આપણી જાતને પૂછીએ કે જે ઘર-બંગલા-પૈસાને આપણે પોતાના માનીએ છીએ એ પોતાના કે પારકાં ?

જો કાયમ માટે તમે અહીં જ રહેવાના હો... મૃત્યુ પામીને બીજે ક્યાંય ન જવાના હો તો એ ઘર પોતાનું કહેવાય. બાકી તો પારકું જ કહેવાય... આજે નહિ તો કાલે એ છોડવાનું જ છે. અને જે છોડવાનું જ છે એને પકડી રાખવાનું... ભાગદોડ કરવાનું ગાંડપણ શા માટે ?

ઘણી વખત ઘણા લોકો પોતાના ઘરનું કોઈને Address આપતા હોય ત્યારે કહે કે આ મારું કાયમી Address છે ? એ જોઈ ઘણીવાર હસવું આવે કે ભઈલા ! તું કાયમી નથી તો તારું Address કાયમી ક્યાંથી રહેવાનું ? એટલે જ તો કહ્યું છે -

**'જીવ ! શાને ફરે છે ગુમાનમાં,**

**તારે રહેવું ભાડાના મકાનમાં.'**

આજથી જ જો સુખી થવું હોય તો ભાડુઆત બની જીવવાનું શરૂ કરો. ભાડાના ઘરમાં રહેનારો તે ઘરમાં રહે ખરો પણ તેને પોતાનું માને નહિ. તેમ આપણે પણ ઘરમાં રહેવાનું ખરા પણ તેને પોતાનું માનવાનું નથી.

આપણે શંખેશ્વર કે પાલિતાણા તીર્થયાત્રા માટે જઈએ ત્યારે આપણો ઉતારો ધર્મશાળામાં હોય. આપણે યાત્રિક બની ત્યાં બે-ચાર દિવસ રહેશું. પછી પાછા આપણા પોતાના ઘરે આવી જઈશું. પણ ધર્મશાળામાં કાયમ માટે રોકાઈશું નહિ.

ચાર ગતિ એ ધર્મશાળા જેવી છે. ક્યાં સુધી એક ધર્મશાળામાંથી બીજી ધર્મશાળામાં ભટકતા રહેવાનું... ક્યાં સુધી ભાડુઆતની જેમ એક શરીરમાંથી બીજા શરીરમાં સ્થળાંતર કરવાનું... હવે થાક લાગ્યો છે... હવે ભટકવું નથી પણ પોતાના ઘરમાં જઈ કાયમી શાંતિનો શ્વાસ લેવો છે.

આપણું ઘર એટલે મોક્ષ. જ્યાં આપણે કાયમી રહી શકીએ. ત્યાં ગયા પછી ત્યાંથી બહાર કાઢવાની કોઈની તાકાત નથી. ચાલો ! આપણે પારકા ઘરને છોડી આપણા પોતાના ઘર તરફ જઈએ.

મોક્ષરૂપી સ્વગૃહમાં વસવાટ કરવા...

સંયમ લઈએ...

સંયમ લઈએ...

સંયમ લઈએ...

# 32 ચાલો, ઈતિહાસ રચીએ



**ઈતિહાસ વાંચે તે સંસારી**
**ઈતિહાસ રચે તે સંયમી**

અનાદિકાળનો આપણો ઈતિહાસ વાંચીએ તો આપણે માત્ર ત્રણ જ કામ કર્યાં છે. જનમવું... જીવવું અને મરવું. જ્યારે સંયમીઓ અનાદિકાળના ઈતિહાસને વાંચી આ ભવમાં એક નવો ઈતિહાસ સર્જવા તત્પર થયા છે અને તે છે અજન્મા બનવાનો.

ઈતિહાસના પાનાંઓ પાસે કાન માંડીએ ત્યારે સંભળાતું અનિત્યતાનું કરૂણ સંગીત દિલને ધ્રૂજાવી દે છે. બિહારની એ જાજરમાન નગરીઓ આજે લાંબી સોડ તાણીને પોઢી ગઈ છે. હજારો મહેલોના ખંડેરો પણ આજે વિદ્યમાન નથી.

કુટિલ રાજનીતિઓથી ભલભલાને સકંજામાં લેનાર ચાણક્ય સ્વયં યમના સકંજામાં આવી ગયો.

જેના નામની સંવતો ચાલુ થઈ તે વિક્રમાદિત્ય કે ઈસુ ખ્રિસ્તના વિલયની વાત તો તે સંવત અને સન પાસેથી જ જાણવા મળે છે.

ઈતિહાસના પાનાંઓ વાંચી પાટણ અને ખંભાતનો વૈભવ જાણીને ત્યાં દોડી જવાનું મન થાય... અને તે શહેરોની આજની ભગ્નદશા આપણા ઉત્સાહને અધમૂઓ કરી નાંખે છે.

ધરતીને ધ્રૂજાવનારા કેટલાય ભડવીરો ધરતીમાં જ સમાઈ ગયા. કેટલાય મહાનગરો ધરતીના પેટાળમાં દટાઈ ગયા. પુરાતત્ત્વ ખાતાની વહી

વાંચતા એ દટાયેલાં નગરોના ભગ્ન અવશેષોનો આંસુઓથી અભિષેક કરવાનું દિલ થઈ આવે છે.

અજમેરથી આગ્રા સુધીના રસ્તાને શિંગડા અને ખોપરીના તોરણોથી શણગારનાર અકબરને શિંગડા તો ન્હોતા પણ તેની ખોપરી પણ આજે ક્યાં જડે છે.

મુમતાઝ માટે તાજમહેલ બનાવનાર શાહજહાં પણ કબર નીચે પોઢી ગયા.

વોરન હેસ્ટીંગ્સ, માઉન્ટ બેટન, ક્લાઈવ, મેકોલે આ બધા ભારતમાં આવીને ઘણું તોફાન કરી ગયા પણ કાળના ખપ્પરમાં એ ય હોમાઈ ગયા.

ઝાંસીની રાણી, તાત્યા ટોપે, ભગતસિંહ, મહારાણા પ્રતાપ, ચંદ્રગુપ્ત મૌર્ય, છત્રપતિ શિવાજી બધા ય માત્ર ઈતિહાસના પાનાઓ પર નામ માત્રથી રહી શક્યા. એમનો ય ઝગારા મારતો સૂર્ય અસ્ત થઈ ગયો.

કરેંગે યા મરેંગેની ઘોષણા કરનાર ગાંધીજી ભારતનો પ્રજાસત્તાક દિન પણ ન જોઈ શક્યા. અબ્રાહમ લિંકન અમેરિકાના પ્રમુખ બનીને લોકશાહીના આદર્શો માટે ઘણું ઝઝૂમ્યા પણ આખરે તે'ય મોત સામે ન ઝઝૂમી શક્યા.

Freedom is our birth right ના ઉદ્‌ઘોષક લોકમાન્ય તિલકે ખરેખર આ દેહથી Freedom મેળવીને Birth Right જાળવી રાખ્યો.

એકવાર આખી દુનિયાને ધ્રૂજાવતા સિકંદર, હિટલર, નેપોલિયન જેવા શાસકોનો આજે કોઈ પત્તો નથી. ચંબલના ડાકુઓને બુઝવનારા જયપ્રકાશજી યમડાકુને ક્યાં બુઝવી શક્યા ?

ભારતના વડાપ્રધાન ઈંદિરા ગાંધીજીએ પણ આખરે વડાપ્રધાન પદેથી જ નહિ... જગતના ચોકમાંથી જ નિવૃત્ત થવું પડ્યું.

મોટા ધુરંધરો ય ધરાશાયી થયા... મોટી મહેલાતો પણ ભોંયભેગી થઈ... મોટા નગરો પણ જમીનદોસ્ત થયા.

દુનિયાની કોઈ પણ મોંઘીદાટ વસ્તુ હોય કે ગમે તેટલો મહાન વ્યક્તિ હોય... કુદરતનો અટલ નિયમ છે, જેનું સર્જન થાય છે તેનું અવશ્ય વિસર્જન થાય જ છે.

દુનિયામાં માત્ર એક જ સ્થાન એવું છે જ્યાં કાયમ રહી શકાય છે. જ્યાં ક્યારેય કોઈનો ય નાશ નથી થતો. એ શાશ્વત સ્થાન એટલે જ મોક્ષ.

આ મોક્ષમહેલમાં પ્રવેશ કરવાનું દ્વાર એટલે જ સંયમ.

તો ચાલે મોક્ષ મહેલમાં પહોંચવા...

સંયમ દ્વારમાં પ્રવેશ કરીએ...

સંયમ દ્વારમાં પ્રવેશ કરીએ...

સંયમ દ્વારમાં પ્રવેશ કરીએ...

---

આપણને ચિંતા કોની? સાથે રહેનાર આત્માની કે છૂટા પડી જનાર શરીરની ? કમાલ કહેવાય કે જેને એકે ક્ષણ પણ ભૂલવાનો નથી તેને આખા દિવસમાં એક ક્ષણ પણ યાદ કરતાં નથી.

---

# દો દિન કી ચાંદની ફિર અંધેરી રાત

33



**મેળામાં ભળી જાય તે સંસારી**
**મેળાથી તરી જાય તે સંયમી**

મહર્ષિઓએ આ સંસારને મેળો કહ્યો છે. મેળામાં હજારો લોકો એકત્ર થાય છે. એકબીજાને મળે... એકબીજામાં ભળે... કોઈની સાથે પ્રીત બંધાય... તો... કોઈની સાથે વેર બંધાય... કોઈની સાથે રમે... કોઈની સાથે જમે... તો કોઈની સાથે ભમે... સાંજ પડતા એ મેળો વિખરાય અને સહુ પોતપોતાના સ્થાને પહોંચી જાય... એકબીજાને ભૂલી જાય... ફરી ક્યારેક મળવાનું થાય કે ન પણ થાય.

માતા-પિતા-પુત્ર-પત્ની-શેઠ-નોકર-મિત્ર-ભાણેજો... કે ભત્રીજો... આ બધો પરિવાર અને મિત્રવર્તુળ મેળાની જેમ ક્ષણજીવી છે. સાંજ પડતા મેળો વિખરાય તેમ જીવન ઢળતાં સહુનો સંયોગ વિખરાય. કોઈક ક્યાંય જશે તો કોઈક ક્યાંય.

નવ નવ મહિના પોતાના પેટમાં રાખી ફરી તે માતાને ય દિકરાનો વિયોગ થશે તો તે દિકરાને પણ માતાનો વિયોગ થશે.

જેને સુખ-દુઃખના સાથી બનાવ્યા... નોકરીએ લગાડ્યા... પેઢીએ બેસાડ્યાં... જેના જીવનનો આધાર બન્યા... તે સર્વેને એકદા આખરી અલવિદા કરી દેવાની છે... તે સર્વનો વિરહ નિશ્ચિત છે.

પ્રત્યેક સંયોગ વિયોગને બંધાયેલો છે. મળેલા છૂટા પડવાના છે... જોડાયેલા વિખરાવવાના છે... મિલન થયું છે તે સર્વનો વિરહ થવાનો છે... મેળામાં પણ આવું જ બને છે. માટે જ્ઞાનીઓ સંસારને અને આ

જીવનને એક મેળો કહે છે.

તો વળી કોઈ સંસારને માળો કહે છે. ત્યાં પણ આવું જ છે. પક્ષીઓ જન્મે છે... સાથે ઉછરે છે... ભેગા રહે છે... અને સવાર થતાં જ ઉડી જાય છે.

પક્ષી ઘાસના તણખલા શોધી લાવે છે અને માળો બનાવે છે. માનવી પૈસાના બંડલો લઈ આવે છે અને મકાન બંધાવે છે. પક્ષીઓ અનાજના કણિયા લાવીને એકબીજાને ખવડાવે છે. માનવી પાસે પણ આ જ પદ્ધતિ છે. સંસારના માળામાં માનવી નામનું પક્ષી જનમ્યા કરે... અને ઉડ્યાં કરે...

અનિત્ય સંયોગોનો ખ્યાલ આપવા જ્ઞાનીઓ આ સંસારને મુસાફરખાનું પણ કહે છે. એક મુસાફર બીજા પ્રવાસીને મળે... એકાદ રાત્રિ સાથે રહે... સવાર પડતાં જ સૌ સૌના રસ્તે જાય... સંસાર પણ આખરે તો છે એક મુસાફર ખાનું. થોડાં વર્ષો સાથે રહેવાનું... ફરવાનું... ને પછી ચાલ્યા જવાનું...

મહાસમુદ્રમાં તરતાં તરતાં એક લાકડાંને બીજું એક તરતું લાકડું મળી જાય... ક્ષણભર બે ટકરાય... થોડીવાર કદાચ એકબીજાને વળગીને રહે... ફરી એક મોટું મોજું આવે... બંને છુટાં પડે.... એક ક્યાંય ફંગોળાય... તો... બીજું ક્યાંય ફેંકાય... ફરી એકબીજાને મળે કે ન પણ મળે.

સમુદ્રના બે લાકડાના મેળાપ જેવો આ સંસારમાં જીવોનો સમાગમ છે. જેઓ એકબીજા વિના એક ક્ષણ પણ રહી શકતા નથી એ જીવોને પણ કાયમ માટે જુદા પડવું જ પડે છે.

ટ્રેનના ડબ્બામાં અનેક પ્રવાસીઓ ભેગા મળે... વાતો કરે... ઓળખાણ કાઢે... સાથે નાસ્તો કરે... પત્તા રમે... એકબીજાના સરનામાં પણ લઈ લે... Mobile Number પણ લઈ લે. જોતજોતામાં મુસાફરી પૂરી થાય... સહુ સહુના સ્ટેશન આવી જાય... છૂટા પડતાં કદાચ આંખો ભીની થાય... પણ પોતપોતાનું સ્ટેશન આવતા દરેકે ઉતરવું જ પડે છે...

છૂટા પડવું જ પડે છે.

તેમ સંસારમાં મૃત્યુનું સ્ટેશન આવતા દરેકે રડતી આંખે પણ અહીંથી વિદાય લેવી જ પડે છે. એકબીજાનો વિરહ અનુભવવો જ પડે છે.

હવે એવા સ્થાનમાં જઈએ કે જ્યાં ક્યારેય કોઈનોય વિરહ ન થાય.. કોઈથી જુદા ન પડવું પડે... કાયમ માટે ત્યાં રહી શકાય..

એવું સ્થાન એટલે જ મોક્ષ.

આ શાશ્વતા મોક્ષને પ્રાપ્ત કરવા...

સંયમ સ્વીકારવું જ પડે...

સંયમ સ્વીકારવું જ પડે...

સંયમ સ્વીકારવું જ પડે...

**સંયમ ન લઈ શકીએ ત્યાં સુધી સાચા શ્રાવક તો બની શકીએ છીએ ને ? સાચો શ્રાવક તે જ કહેવાય...**

જે ચોવિહાર મૂકે નહીં,
સામાયિક કદી ચૂકે નહીં,
બીડી, સિગારેટ ફૂંકે નહીં અને
જ્યાં ત્યાં ઝૂકે નહીં.

34

# મૃત્યુને મહોત્સવ બનાવો



## પાષાણરાશિનો સંચય કરે તે સંસારી
## રત્નરાશિનો સંચય કરે તે સંયમી

એક દ્વીપ ઉપર પર્વત જેવા મોટા મોટા બે ઢગલા હતા. એકનું નામ રત્નરાશિ અને બીજાનું નામ પાષાણરાશિ હતું. આ દ્વીપ પર જનાર કોઈપણ વ્યક્તિ બેમાંથી મન ફાવે તે ઢગલામાંથી જેટલા કોથળા ભરવા હોય તેટલા ભરી શકે તેવી સ્વતંત્રતા હતી. પણ તે કોથળા ભરીને કોઈ માણસ દ્વીપમાંથી બહાર નીકળવાના દરવાજા પાસે આવે ત્યારે ત્યાં ઉભેલો એક વિકરાળ અને બિહામણો ચોકીદાર તેના કોથળા તપાસે.

કોથળામાંથી જો પથરાં ભરેલાં હોય તો ત્યાં જ ફેંકાવી દે. એક પણ પથરાનો ટુકડો લઈ જવા ન દે. પણ કોથળામાં જો રત્ન ભરેલા હોય તો ખુશીથી બહાર લઈ જવા દે. એક...બે.. નહિ પણ ભેગા કરેલા બધાં રત્નો લઇ જવા દે.

આ વિચિત્ર દ્વીપ એટલે મનુષ્યલોક. અહીં ધનનો પણ સંચય થઈ શકે છે અને ધર્મનો સંચય પણ થઇ શકે છે. દ્વીપના દરવાજે ઊભેલો મૃત્યુ નામનો ચોકીદાર પાષાણના કોથળા એટલે કે ધનને બહાર લઇ જવા દેતો નથી પણ રત્નોનો એટલે કે ધર્મનો સંચય કરેલો હોય તેને તે લઈ જતાં અટકાવી શકતો નથી.

પણ આશ્ચર્ય અને આઘાત ઉપજાવે તેવી બાબત એ છે કે આ દ્વીપમાં આવનારા મોટાભાગના મનુષ્યો આખી જિંદગી પથરાં ભેગા કરી કરીને થાકી જાય છે અને છેલ્લે બધા ય પથરાં અહીં જ છોડીને રડતાં... રડતાં...

અહીંથી રવાના થાય છે.

અત્યાર સુધી ભલે આપણી આંખો બંધ હતી પણ આજથી જ આપણે આપણી આંખો ખોલીએ... સંસારની વાસ્તવિકતાને સમજીએ... અને પથરાઓ છોડીને રત્નો ભેગાં કરીએ. ધનની આંધળી દોટ છોડી ધર્મમાં આગળ વધીએ. કારણ કે અહીંથી વિદાય થતાં બીજું બધું જ અહીં છૂટી જશે, માત્ર કરેલો ધર્મ જ સાથે આવશે.

Cricketની Match રમતાં બેટ્સમેનને ખબર નથી હોતી કે કયો Ball તેનો Last Ball છે. તેમ Lifeની આ Matchમાં કોઈને ય ખબર નથી કે કયો શ્વાસ એનો છેલ્લો શ્વાસ છે.

કોઈ પણ દિવસ એના જીવનના Calanderનો Last દિવસ હોઈ શકે છે. તેથી જ કોઈએ જિંદગીને ચારદિવસનું ચાંદરણું કહ્યું છે.

મૃત્યુના ગમે તે પળે થનારા અનિવાર્ય આગમનનાં કડવા સત્યને આપણાં ગળે ઉતારવા જ્ઞાનીઓએ તો ખૂબ પ્રયત્નો કર્યાં છે પણ એક વિજ્ઞાનીએ પણ એક તુક્કો દોડાવ્યો.

અમેરિકાના ફેલિક્સ મેયર નામના એક વિજ્ઞાનીએ ઇ.સ. ૧૮૮૦માં એક વિચિત્ર ઘડિયાળ બનાવી. આ ઘડિયાળ ૨૮ ફૂટ લાંબી અને ૮ ફૂટ પહોળી હતી. આને બનાવતાં તેને દસ વર્ષ લાગ્યા હતાં.

આ ઘડિયાળમાં એક કલાક ઉપર પંદર મિનિટ થાય ત્યારે ધાતુનું બનાવેલું એક નાનકડું બાળક બહાર આવે અને ટકોરા વગાડે... ત્રીસ મિનિટે એક ધાતુનિર્મિત યુવક ટકોરા વગાડે... પિસ્તાલીસ મિનિટે એક વૃદ્ધ ટકોરા વગાડે.

જીવનની ક્ષણભંગુરતા અને મૃત્યુના અનિવાર્ય આગમનને સૂચવતો તે વિજ્ઞાનીનો પ્રયોગ નિહાળીને પણ મૃત્યુ માટે કોઈ જાગૃત બન્યું હશે કે નહિ તે મોટો પ્રશ્ન છે.

બાળ... યુવાન... વૃદ્ધ... ફરી જન્મ... ફરી મરણ.... આવા

જન્મ-મરણના ચકરાવામાંથી મુક્ત થવા પ્રભુના સંયમ પંથે ચાલીએ...

મૃત્યુનું જ કાયમી મૃત્યુ કરવા દૃઢ સંકલ્પ કરી...

સંયમપંથે ચાલીએ...

સંયમ પંથે ચાલીએ...

સંયમ પંથે ચાલીએ...

આધિથી આરાધનાના...
વ્યાધિથી વૈરાગ્યના...
ઉપાધિથી ઉપાસનાના...
સંસારમાંથી સંયમના...
શ્રાવકમાંથી શ્રમણના...
શણગાર સજવા સમુત્સુક બનો.

# 35 ડુંગરા દૂરથી રળિયામણાં



**સંસારની બેડીએ બંધાય તે સંસારી**
**સાધનાની કેડીએ સીધાય તે સંયમી**

પીંજરામાં પૂરાયેલા પોપટને દરરોજ તાજા જમરૂખ અને મરચાં ખાવા મળતાં હોય... સ્વચ્છ શીતળ પાણી પીવા મળતું હોય... છતાં ય પોપટને પીંજરામાં પૂરાવવું પસંદ નથી હોતું. એને તો મુક્ત ગગનમાં લહેરાવવું હોય છે.

ચોરને શું બેડીના બંધનોમાં રહેવાની મજા આવતી હોય છે ? ના... સતત એની એક જ ઝંખના હોય છે કે ક્યારે હું બંધનમાંથી છૂટું...

સંસાર પણ એક પીંજર છે... એક બેડી છે... માતાના ગર્ભમાં આવ્યા ત્યારથી જ કેવી પરતંત્રતા હતી ? માતાના ગર્ભની અંધારી કોટડીમાંથી ભાગી જવાની આપણને ઘણી ઈચ્છા હતી પણ આપણે ત્યાંથી ભાગી ન શક્યા...

જનમતી વખતે પણ ભયંકર વેદના હતી પણ એને ય મૂંગે મોઢે સહન કરવી પડી... બાલ્યાવસ્થામાં ક્યારેક ગંદકીમાં પડ્યો રહેતો તો ત્યાંથી કોઈ ઉઠાવનાર હોય તો ઊઠી શકતો.

યુવાવસ્થામાં વિષયોની આધીનતા... વૃદ્ધાવસ્થામાં તો દરેક બાબતોની પરાધીનતા... છેલ્લે મરણની ઈચ્છા ન હોવા છતાં ય મૃત્યુની ભયંકર પીડા...

આ બધી કર્મની જંજીરો નથી તો શું છે ? રાગ-દ્વેષની બે સજ્જડ

બેડીઓ છે... કષાયો એ જેલના સળીયા છે... આવી બેડીમાંથી છુટી વહેલી તકે સંયમની કેડી ઉપર ચાલ્યા જવા જેવું છે.

સંસારના બંધનોમાં બંધાવા જેવું નથી... કારણ કે ભોગ કરતાં ત્યાગમાં આનંદ વિશેષ હોય છે.

જે સુખ રાજરાજેશ્વરને નથી હોતું... અરે ! દેવોના રાજા ઇન્દ્રને પણ નથી હોતું... તે સુખ સંસાર ત્યાગી સંયમીઓને હોય છે. શાસ્ત્રકાર ભગવંતોએ ફરમાવેલી આ વાણી અત્યંત સચોટ સાબિત થાય છે.

ડુંગર ઉપર કેવળ કાંટા... કાંકરા... ઝાડ અને ઝાંખરા જ હોય છે. એ તો દૂરથી જોનારને બહુ સુંદર લાગે છે. એટલે જ તો કહેવાય છે કે 'ડુંગરા દૂરથી રળિયામણાં'

પરંતુ પાસે જઈએ... ઉપર ચઢવા માંડીએ ત્યારે કાંટા-કાંકરા... ને ઝાડ ઝાંખરા... સિવાય બીજું મળે શું ? કાંઈ જ નહિ... તેમ સંસાર પણ દૂરથી માત્ર કહેવા પૂરતો સોહામણો છે જેમ જેમ નજીક જઈએ તેમ તેમ સમજાય કે સંસાર કેવો બિહામણો છે.

જો મારી વાત પર વિશ્વાસ ના બેસતો હોય તો જેણે સંસાર માંડ્યો છે એમને પૂછી જોશો એટલે ખબર પડી જશે કે એમાં કેટલો સાર છે. અરે ! પૂછવાની ય જરૂર નથી એનું માત્ર મોંઢું જોઈ લેશો તોય સમજાઈ જશે.

તમાચો મારીને ગાલ લાલ રાખવો... તેનું નામ સંસાર.

પરાણે પણ મોંઢું હસતું રાખવાનું... તેનું નામ સંસાર.

સુએ તો સમાધિ ને ઉઠે તો ઉપાધિ... તેનું નામ સંસાર.

પાઈની પેદાશ નહિ ને ઘડીની નવરાશ નહિ... તેનું નામ સંસાર.

ત્રણ સાંધો ત્યાં તેર તૂટે... તેનું નામ સંસાર.

હાથ પણ બાળ્યા ને હૈયું પણ બાળવાનું... તેનું નામ સંસાર.

ખિસ્સાં ખાલી ને ભપકાં ભારી... તેનું નામ સંસાર.

આલોક પણ બગડે ને પરલોક પણ બગડે... તેનું નામ સંસાર.

આરાધનાનું નામ નહિ ને વિરાધનાનો પાર નહિ... તેનું નામ સંસાર.

ઉપરથી ચળકાટ પણ અંદરથી ઉકળાટ... તેનું નામ સંસાર.

આવા સંસાર સાગરથી તરવા સંયમ જહાજનો જ સહારો છે.

સંસારની બેડીથી છૂટવા સંયમની કેડીનો જ સહારો છે.

તો ચાલો...

સંસારની બેડીથી મુક્ત થઈએ...

ને સંયમની કેડીએ ચાલીએ...

સંયમની કેડીએ ચાલીએ...

સંયમની કેડીએ ચાલીએ...

તમારા બે મિત્રો છે. તેમાંથી એક કહે ચાલો સામાયિક કરીએ અને બીજો કહે ચાલો Hotel માં જઈએ ત્યારે તમે કોને Company આપો ?

# 36 અનિશ્ચિત સમયે નિશ્ચિત છે મૃત્યુ




**આંગણું સ્વચ્છ રાખે તે સંસારી**

**આત્મા સ્વચ્છ રાખે તે સંયમી**

આજના દિવસને... આજની ઘટનાને... આજના દૃશ્યને... હું જિંદગીભર નહિ ભૂલી શકું... આ દૃશ્યએ મારી દૃષ્ટિ ઉઘાડી દીધી.

આવતી કાલે ધર્મશાળાના ટ્રસ્ટી આવવાના છે. આ સમાચાર મળતાં જ આખો સ્ટાફ કામે લાગી ગયો. ખૂણે... ખાંચરે રહેલો કચરો પણ સાફ થવા લાગ્યો... આજનું દૃશ્ય જોઈને લાગતું હતું કે જાણે દિવાળી આવી ગઈ.

હું પરમાત્માના મંદિરમાં દર્શન કરવા ગયો. ત્યાં પણ સફાઈ અભિયાન ચાલુ હતું. જેમ મોદી આવતા રસ્તાઓ સ્વચ્છ થાય તેમ ટ્રસ્ટી આવતા સ્વચ્છતા થવા લાગી. એ વખતે એક ભાઈએ ઉંચું ઝાડુ લઈ રંગમંડપના ખૂણાઓ સાફ કરતાં ચકલીનો માળો હતો ત્યાં આગળ આવ્યો.

પોતાના માળા પાસે આવેલ તેને જોઈ ચકલી જોર જોરથી ચીં... ચીં... કરવા લાગી... તેનો અવાજ સાંભળી દાણા લેવા ગયેલો ચકલો પણ ત્યાં આવી ગયો... ચકલા...ચકલી બંને પોતાનું ઘર તૂટતા જોઈ ચિચિયારીઓ પાડવા લાગ્યા.

પેલા ભાઈએ ચકલીના માળા પર ઝાડુ ફેરવતા જ માળામાં રહેલા ચકલીના બે બચ્ચા પણ પોતાના માતા-પિતાને બૂમો પાડી રહ્યા હતા. હે માતા ! મને બચાવો. હે પિતા ! તમે અમારી રક્ષા કરો. આ ક્રૂર માણસ અમને મારી નાંખશે. અમને બચાવો... અમને બચાવો...

આમ બંને બાળકો બૂમો પાડી રહ્યા હતાં ત્યાં જ પેલા ભાઈએ જોરથી ઝાડુ ફેરવતાં જ માળો નીચે પડ્યો... થોડા દિવસના બે બાળકો... જેમની માત્ર આંખ ખુલી છે પણ પાંખ નથી ખુલી... એ માસૂમ બે બચ્ચા નીચે પડતાં જ પથ્થર સાથે અથડાતાં જ પરલોકમાં રવાના થઈ ગયા.

આવું જ આપણા જીવનમાં પણ બનશે. મૃત્યુ નામનો રાક્ષસ જ્યારે આપણું ભક્ષણ કરવા આવશે ત્યારે ન માતા બચાવી શકશે... ન પિતા બચાવી શકશે... ન પૈસો બચાવી શકશે... ન પરિવાર બચાવી શકશે.

મૃત્યુ આવશે એ નિશ્ચિત છે પણ ક્યારે આવશે તે અનિશ્ચિત છે. આવતીકાલ પહેલા આવશે કે આવતો ભવ પહેલા આવશે એની પણ ખબર નથી.

આ મૃત્યુનું મૃત્યુ કરવાની મહાન સાધના એટલે જ સંયમ...

ક્યાં જનમવું એ આપણા હાથમાં નથી.

ક્યાં મરવું એ પણ આપણા હાથમાં નથી.

પણ એક ચીજ આપણા હાથમાં છે અને તે છે કેવું જીવન જીવવું.

જ્યાં સુધી સર્વથા પાપત્યાગ ન થઈ શકે ત્યાં સુધી શક્ય પાપોનો તો ત્યાગ કરીએ જ. અને સંયમીઓને વિનંતિ કરીએ કે...

સર્વ પાપત્યાગના પંથે...

અમને પણ ચલાવો...

અમને પણ ચલાવો...

અમને પણ ચલાવો...

*'સંયમરાગ સંસારથી તારે,*
*સંસારરાગ સંસારમાં ડૂબાડે.'*

# 37 Don't Waste Your Time



**સમયનો વેડફાટ કરે તે સંસારી**
**સમયનો વપરાશ કરે તે સંયમી**

આપણે સમયની એવી Carમાં બેઠા છીએ કે જેને Break પણ નથી & Reverse Gear પણ નથી. સમયને ક્યારેય અટકાવી શકાતો નથી તો સમયને ક્યારેય પાછો લાવી શકાતો નથી.

ગુમાવેલી સંપત્તિ પાછી મેળવી શકાય છે પણ ગુમાવેલો સમય પાછો મેળવી શકાતો નથી. માટે જ તો કહેવાય છે કે Time is more precious than money... સંપત્તિ કરતાં પણ મૂલ્યવાન સમય છે.

સમય બતાવનારી ઘડિયાળ સેલ ખાલી થતાં કે બગડી જતાં અટકી જાય છે પણ સમય ક્યારેય અટકતો નથી. દેશમાં ઘૂસણખોરી કરતાં આતંકવાદીઓને નવજવાન સૈનિકો અટકાવી શકે છે. ઘરમાં ઘૂસણખોરી કરતાં મચ્છરોને બારી બંધ કરી અટકાવી શકાય છે. વહી જતાં પાણીને નળ બંધ કરીને અટકાવી શકાય છે. જ્યારે સમયને રાજા... મહારાજા... કે ઈંદ્રો પણ અટકાવી શકાતા નથી.

વર્ષોથી કામ કરતાં માણસનો શેઠ પગાર વધારી આપે છે... Post વધારી આપે છે.. પણ સમયને તીર્થંકરો પણ વધારી શકતા નથી.

જ્યારે વીર પરમાત્માનું નિર્વાણ નજીકમાં હતું ત્યારે ઈંદ્ર મહારાજા પરમાત્મા પાસે આવી વિનંતી કરે છે કે હે પ્રભુ ! માત્ર એક ક્ષણનું આપનું આયુષ્ય વધારી દો. જેથી આપના શાસન પર ભસ્મગ્રહના કારણે કોઈ આપત્તિ નહિ આવે. ત્યારે પરમાત્માએ કહ્યું હે ઈંદ્ર ! આયુષ્ય... સમય

વધારવાની તાકાત તો તીર્થંકરોમાં પણ નથી. !

સમયને અટકાવવો... ટકાવવો... વધારવો... કે પાછો લાવવો આપણા હાથમાં નથી પણ સમયનો ક્યાં ઉપયોગ કરવો એ તો આપણા હાથમાં છે ને !

પ્રભુ મહાવીરના શાસનમાં શ્રમણ અને શ્રમણી ભગવંતો પોતાના એક-એક સમયનો સાધના... આરાધના... પ્રભાવના કરવા દ્વારા સદુપયોગ કરી રહ્યા છે.

પ્રભુભક્તિ... ગુરુવંદન... પડિલેહણ... પ્રતિક્રમણ.... સ્વાધ્યાય.. વાચના... વૈયાવચ્ચ... બસ... દિવસ-રાત આવા તમામ શુભયોગોમાં પોતાનો અમૂલ્ય સમય વાપરી પોતાના જીવનને ધન્ય બનાવી રહ્યા છે.

જ્યારે આપણે દિવસ-રાત Mobile... Friend Circle... મજાક... મશ્કરી... Fashion... જીભના ચટકાં... T.V. વગેરેની પાછળ સમયનો વેડફાટ કરી રહ્યા છીએ.

યુવાવસ્થામાં કમાઈ લેવું જોઈએ, જેથી ઘડપણમાં વાંધો ન આવે આટલી સમજ ધરાવતો બુદ્ધિશાળી માણસ... માનવભવમાં ધર્મ કરી લેવો જોઈએ, જેથી ભવિષ્યમાં વાંધો ન આવે એવું કેમ સમજતો નથી ?

Examના સમયમાં રમવા ન જ જવાય...

કમાણીની સિઝનમાં પત્તા રમવા ન જ બેસાય..

ચોમાસાની ઋતુમાં ખેડૂતે સિગારેટ ફૂંકવા ન જ બેસાય...

તો અમૂલ્ય માનવભવમાં સમયનો વેડફાટ કેમ કરાય ?

આ માનવભવ સાધનાની ધીકતી કમાણી કરવા માટે મળ્યો છે.

જાગો માનવ જાગો...

આ દુર્લભ માનવભવમાં સાધનાની ધીકતી કમાણી કરવા...

Saiyam is the right way... Saiyam is the right way...
Saiyam is the right way...

# 38 સમયનો સદુપયોગ કરો



**સામગ્રીનો કસ કાઢે તે સંસારી**
**સમયનો કસ કાઢે તે સંયમી**

કોઈ પણ વસ્તુનો કસ કાઢતાં શીખવું હોય તો સંસારીની મુલાકાત લેવી પડે.

મહેમાનનું આવવાનું Cancel થતાં ઘણું દૂધ વધ્યું... તો તેમાં મેળવણ નાંખી દહીં બનાવે... દહીં બે દિવસ બાદ ન ચાલે... તો તેમાંથી છાશ બનાવે... છાશમાંથી થેપલા... થેપલામાંથી શેકેલા થેપલા... તેમાંથી ચેવડો બનાવે....

ભાતમાંથી સાંજે વઘારેલા ભાત... પુલાવ... કે કણકી બની જાય...

બધા શાક Mix કરીને સાંજે ઉંધિયું બની જાય. પિતાજીને પેન્ટ ટૂંકી પડે તો કાપીને બરમૂડો બનાવે... એ ય ટૂંકો પડતા દિકરાની Half પેન્ટ બનાવે...

કૉલગેટની ટ્યુબ ખાલી થતાં વેલણ ઘસી ઘસીને ય પેસ્ટ કાઢે... તેલની બોટલ ખાલી થતાં એને દબાવી દબાવીને ય તેલના ટીપાં કાઢે...

દરેક સામગ્રીનો મસ્ત ઉપયોગ કરતાં આપણે સમયનો કેવો ઉપયોગ કરીએ છીએ ? સામગ્રીનો તો કસ આપણે કાઢીએ છીએ પણ સમયનો કસ આપણે કાઢીએ છીએ ખરાં ?

સમય આપણને મળશે નહિ પણ સમય આપણે કાઢવો પડશે. ગમે

તેટલો tight shedule હોવા છતાં નજીકના જ સંબંધીનું મૃત્યુ થાય તો જાવ કે ન જાવ ? ભત્રીજાના લગ્ન હોય તો જાવ કે ન જાવ ? દિકરાની તબિયત બગડતાં Hospital લઈ જાવ કે ન લઈ જાવ ?

આ બધા વ્યવહારમાં તમે તમારું બધું ગૌણ કરીને પણ પહોંચી જાવ છો તો ધર્મ કરવામાં બહાના શા માટે ?

એક વાત સદા યાદ રાખજો કે

**"રસ્તા શોધનારને ક્યારેય બહાના નથી મળતાં**
**તો બહાના શોધનારને ક્યારેય રસ્તા નથી મળતાં."**

આપણે આજ સુધી ધર્મ કરવા માટે બહાના જ કાઢ્યાં છે. હવે રસ્તા શોધવાના શરૂ કરીએ.

Friends જોડે ગપ્પા મારવાના બંધ કરીએ. પાડોશી જોડે પંચાતો કરવાની છોડીએ. T.V., Mobileમાં Time Pass કરવાનું બંધ કરીએ. રાત્રે સમયસર સૂવાનું શીખીએ.

આજે ઘણાની તો એવી હાલત છે કે મુનિ ભગવંતો જ્યારે સાધના કરવા ઉઠે ત્યારે ઘણા લોકો સુવાની તૈયારી કરે.

આ બધા સમયો બચાવીએ તો ધર્મ સહજતાથી થઈ શકે.

પ.પૂ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. !

ભણવાનું ન બગડે... વધુ સારી રીતે થઈ શકે તે માટે ૨૪ કલાકમાં માત્ર એક જ વાર લુખ્ખુ-સૂક્કું જેમાં વાપરવાનું હોય એવું આયંબિલ માત્ર વીસ જ મિનિટમાં પૂર્ણ કરતાં.

કારણ ? ખાવામાં પણ મારો સમય Waste ન થવો જોઈએ.

સમયનો કસ કાઢતાં આવા શ્રમણ-શ્રમણી ભગવંતો પાસેથી આપણે પણ સમયનો સદુપયોગ કરવાનું શીખી આપણા જીવનને...

સાર્થક કરીએ... સાર્થક કરીએ... સાર્થક કરીએ...

## 39

# ધર્મ : કડવી દવા ?



**પ્રવૃત્તિનો વિચાર કરે તે સંસારી**
**પરિણામનો વિચાર કરે તે સંયમી**

આ કાર્ય કરવાથી મને લાભ થશે કે નુકસાન... આવો વિચાર કરવો એનું નામ છે પરિણામ....

જ્યારે હિત-અહિતનો વિચાર કર્યા વિના જ આંખ બંધ કરી ગમે તે કાર્ય કરવું આ છે પ્રવૃત્તિ.

જમણવારમાં આપણો મનપસંદ કેસરિયા લાડુ હોય... કેસર-બદામ-ઈલાયચી નાંખીને એકદમ સ્વાદિષ્ટ બનાવ્યો હોય.. જોતાં જ મોંઢામાં પાણી આવી જાય એવો દેખાવમાં સુંદર અને સુગંધી હોય... પણ ખબર પડે કે આમાં તો ઝેર નાંખેલું છે, તો ગમે તેટલો સારો... સુગંધી... સુંદર... મનપસંદ હોવા છતાં આપણે ખાઈએ ખરાં ? ના... ન જ ખાઈએ.

તેમ સંસારના તમામે તમામ ભોગસુખો દેખાવમાં ગમે તેટલા આકર્ષક હોય... પણ તે બધા સુખો આ વિષમિશ્રિત મોદક જેવા છે.

જેમ વિષમિશ્રિત મોદક ખાવામાં તો મજેદાર હોય છે પણ પરિણામમાં મોત હોય છે તેમ સંસારના ભોગસુખો ભોગવતા તો મજા આવે છે પણ પરિણામમાં નરકની સજા મળે છે. આવા સંસારના ભોગસુખોમાં કોણ આસક્ત થાય ?

જ્યારે કડવી લાગતી ગોળી... ન ભાવતી હોવા છતાં પણ... ઈચ્છા ન હોવા છતાં પણ.... મોંઢુ મચકોડીને પણ... Doctor ઉપર ભરોસો રાખી... એમની વાત સ્વીકારી લઈએ છીએ તો Result શું મળે છે ?

રોગોનો નાશ અને આરોગ્યની પ્રાપ્તિ

બસ... એ જ રીતે ધર્મ આરાધના પણ કડવી ગોળી જેવી છે. અનાદિકાળના કુસંસ્કારોના કારણે આપણને આરાધના જેવી જોઈએ તેવી ગમતી નથી. દેવ અને ગુરુ એ આપણા Doctor છે. એમના ઉપર સંપૂર્ણ ભરોસો રાખી ધર્મ આરાધના કરશું તો Result શું આવશે ?

ચારિત્ર મોહનીય કર્મનો નાશ અને ચારિત્રની પ્રાપ્તિ.

જે બાળક હોય... તેને રૂપિયાની Value ન હોય... એ તો ૨૦૦૦ રૂપિયાની નોટને એક સેકન્ડમાં જ ફાડી નાંખે... પણ જે સમજૂ હોય એને તો રૂપિયાની Value સમજાય છે. એ ક્યારેય રૂપિયાની નોટ પોતાના હાથે તો ન જ ફાડે.

તેમ જે મૂર્ખ હોય તેને પોતાને મળેલા દુર્લભ માનવ જીવનના અમૂલ્ય સમયની Value ન હોય... એ તો ખાવા... પીવા... હરવા... ફરવા... મિત્રોમાં... મોબાઈલમાં... હૉટલ... થિયેટર... રિસોર્ટમાં પોતાના અમૂલ્ય સમયને વેડફી નાંખે છે પણ...

જે બુદ્ધિશાળી હોય... સમજૂ હોય... એ ક્યારેય પણ ચાંડાલ... ચમાર... ઘાટી... નોકરોને પણ જે સુલભ હોય એવા કામમાં પોતાનો અમૂલ્ય સમય ન ગુમાવે. પણ એક... એક સમયને ધર્મ આરાધનામય બનાવી મળેલા માનવજીવને સાર્થક કરે.

તો ચાલો... સત્ય હકીકત સમજી આપણી જીવનરૂપી Carને સંસારરૂપી ખાડામાંથી બહાર કાઢીએ...

જીવનરૂપી Carને મોક્ષમાર્ગ રૂપી Highway ઉપર લાવી તેમાં ધર્મ આરાધનાનું પેટ્રોલ પૂરી... સંયમરૂપી એક્સિલેટર ઉપર પગ મૂકી... Carને Full Speedમાં દોડાવી શીઘ્રાતિશીઘ્ર મોક્ષમંજિલને પ્રાપ્ત કરીએ.

શીઘ્ર મોક્ષમંજિલ પ્રાપ્ત કરવા...

મારે સંયમ લેવું છે... સંયમ લેવું છે... સંયમ લેવું છે...

મનમાં આવો નાદ સતત ગુંજતો કરીએ.

# 40 પ્રવ્રજ્યા...પ્રવ્રજ્યા...પ્રવ્રજ્યા...



**નાશવંત સુખ મેળવવા દોડે તે સંસારી**
**શાશ્વત સુખ મેળવવા દોડે તે સંયમી**

એક ગોવાળના ઘરે એક ગાયે વાછરડાને જન્મ આપ્યો. વાછરડું ધીમે ધીમે મોટું થવા લાગ્યું. એક વખત વાછરડું પોતાની માતા સાથે રમી રહ્યું હતું તે વખતે તેની નજર સામેના ઘરમાં રહેલ બકરાં પર ગઈ.

બકરાંનો માલિક એને સરસ મજાનું લીલું ઘાસ ખવડાવતો હતો. એ લીલું ઘાસ જોઈ આના મોંઢામાં પણ પાણી આવી ગયું.

બપોરનો સમય થતાં ગોવાળે ગાયને ખાવા સૂકું ઘાસ આપ્યું. ગાયે ઘાસ વાછરડાને ખાવા આપ્યું પણ વાછરડું તે ઘાસ ખાતું નથી... માતાના પૂછવા પર વાછરડાએ કહ્યું - હે માતા ! પેલા સામેના ઘરમાં રહેલો બકરો રોજ લીલું-લીલું ઘાસ ખાય છે. આપણને તો એક દિવસ પણ લીલું ઘાસ ખાવા નથી મળતું.

માતાએ કહ્યું બેટા ! ધીરજ ધર... થોડા દિવસમાં તને બધું સમજાઈ જશે. થોડા દિવસ બાદ બકરી ઈદનો દિવસ આવતા સામેવાળાએ બકરાનો વધ કર્યો - આ જોઈ વાછરડાએ ડરીને ફરી ભોજન કરવાનું છોડી દીધું.

ત્યારે ગાયે કહ્યું બેટા ! જોયું ને લીલું ઘાસ ખાવાનું ફળ. મેં તને પહેલા જ કહ્યું હતું કે ધીરજ ધર... લીલું ઘાસ ખાવામાં મજા નથી.

આ લીલા ઘાસ જેવા છે સંસારના નાશવંત સુખો. જે ખાતા તો મજા આવે પણ પરિણામમાં દુર્ગતિ... દુઃખો લમણે ઝીંકાય.

જયારે સૂકા ઘાસ જેવા છે સંયમના સુખો. જે ખાવામાં ભલે નીરસ દેખાતા હોય પણ પરિણામે સુખદાયક છે.

બુદ્ધિશાળી માત્ર Presentનો વિચાર ન કરે.

સાથે Resultનો પણ વિચાર કરે.

જ્ઞાની ભગવંતોએ સંસારના સુખો મધથી લેપાયેલી તલવાર જેવા કહ્યા છે. મધથી લેપાયેલી ધારદાર તલવારને ચાટવા જતાં પહેલા મધ હોવાથી મધુર સ્વાદ આવે છે પણ પછી તીક્ષ્ણ તલવાર લાગતા જ જીભ કપાઈ જાય છે.

તેમ સંસારના સુખો ભોગવતી વખતે મધ જેવા મીઠા લાગે છે પણ પરિણામ તીક્ષ્ણ તલવાર જેવું ભયંકર આવે છે.

સંસારના બધા સુખો નાશવંત છે. એટલે ગમે તે ક્ષણે એ સુખો આપણને છોડીને જતાં રહેશે અથવા આપણે એ સુખોને છોડીને અલવિદા થવું પડશે.

જયારે શાશ્વત સુખો એવા છે જે મળ્યા પછી ક્યારેય આપણને છોડીને જતાં નથી અને આપણે એ સુખોને છોડી અલવિદા થવાની ક્યારેય નોબત ન આવે.

ક્યાં છે આવા સુખો ?

એ સુખોને શોધવા બહાર ક્યાંય ભટકવાની જરૂર નથી. આ સુખો આપણી પાસે જ છે. માત્ર ભીતરમાં ડોકિયું કરવાની જરૂર છે.

ભીતરમાં ડોકિયું કરવાની મજાની પળ એટલે જ પ્રવ્રજ્યા.

અનંત સુખોના ખજાનાને ઉઘાડવાની Master Key એટલે જ પ્રવ્રજ્યા.

આત્માને પરમાત્મા સાથે જોડતો Powerful Bridge એટલે જ પ્રવ્રજ્યા.

અનાદિકાળના મેલને ધોવાનું Washing Machine એટલે જ

પ્રવ્રજ્યા.

ભયાનક સંસાર સાગરથી પાર ઉતારતી બોટ એટલે જ પ્રવ્રજ્યા.

સંસારના તાપથી તપેલાને શીતળ છાયા આપતો વડલો એટલે જ પ્રવ્રજ્યા.

ભવવનમાંથી બહાર નીકળવાનો માર્ગ બતાવતો ભોમિયો એટલે જ પ્રવ્રજ્યા.

પ્રભુએ કહેલી આવી પ્રવ્રજ્યા...

મને ક્યારે મળશે...?

મને ક્યારે મળશે...?

મને ક્યારે મળશે...?

આજના માનવીને શરીરમાં શાતા નથી તેનું દુઃખ છે. કોઈને સમાજમાં સ્થાન નથી તો કોઈને બજારમાં નામ નથી તેનું દુઃખ છે. કોઈને ઘરની તકલીફ છે તો કોઈને ઘરવાળીની તકલીફ છે. કોઈને રૂપિયા નથી તેનું દુઃખ છે તો કોઈને રૂપ નથી તેનું દુઃખ છે, પરંતુ કોઈને પાસે રજોહરણ નથી તેનું દુઃખ છે ખરું ?

# 41 સમયની Valueને સમજો



**કણ કણને સાચવી રાખે તે સંસારી**
**ક્ષણ ક્ષણને સાચવી રાખે તે સંયમી**

આજ સુધી સંપત્તિનો હિસાબ તો ઘણો રાખ્યો હવે થોડો સમયનો હિસાબ રાખીએ.

ભિખારીને આપેલી ૨૦૦૦ રૂપિયાની નોટનો એ જો દારૂ-સિગારેટ અને જુગાર રમવામાં ઉપયોગ કરે તો તમે એને બીજીવાર ૨૦૦૦ રૂપિયા આપો ખરાં ?

તેમ માનવભવના મળેલા અમૂલ્ય સમયનો ઉપયોગ આપણે જો પાપોના ઢગલા ભેગા કરવામાં જ કરીએ તો કર્મસત્તા આપણને બીજીવાર માનવભવ આપશે ખરાં ?

પાઈ પાઈનો હિસાબ રાખનારા માનવીને સમયનો પાણીની જેમ વેડફાટ કરતો જોઈ ખરેખર ખૂબ દુઃખ થાય છે.

હાથમાંથી સમય ગયા પછી પસ્તાવો થાય એના કરતાં સમય જ્યાં સુધી હાથમાં છે ત્યાં સુધી ચેતી જવામાં મજા છે.

એક વર્ષની કેટલી Value છે એ સમજવું હોય તો જાવ એ Student પાસે જે પોતાની Final Examમાં Fail થઈ ગયો હોય...

નવ મહિનાની Value સમજવી હોય તો જાવ Pregnent Lady પાસે... ૯ મહિનાની સાચી કિંમત તેની પાસેથી જ સમજાશે.

બે મહિનાની Value સમજવી હોય તો જાવ તે બાળક પાસે જેનો

જન્મ ૯ મહિનાને બદલે ૭મા મહિનામાં જ થઈ ગયો હોય... ૨ મહિના જલ્દી જન્મવાના કારણે Life Time કમજોરીના શિકાર બનવું પડે છે.

એક મહિનાની Value સમજવી હોય તો જાવ નોકરિયાત વર્ગ પાસે... જેને ૧ મહિનો કામ કરવાના બદલે પગાર મળતો હોય....

એક દિવસની Value સમજવી હોય તો જાવ મજૂર પાસે... જે આખો દિવસ મહેનત મજૂરી કરી માંડ માંડ રોટલા ભેગો થાય છે.

એક કલાકની કિંમત સમજવી હોય તો જાવ તે માતા પાસે... જેનો બાળક મેળામાં ૧ કલાકથી ખોવાઈ ગયો હોય...

એક મિનિટની કિંમત સમજવી હોય તો જાવ તે યાત્રિક પાસે... જે પ્લેટફોર્મ પર પહોંચે એની એક મિનિટ પહેલાં જ ટ્રેન ઉપડી ગઈ હોય...

એક સેકન્ડની કિંમત સમજવી હોય તો જાવ તે driver પાસે... જેને માત્ર એક સેકન્ડ ઝોકું આવ્યું... અને મોતને ઘાટ ઊતરી ગયો. એક સમયની કિંમત સમજવી હોય તો જાવ પ્રભુ મહાવીર પાસે... જેમણે ગૌતમ સ્વામીને કહ્યું હતું - સમયં ગોયમ ! મા પમાયએ

હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ કરીશ નહિ.

એક આંખના પલકારામાં અસંખ્ય સમય એટલે કે ગણી પણ ન શકાય એટલા સમયો પસાર થાય છે. પ્રભુ એક સમયનો પણ પ્રમાદ કરવાની ના કહે છે. અને આપણે ? કલાકો... મહિનાઓ... વર્ષો... પ્રમાદોમાં કાઢી નાંખીએ છીએ...

જ્યારે શ્રમણ-શ્રમણી ભગવંતો સવારે ઉઠે ત્યારથી સમયનો પોતાની સાધના... આરાધના કરવામાં સતત સદુપયોગ કરે છે.

ચાલો... આપણે પણ આપણા જીવનમાંથી પ્રમાદનો પરિહાર કરવા...

પ્રવ્રજ્યાનો સ્વીકાર કરીએ... પ્રવ્રજ્યાનો સ્વીકાર કરીએ...

પ્રવ્રજ્યાનો સ્વીકાર કરીએ...



## 42 શ્રાવકજન તો તેને રે કહિયે

પ્રભુ મહાવીરે એમની દેશનામાં બે પ્રકારના ધર્મનો ઉપદેશ આપ્યો :-

**૧. શ્રમણ ધર્મ**

**૨. શ્રાવક ધર્મ**

શક્તિ હોય ત્યાં સુધી શ્રમણ જ બનવું જોઈએ. પણ તેવી ભાવના ન થતી હોય તો સાચા શ્રાવક તો બનવું જ જોઈએ.

સાચો શ્રાવક એ જ કહેવાય કે જેનું મન સતત સંયમ લેવા તડપતું હોય. માછલીને પાણીમાંથી બહાર કાઢતા જેવો તરફડાટ હોય તેના કરતાં વધુ તરફડાટ સંયમ વિના થવો જોઈએ.

પગમાં ખીલ્લો લાગે કે હાથમાં ચપ્પુ કે બ્લેડ લાગે ત્યારે જે વેદના થાય તેના કરતાં અનંતગણી વેદના સંસારના પાપો કરતાં થવી જોઈએ.

અઢાર-અઢાર દેશના મહારાજા કુમારપાળ ! સંયમ નહોતા લઈ શક્યા પણ તેમનું મન સદા સંયમ લેવા તડપતું હતું. તેઓ પ્રભુ પાસે જઈ રોજ કરગરતા.... પ્રાર્થના કરતાં -

**"તવ શાસનસ્ય ભિક્ષુત્વં, દેહિ મે પરમેશ્વરમ્"**

**"હે પ્રભુ ! મને તારા શાસનનું ભિક્ષુકપણું એટલે કે સંયમ આપ"**

અઢાર... અઢાર દેશના માલિક... નોકર-ચાકરો સદા ખડે પગે જેમની સેવામાં હાજર હોય... મહેલમાંથી બહાર નીકળતાં જ રથ, અશ્વ, હાથી તૈયાર હોય... પાણી માંગતા પણ દૂધ હાજર થતું હોય... સેંકડો સેવકો જેમને સલામ ભરતાં હોય... ઈચ્છા કરે તેવી મિઠાઈ અને

ફરસાણોના ઢગલા થતાં હોય... આ બધું જ હોવા છતાં સંયમની ઝંખના કેમ ?

શાલીભદ્રને ત્યાં રોજની નવ્વાણું-નવ્વાણું પેટી ઉતરવા છતાં... આજે જે વસ્ત્રો અને અલંકારો પહેર્યાં હોય તે બીજા દિવસે ફેંકી દેવાના... રોજ નવા... નવા પહેરવાના... સાત-સાત માળની હવેલી... આવી Full Facilities હોવા છતાં તેમણે સંયમનો પંથ કેમ પકડ્યો ?

માનવું જ પડશે કે ગમે તેટલી ભોગસુખોની સામગ્રીઓના ખડકલાં હોવા છતાં ય તેમાં સાચું સુખ નથી સાચું સુખ એને કહેવાય... જે ભોગવતાં આપણને ક્યારેય કંટાળો ન આવે... જે સુખ આપણને છોડીને ક્યારેય જાય નહિ... એ સુખ મોક્ષમાં છે અને મોક્ષમાં જવા સંયમ અનિવાર્ય છે.

આ જ સાચો પંથ છે. આ પંથ સ્વીકારવામાં જ માનવ જીવનની સફળતા છે. માટે સંયમ જ લેવાનું છે. પણ જ્યાં સુધી સંયમ ન મળે ત્યાં સુધી સંયમના ભાવોને રગરગમાં ઘૂંટી સાચા શ્રાવક બનવાનું છે.

સંયમ ન મળે ત્યાં સુધી તન-મન અને જીવનથી દિન-રાત જિનશાસનની સેવા કરવાની છે.

આપણા જીવનમાંથી બીજાને પ્રભુ વીરની આજ્ઞાનો Message મળે એવું ઉત્તમ આપણું જીવન બનાવવાનું છે.

આવું ઉત્તમ જીવન જીવી માનવભવને સફળ કરવો છે...

સફળ કરવો છે...

સફળ કરવો છે...

સંસારની લાતો ખાતાં ખાતાં કોઈ મોક્ષમાં ગયું નથી,
સંસારને લાતો મારતાં મારતાં અનંતા મોક્ષે ગયા છે.

## 43 સંયમ જંગ



**'ज्ञानस्य फलं विरतिः'**

જ્ઞાનનું ફળ વિરતિ છે. સદ્ગુરુના સંગમાં સ્વાધ્યાયના રંગે રંગાઈ સંયમ જંગ ખેલવાનો છે.

**'માનવજીવનનો એક જ સાર, સંયમ વિના નહિ ઉદ્ધાર.'**

આ સુવાક્ય આપણે ઘણીવાર સાંભળ્યું છે. બોલીએ પણ છીએ. માનવ-જીવનનો સાર સંયમ છે...

એક ભાઈ અમેરિકા ફરીને આવ્યા ત્યારે એમનો મિત્ર એમને મળે છે અને પૂછે છે અમેરિકા જઈને ત્યાંથી શું લાવ્યા ? તે ભાઈ કહે છે ત્યાં જઈ હું ખાખરા અને ચેવડો લાવ્યો... ખાખરા અને ચેવડા તો અહીં પણ મળતા જ હતાં. એમાં તમે નવાઈ શું કરી.

આ તો એવી વાત થઈ કે -

**'હીરો ઘોઘે જઈ આવ્યો, ડેલે હાથ દઈ આવ્યો.'**

બસ આ જ રીતે દેવલોકના ભવોમાં ખૂબ સંપત્તિઓ હતી. મોજડીમાં રહેલા રત્નથી ય આખા ભારતને ખરીદી શકું એટલી સંપત્તિઓ ભોગવીને આવ્યો છું.અપ્સરા સમાન દેવીઓ સાથે કેટલીય વાર સંબંધો બાંધી બેઠો છું. તિર્યંચના ભવોમાં બધે ઠેકાણે ખૂબ ફર્યો છું. હવે એ જ બધા ધંધા માનવભવ પામીને કરવાના...? ના અહીં તો કંઇક નવું જ કરવાનું. અહીં પણ એ જ સુખો પાછળ પાગલ બનીશ તો મારી હાલત પણ ખાખરા અને ચેવડા લાવનાર જેવી થશે.

**'અવતાર માનવીનો ફરીને નહિ મળે...**
**અવસર તરી જવાનો ફરીને નહિ મળે.'**

આંગણે કલ્પવૃક્ષ છે. ઘરમાં કામકુંભ છે. તિજોરીમાં ચિંતામણિરત્ન છે. હવે ગલી ગલીએ ભીખ માંગવાની બેવકૂફી શું કામ કરીએ...?

પેલા ભરવાડના હાથમાં ચિંતામણિરત્ન છે. થોડેક દૂર રહેલા કાગડાઓ કા...કા... કરી રહ્યાં છે. આને ગુસ્સો આવે છે ને ચિંતામણીરત્ન કાગડા પર ફેંકે છે. પાછળ જ મોટી ખીણ હતી અને પેલું ચિંતામણીરત્ન કાયમ માટે હાથમાંથી જતું રહ્યું.

જેમ કાગડાને ઉડાડવા ચિંતામણીરત્નનો ઉપયોગ ન કરાય તેમ સંસારના સુખો ભોગવવા ચિંતામણી રત્નસમાન માનવભવનો ઉપયોગ ન કરાય. ચિંતામણિરત્નની વિધિપૂર્વક આરાધના કરો તો કાયમનું સુખ મળે છે, તેમ માનવભવમાં સંયમજીવનની વિધિપૂર્વક આરાધના કરવાથી મોક્ષનું શાશ્વતું સુખ મળે છે. ચિંતામણિરત્ન કંઈ વારંવાર ન મળે કોઈક ભાગ્યોદય થયો હોય ત્યારે જ મળે છે, તેમ માનવજીવન વારંવાર ન મળે પ્રચંડ પુણ્યોદય થયો હોય ત્યારે જ મળે છે.

ધન્યવાદ છે... નમસ્કાર છે... તે શ્રમણ-શ્રમણી ભગવંતોને કે જેમણે આ સંયમજીવન સ્વીકારી પોતાના માનવજીવનને સફળ કર્યું છે. જેઓ કર્મોની સામે સંયમજંગ ખેલી રહ્યા છે.

જ્યારે આઝાદી વખતે જંગ ખેલાયો હતો તેમાં કેટલાયના ખૂન થયા...કેટલાયને ફાંસી મળી... કેટલાયના પરિવારો રખડતાં થઈ ગયા... પણ આ સંયમજંગ એવો છે કે એમાં બહારના શત્રુઓ સાથે નથી લડવાનું... પણ અંદર રહેલા શત્રુઓ સાથે લડવાનું છે. સાંભળી છે આ પંક્તિ -

**'જલતી આગ બુઝા ન પાયે વહ નીર હી ક્યા**
**અપને લક્ષ્ય કો ભેદ ન પાયે વહ તીર હી ક્યા**
**સંગ્રામ મેં લાખો કો મારનેવાલા ભી અગર**
**અપને આપ પર વિજય ન પાયે વહ વીર હી ક્યા.'**

રણસંગ્રામમાં હજારોને ખતમ કરવાવાળો પણ જ્યાં સુધી પોતાના

આંતરિક શત્રુઓને હણતો નથી ત્યાં સુધી એ મહાવીર કહેવાતો નથી.

**'જો બહારના શત્રુઓને જીતનારો વીર કહેવાય છે,**
**તો અંદરના શત્રુઓને જીતનારો મહાવીર કહેવાય છે.**

મોહરાજાએ આપણા સામ્રાજ્યને પચાવી પાડ્યું છે. કેટલાય વર્ષોથી એના ઉપર રાજ કરી રહ્યો છે. જ્યાં સુધી આપણે સંયમજંગ નહિ ખેલીએ ત્યાં સુધી આપણું સામ્રાજ્ય પાછું મળવાનું નથી. આપણો રહેવા માટે રાજમહેલ હોવા છતાં ક્યાં સુધી ભિખારીની જેમ એક શરીરમાંથી બીજા શરીરમાં ભટકતા રહેવાનું.

બસ ! બહુ થયું... હવે ભટકવું નથી. પાપોથી અટકવું છે અને એના માટે સંયમજંગ ખેલવો છે. કોઈ સ્ત્રીને અડવાનું નહિ. એના માટે મનમાં ખરાબ વિચારો પણ ન કરવા. સ્ત્રી જ નથી તો પુત્રાદિ પરિવારની ઝંઝટ પણ નથી. પૈસાને ટચ ન કરવા એટલે કમાવવાની-પાપોની ફેક્ટરીને તાળું લાગી ગયું.

નવા પાપો તો બંધ થઈ ગયા પણ જૂના પડેલા છે એનું શું ? લોચ કરવો. એકેક વાળને ખેંચતા ખેંચતા એકેક કર્મોને ખેંચી રહ્યા છે. જેમ વાળ મસ્તકથી અલગ થાય છે તેમ અનાદિકાળના ભેગાં કરેલાં કર્મો પણ ધીરે ધીરે આત્માથી અલગ થાય છે. કેશના લુંચન સાથે કલેશનું... કર્મોનું... કષાયોનું... ય લુંચન થઈ જાય છે. માટે જ તો કહ્યું છે -

**'આ કેશનું લુંચન છે, આ કર્મોનું લુંચન છે.**
**કષાયો છે કાળા, એનું આ લુંચન છે.'**

કોઈપણ પ્રકારના વાહનોનો ઉપયોગ કર્યા વિના વિહાર કરવો, નિર્દોષ ગોચરી સ્વીકારવી, જેમ ભ્રમર પુષ્પોમાંથી રસને પીવે છે પણ પુષ્પોને જરા પણ કિલામણા પહોંચાડતો નથી તેમ સંયમીઓ પણ બધાના ઘરેથી થોડી-થોડી ગોચરી વહોરતા જાય છે પણ કોઈને કિલામણા પહોંચાડતા નથી. આવા નિર્દોષ સંયમજીવનનું પાલન કરનારા પોતે તો તરે છે બીજા કેટલાયને તારે છે.

કોઈક નટડીના પ્રેમમાં પાગલ બનીને તેને મેળવવા નટ બનીને નૃત્ય

કરતા કરતાં **ઈલાચિકુમાર** ની દૃષ્ટિ સામેના ઘર તરફ જાય છે એ ઘરમાં કોઈક મુનિભગવંતને શ્રેષ્ઠીની રૂપવતી કન્યા મોદક વહોરાવી રહી છે. મુનિ ભગવંત ગોચરી વહોરે છે પણ પેલી કન્યા ઉપર દૃષ્ટિ પણ નથી નાંખતા.

આ દૃશ્ય ઈલાચિકુમારની નજરમાં આવ્યું... વિચારધારા શરૂ થઈ...પશ્ચાતાપ શરૂ થયો... પોતાની જાતને ધિક્કારે છે... ધિક્કાર છે મને કે એક નટડીના મોહમાં ફસાઈને મારા માતા-પિતા-પરિવારને છોડ્યાં અને એક નટડો બની ભરસભામાં નાચી રહ્યો છું. મારી આંખને મલિન કરી, મારા વિચારોને ખરાબ બનાવ્યા.

ધન્ય છે. આ મુનિ ભગવંતનો કે સામેથી નવયૌવના સોળ શણગાર સજેલી, રૂપ રૂપના અંબાર સમી શ્રેષ્ઠીની કન્યા વારંવાર વિનંતી કરી રહી છે છતાં એક નજર પણ કરતાં નથી. ઊંચુંય જોતાં નથી. ધન્ય છે એમના જીવનને... ધન્ય છે એમના વિચારોને.

આમ મુનિ ભગવંતોની અનુમોદના કરતાં... પોતાની જાતને ધિક્કારતા...વાંસના દોરડા ઉપર નૃત્ય કરતાં કરતાં... કેવળજ્ઞાન પ્રગટ થયું.

**'પોતે તરે અને બીજાનેય તારે તે સંયમી,**
**પોતે તો ડૂબે બીજાને ય ડૂબાડે તે સંસારી.'**

દરરોજ પરમાત્મા પાસે સંયમજીવન મેળવવા પ્રાર્થના કરો, ભાવના ભાવો. એના દ્વારા પણ ચારિત્રમાં પ્રતિબંધક કર્મોનો ભુક્કો બોલાય છે. તમારા સંપર્કમાં આવનારને ક્યારેક દીક્ષાના ભાવ જાગે તો અટકાવો નહિ એને સાચી સમજણ આપો. ભઈલા અમે તો સંસારના કૂવામાં પડ્યા, તારે પડવા જેવું નથી. અમે તો મોહની જાળમાં ફસાયા, તારે ફસાવા જેવું નથી. આવો સંયમનો રાગ પેદા કરો.

**કૃષ્ણ મહારાજા !** પોતાની દરેક પુત્રીઓને પૂછતાં કે બેટા રાણી બનવું છે કે દાસી...? બધાને રાણી થવું જ ગમે ને. જે રાણી બનવાનું કહેતા તેને નેમનાથ પ્રભુ પાસે દીક્ષા અપાવતાં.

એક પુત્રી માતાના શીખવવાથી બોલી મારે દાસી બનવું છે તો એના લગ્ન કરાવ્યાં અને જમાઈને કહી દીધું કે ઘરનું બધું કામ એની પાસે જ

કરાવવાનું ને થોડા દિવસમાં જ પાછી આવી કહે મારે દાસી નહિ રાણી બનવું છે. આમ એને પણ દીક્ષા અપાવી.

એ તો ઠીક પોતાના નગરમાં જેને પણ દીક્ષા લેવી હોય તો પ્રસન્નતાથી લઈ શકતા. કારણ કે એમના કુટુંબના ભરણ-પોષણની જવાબદારી તેઓ પોતે ઉઠાવી લેતા.

ધન્ય છે કૃષ્ણ મહારાજાને ! પોતે સંયમ ન લઈ શક્યા તો બીજા કોઈને અટકાવતા નહિ. કોઈને લેવાની ભાવના થાય તો વ્યવસ્થા/અનુકૂળતા પોતે કરી આપતા.

આવો સંયમરાગ આપણા જીવનમાં પણ આવવો જોઈએ. જ્યાં સુધી સંયમ ન મળે ત્યાં સુધી સંયમની ભાવના, સંયમીની અનુમોદના કરવી. જ્યાં જ્યાં પણ દીક્ષા થતી હોય ત્યાં ત્યાં અનુકૂળતા કરીને પણ અવશ્ય જવું. દીક્ષા જોવાથી પણ કર્મોના ભુક્કા બોલાઈ જાય છે.

વર્તમાનકાળમાં પણ એવા કેટલાય મહાત્માઓ છે જેમને દીક્ષા જોતા જોતા દીક્ષા લેવાના ભાવ થઈ ગયા. જો એ મુમુક્ષુઓ આખો સંસાર છોડી શકતા હોય તો આપણે માત્ર ૨-૩ કલાક ધંધો, દુકાન, ઘર, સ્કૂલ, કૉલેજ ન છોડી શકીએ ?

૫૦ રૂપિયા હાથમાંથી પડી જાય તો તેનું દુઃખ થાય છે, પણ જિંદગીના ૫૦ વર્ષ ધર્મ કર્યા વિના પાણીમાં જતાં રહ્યાં તેનું દુઃખ થાય છે ખરું ?

: સનાતન સત્ય : 44

# રોગ અને મૃત્યુ




કોરોનાએ આખા વિશ્વમાં તબાહી મચાવી છે. અમ્ફાન... નિસર્ગના વાવાઝોડાં... સુનામિ... ભૂકંપ... આ બધામાંથી આપણે આબાદ બચી ગયા પણ બે ચીજ એવી છે કે એમાંથી કોઈ પણ આપણને બચાવી શકશે નહિ.

**(૧) રોગ :** નાનો બાળક હોય કે યુવાન હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય.. સજ્જન હોય કે દુર્જન હોય... બધાના જીવનમાં કોઈને કોઈ રોગ તો આવ્યા જ હશે. આ દુનિયામાં એક પણ એવો જીવ નહિ મળે કે જેના જીવનમાં જન્મથી લઈને કોઈ રોગ ન આવ્યો હોય.

ક્યારે... કયો રોગ ત્રાટકશે એની કોઈ ગેરન્ટી નથી.

**(૨) મૃત્યુ :** મૃત્યુમાંથી બચાવવાની કોઈની તાકાત નથી. આજે નહિ તો કાલે... આ વર્ષે નહિં તો આવતા વર્ષે... જ્યારે સમય પાકશે ત્યારે મોત આપણા દ્વારે વગર આમંત્રણે આવીને ઉભુ રહી જશે.

એ જોશે નહિ કે આ બાળક છે કે વૃદ્ધ.

આ રોગ અને મોત જીવનમાં ત્રાટકે એની પહેલાં જ ચેતીને જીવનને ધર્મમય બનાવી દેવા જેવું છે. પાણી પહેલા પાળ બંધાય... તેમ રોગ અને મોત ત્રાટકે તે પહેલાં જ પુણ્યનું ભાથું બાંધી લઈએ જેથી આવતા ભવે ઉત્તમ ગતિ મળે.

દરેક ભવની અંદર આ રોગ અને મોત આપણી પાછળ હાથ ધોઈને પડવાના છે. દુનિયાના ગમે તે ખૂણામાં જઈએ... એ ત્યાં પણ આવી

પહોંચશે. આ રોગ અને મોતમાંથી કાયમી છુટકારો મેળવવા એક જ સ્થાન છે તે છે મોક્ષ.

મોક્ષમાં જવા આ ભવે કે આવતા ભવે સંયમ લેવું જ પડશે. આ સંયમ માટે કેટલાય માતા-પિતાઓએ પોતાના એકના એક લાડલા સંતાનને શાસનના શરણે સોંપી દીધો છે.

માતા પાહિની અને પિતા ચાચિંગે પોતાના એકના એક લાડકવાયા નાનકડા પુત્રને ગુરુ મહારાજની ઝોળીમાં વહોરાવ્યો તો એ આગળ જઈને કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય બન્યા.

આ શાસન આવા માતા-પિતાઓના બલિદાનથી ચાલે છે. જો એમણે પોતાના સ્વાર્થ કે મોહને આગળ કર્યો હોત તો આજે આ જિનશાસન આપણી પાસે હોત કે કેમ એ મોટો પ્રશ્ન છે.

આપણે પણ આજથી સંકલ્પ કરીએ કે આપણે સંયમ ન લઈ શકીએ તો કંઈ નહિ. બીજાને સંયમ લેવામાં અંતરાય નહિ જ કરીએ. પણ એમને Support કરશું.

આવો સંયમનો તીવ્ર અનુરાગ પેદા કરી શીઘ્ર સંયમ પંથ પર...

આરૂઢ થઈએ...

આરૂઢ થઈએ...

આરૂઢ થઈએ...

**સંયમ એટલે...**
સાધનથી સાધના તરફ...
રાગમાંથી ત્યાગ તરફ...
પાવન પ્રયાણ...



# 2 સંયમ વંદના



# સંયમ વંદના

## ૧. મને હાથ ઝાલીને ચલાવજો...

૧. હું જાગતો ને માંગતો દીક્ષા પ્રભુ મને આપજો
ખોટા પથે દોડ્યો ઘણું, સંયમ પંથે મને સ્થાપજો
કરું પ્રભુ હું વિનતી, સંસાર બંધન કાપજો
**માંગુ પ્રભુ દીક્ષા હવે, મને હાથ ઝાલી ચલાવજો**

૨. કોને ખબર ક્યારે જીવન, આ ચાલતું અટકી જશે
ફર ફર ફરકતી આંખડી, પલવારમાં અટકી જશે
મૃત્યુ બને ઉત્સવસમું, જીવન એવું બનાવજો.. માંગુ૦

૩. જોતો પ્રભુ હું શ્રમણને, ને ભાવ ત્યારે આવતા
નિર્દોષ રાહે ચાલતાં, ને કર્મો સઘળાં બાળતા
એવો અનુપમ વેશ પ્રભુજી ક્યારે મુજને આપશો... માંગુ૦

૪. પ્રભુ આપ પાસે આવતો ને આંખે અશ્રુ વહાવતો
દીક્ષા મને જલદી મળે, એના અભિગ્રહ ધારતો
સંસારમાં ભટક્યો ઘણું, હવે જલદી મુજને ઊગારજો... માંગુ૦

૫. ચારિત્રગુણના ઉપવને, શુદ્ધજ્ઞાનમાં ડુબાડજો
જિનાગમોને સ્પર્શવાની શક્તિ મુજને આપજો
વૈરાગ્યમાં ઝુમતો રહું, મારી ભાવધારા વધારજો... માંગુ૦

## ૨. અષ્ટપ્રકારી પૂજા આપજો...

૧. છે પૂર્ણતા પ્રભુ આપમાં, તેથી કરે સહુ અર્પણં
જો પાત્રતા જાણો અમારી, તો કરો પ્રત્યાર્પણં
ભરી કૃપાકળશ સમતામૃતે, સર્વાંગ મુજને પખાળજો
ચારિત્ર ચંદનના વિલેપનથી, પ્રભુ ! મને ઠારજો

૨. સદ્‌ગુણસુવાસી હે પ્રભુ ! ગુણપુષ્પ મુજને આપજો
શુભભાવધૂપ ધરી અને શ્રદ્ધાદીપક પ્રગટાવજો

જીવનમહીં શુભકરણીના સ્વસ્તિક અનેરાં રચાવજો
ફળદૃષ્ટિ મારી અપહરી નિષ્કામના ફળ આપજો

૩. આજ લગી અષ્ટોપચારી અર્પણા પ્રભુ મેં કરી
આજે અનેરી ભાવસૃષ્ટિ આપની સામે ધરી
અષ્ટપ્રકારી પ્રાર્થના કરજોડી કરું, સ્વીકારજો
ભવમાં રઝળતા માહરી પ્રભુ જિંદગી સુધારજો.

## ૩. શ્રમણ હું ક્યારે બનું ?

૧. ડગલે અને પગલે સતત હિંસા મને કરવી પડે
તે ધન્ય છે જેઓ અહિંસાપૂર્ણ જીવન સાંપડે
ક્યારે થશે કરૂણાઝરણથી આર્દ્ર મારું આંગણું
**આ પાપમય સંસાર છોડી શ્રમણ હું ક્યારે બનું ?**

૨. જે ઈન્દ્રિયોને જીવનની ક્ષણ એક પણ સોંપાય ના
મુજ આયખું આખું વીત્યું તે ઈન્દ્રિયોના સાથમાં
લાગે હવે શ્રી સ્થૂલિભદ્રતણું સ્મરણ સોહામણું... આ પાપમય૦

૩. તન ધન સ્વજન જીવન ઉપર મેં ખૂબ રાખ્યો રાગ પણ
તે રાગથી કરવું પડ્યું મારે ઘણા ભવમાં ભ્રમણ
મારે હવે કરવું હૃદયમાં સ્થાન શાસનરાગનું... આ પાપમય૦

૪. જ્યાં પાપ જ્યારે એક પણ તજવું અતિ મુશ્કેલ છે.
તે ધન્ય છે જેઓ અઢારે પાપથી વિરમેલ છે.
ક્યાં પાપમય મુજ જિંદગી, ક્યાં પાપશૂન્ય મુનિજીવન... આ પાપમય૦

## ૪. તને પામવાની પ્યાસ છે...

૧. શિવમાર્ગ કેરી સફરમાં છે એક બસ સથવાર તું
રત્નત્ર્યીનો સાર તું, જિનધર્મનો આધાર તું
તને પામવા તલસી રહ્યા, તડપી રહ્યા મુજ શ્વાસ છે
**રજોહરણ ક્યારે મળીશ, તને પામવાની પ્યાસ છે**

૩. જે હોય અતિશય પુણ્યશાળી, તે જ તુજને પામતા
અભાગિયા તુજથી ડરે, એ તુજ સમીપે ન આવતા
સિમિત છે ભવ જેહના, તસ હ્રદયમાં તુજ વાસ છે... રજોહરણ૦

## ૫. ક્યારે વરીશ ? ક્યારે વરીશ ?

૧. મોહતંતુ તોડીને હું સ્વજનસંગ ક્યારે ત્યજીશ ?
સંવેગને વૈરાગ્યના રસરાજને ક્યારે ભજીશ ?
ગુરુદેવના પદકમલમાં બની ભ્રમર હું ક્યારે રમીશ ?
શ્રામણ્યરૂપી સુંદરી ક્યારે વરીશ ? ક્યારે વરીશ ?

૨. ચિંતા પરાયી અવગણી, શુભચિંતને ક્યારે ચડીશ ?
કરી દૂર કટુતા જીતીને, માધુર્યથી ક્યારે ભરીશ ?
અપયોગ છંડી કાયને શુભયોગથી ક્યારે ઘડીશ ?
આભૂષણો ગુપ્તિતણાં ક્યારે સજીશ ? ક્યારે સજીશ ?

૩. ને શાસ્ત્ર વિહિત યોગને સાધી અનુજ્ઞાને વરી
ગુરુકૃપા ભાજન બની કરી ગુરુવરોની ચાકરી
ગુરુવર ચરણ ઉપાસીને ગુરુબોધને પામી કરી
ગણધર રચિત એ આગમો ક્યારે ભણીશ ? ક્યારે ભણીશ ?

## ૬. ક્યારે બનીશ... ક્યારે બનીશ...

૧. તે શ્રમણગણને ધન્ય છે, નિર્વાણમાર્ગે રત સતત
તે શ્રમણીગણને ધન્ય છે, નિગ્રંથતા સાધે સતત
હું પણ પ્રભુ ક્યારે હવે, એ સંયમના પંથે રમીશ
**અણગાર સાચો વીરનો, ક્યારે બનીશ ? ક્યારે બનીશ ?**

૨. નિર્વાણ પથ સથવાર એ, રજોહરણ ક્યારે ગ્રહીશ ?
ગુરુ ગૌતમે જે વેશ ધર્યો, એ વેશ હું ક્યારે ધરીશ ?
ગુરુવરતણાં શુભ ચરણમાં, હું ભ્રમર થઈ ક્યારે રમીશ ? ...અણગાર૦

૩. જો કાર્ય નિપજે તો જ વદવું, ટેક એ ક્યારે ધરીશ ?

મીઠા મધુરા હિતભર્યાં, રૂડા વચન ક્યારે વદીશ ?
નિર્દોષ ભિક્ષા ભીખતો મધુકર સમો ક્યારે થઈશ ?... અણગાર૦

## ૭. કરું ભાવથી હું વંદના...

૧. વસવું ગુરુકુળ વાસમાં આતમ સમર્પિત ભાવથી
પ્રતિશ્રોત વહેવું ખંતથી, ઈચ્છાદિના નિરોધથી
જ્યાં ચૌદ રાજ તણા જીવોને છે અભયની ઘોષણા-
**ચારિત્રના શુભચરણમાં કરું ભાવથી હું વંદના...**

૨. આરાધનાનું અવતરણ, આનંદનું વહેતું ઝરણ
સાવદ્ય સઘળી પાપકરણીઓ તણું જ્યાં વિસ્મરણ
મારા પ્રભુની જીવનશૈલીનું જ જ્યાં છે અનુસરણ... ચારિત્રના૦

૩. ભોગો તણી ભિક્ષાચરી જેના પ્રભાવે ઓસરે
વળી જેહ થકી તપ ત્યાગની પિપાસા મનમાં પાંગરે
તે સંયમે હોજો રતિ, મુજ સંયમે જ મતિ સદા... ચારિત્રના૦

## ૮. રજોહરણ મને આપજો...

૧. પંચ મહાવ્રત પંચસમિતિ, ગુપ્તિધરમાં રાખજો.
ગુરુ આણ બને મુજ પ્રાણ, એવા ભાવ હૃદયે સ્થાપજો.
સ્વાધ્યાય મસ્તી આપી મારા રાગ-દ્વેષને કાપજો
**મારી ભાવધારા વધારજો, રજોહરણ મને આપજો.**

૨. જે રજોહરણને ગ્રહણ કરીને જીવો સિદ્ધિ પામતાં
જે રજોહરણનું સ્મરણ કરતાં પાપો દૂરે ભાગતાં
ભ્રમણા ટળો, ભાવો ફળો, સંયમ જીવન મુજને મળો... મારી૦

૩. સંયમના આ પંથ પર, ચાલ્યા અનંતા જિનવરો
આત્મા અનંતા શિવ વર્યા, સંયમનો લઈ આશરો
દોષો ટળો, સંયમ મળો, માનવ જીવન મારું ફળો... મારી૦

## ૯. શ્રમણને કરું વંદના...

૧. જે અષ્ટ પ્રવચન માતને બાળક પરે સંભાળતા
નિજ કાયકષ્ટને અવગણી, ષટ્કાય જીવો રક્ષતા
સમતા ધરી કરી સાધના, જે સ્વપર હિતને સાધતા
**તે કર્મયુદ્ધે વીરયોદ્ધા શ્રમણને કરું વંદના...**

૨. ત્યજી માત તાત સ્વજન સંબંધી પ્યારા સહુ પરિવારને
મૂકી માયા ને મમતા નઠારી સ્વાર્થભર્યા સંસારને
કરે સાધના એકાંતમાં, બસ મોક્ષની એક ઝંખના... તે કર્મયુદ્ધે૦

૩. તપ ત્યાગને સ્વાધ્યાયમાં તલ્લીન જે નિશદિન રહે
ઉપસર્ગને પરિષહ તણી વણઝાર જે હસતાં સહે
દશવિધ સાધુ ધર્મની કરે ભાવથી આરાધના... તે કર્મયુદ્ધે૦

## ૧૦. સંયમ પ્રભુ મને આપજે...

૧. વૈરાગ્યના રંગો સજી ક્યારે પ્રભુ ! સંયમ ગ્રહું ?
સદ્ગુણતણા શરણે રહી સ્વાધ્યાયનું ગુંજન કરું ?
સવિ જીવને દઇ દેશના હું ધર્મનું સિંચન કરું ?
કર્મો થકી નિર્લેપ થઇ ક્યારે પ્રભુ મુક્તિ વરું ?

૨. ક્યારે પ્રભુ સમ્યક્ત્વનો દીવડો હૃદયમાં પ્રગટશે
ક્યારે પ્રભુ વૈરાગ્યવાસિત માહરી હરપળ થશે
ક્યારે પ્રભુ સુવિશુદ્ધભાવે સર્વવિરતિ સ્પર્શશે
ક્યારે પ્રભુ સંસારમાં પણ... મુક્તિની ઝાંખી થશે.

૩. સંયમતણો શણગાર હું ક્યારે સજીશ... ક્યારે સજીશ ?
પ્રભુ તે બતાવ્યા માર્ગને, હું ભાવથી ક્યારે ગ્રહીશ ?
તુજ આણને ભૂલુ કદાપિ બાળ સમજી ઉગારજે
સંયમ આપી મુજને પ્રભુ ! ભાવસાગરથી તારજે.

૪. ક્યારે પ્રભુ ! નિજ દેહમાં પણ આત્મબુદ્ધિને ત્યજી

શ્રદ્ધાજળે શુદ્ધિ કરી, વિવેકને ચિત્તે ધરી
સમ શત્રુ મિત્ર વિષે બની, ન્યારો થઇ પરભાવથી
રમીશ સુખકર સંયમે, ક્યારે પ્રભુ ! આનંદથી

૫. સંસાર સાગર દુઃખથી ભરપૂર છે એમ માનતો
તો પણ પ્રભુ ! આ મોહવાસિત આતમા નથી જાગતો
સંસારના એ વિષમ પંથે હું જવા નથી ચાહતો
કરૂણાનિધિ તે કારણે ભવતારક સંયમ માંગતો

૬. ચોરાશીના ચક્કરમહીં ભમતા અનાદિ કાળથી
તન ધન સ્વજન વિષયો કષાયોનું કર્યું પોષણ અતિ
માનવ જનમ શ્રદ્ધા શ્રવણ પામ્યો અતિ દુર્લભ છતાં
ક્યારે સજીશ શણગાર બની અણગાર સંયમ જીવનના

૭. મેં નરક-તિર્યંચમાં સહ્યાં, દુઃખો ઘણાં સમજણ વિના
સમજણ મળી મુજને હવે, સિદ્ધિ નથી સંયમ વિના
પણ શુદ્ધિકર સંયમજીવન લાગે મને અતિ આકરું
દે. સન્મતિ મુજને પ્રભુ, સંસાર ત્યજું, સંયમ વરું

૮. મેં પ્રીત પુદ્દગલથી કરી, તેથી ભમ્યો સંસારમાં
જો પ્રીત તુજ સંગે કરું, તો મુક્તિ પણ પળવારમાં
પ્રીત કરવા તુજથી, પ્રવ્રજ્યા મુજને આપજો
પ્રવ્રજ્યા પંથે... ચલાવીને મને પરમપદે પહોંચાડજો

૯. વૈરાગ્ય ભવનો હો સદા, નિત મોક્ષની હો ઝંખના
નિજ આત્મમાં હું સ્થિર રહું, આવે ભલે દુઃખો ઘણાં
મુજ રક્તના હર બુંદમાં, જિનરાજ તુજ સંયમ વહો
સંયમ મળો, સંયમ ફળો, મુજ આત્મનો ઉદ્ધાર હો

૧૦. ક્યારે પ્રભુ ! સંસાર કારણ સર્વ મમતા છોડીને
આજ્ઞા પ્રમાણે આપને, મન તત્ત્વજ્ઞાને જોડીને
ભવસાગરમાં જહાજ સમ, સંયમ પ્રભુ જલ્દી મળે
રજોહરણ લઈ નાચતાં, માનવ જીવન મારું ફળે.

૧૧. અરિહંત પ્રભુ પાયે પડીને માંગુ છું બસ એટલું
સાધુજીવન વેશ ક્યારે મળશે, માંગુ છું પ્રભુ એટલું
કુમકુમ કેરાં સાથિયા, કેસર છાંટી મુહપત્તિ
અણમોલ ઓછો ક્યારે મળશે માંગુ છું પ્રભુ એટલું

## ૧૧. રમતો બનું વૈરાગ્યમાં...

૧. હે નાથ ! મારી જીવનરૂપી નાવડી ભવસાગરે
અટવાઈ રહી છે વિષયોના નશ્વર સુખોની ગાગરે
સુખબિંદુઓ ક્ષણવારમાં લઈ જાય છે દુઃખ સાગરે
દુઃખમુક્તિ આપો નાથજી ! બસ એ જ મારી માંગ રે.

૨. ભવસાગરે ભમતા વિભો ! મેં ઘોર પીડા ભોગવી
તેમાં પરમ કારણ કૃપાળુ ! ભોગની ઈચ્છા સવિ
એવું કરો જિનવર ! ખરેખર થાયે દુરે વાસના
જેથી પ્રભુ ! નિર્વિષ બની કરું શુદ્ધ આપ ઉપાસના

૩. હે નાથ ! નજરે મેં નિહાળ્યા નેહ ધરીને આપને
મા-બાપ માન્યા મેં તને મુજ ટાળ ભવના તાપને
મુજ જિંદગી પ્રજળી રહી છે વાસનાની આગમાં
આપો પ્રભુ ! બળ એટલું રમતો બનું વૈરાગ્યમાં

૪. હે પ્રભુ ! આનંદદાતા જ્ઞાન હમકો દીજીએ
શીઘ્ર સારે અવગુણો કો દૂર હમ સે કીજીએ
લીજીએ હમકો શરણ મેં હમ સદાચારી બને
બ્રહ્મચારી ધર્મરક્ષક વીર વ્રતધારી બને

૫. હે નાથ ! ભારે કર્મી છું અથવા નથી મુજ પાત્રતા
જિમ બળદ ઘાણીનો ભમે, તિમ હું ભમું સંસારમાં
જિમ ભૂંડ વિષ્ટામાં ડૂબે, તિમ હું ખૂંચ્યો છું વિષયમાં
ક્યારે પ્રભુ ! મુજને થશે વૈરાગ્ય આ સંસારમાં ?

૬. વિષયો તણા વળગાડને ક્યારે પ્રભુ છોડીશ હું ?

સન્માર્ગદાયક જિનાગમોમાં મન કદા જોડીશ હું ?
અણગારનાં વસ્ત્રો સજી, કર્મો કદા તોડીશ હું ?
મુક્તિ નગરના માર્ગ પર ક્યારે પ્રભુ દોડીશ હું ?

૭. હું દાસ તારો ખાસ રાખી આશ હું ઝંખુ તને
વિષયો તણા વિષમય વિકારોથી બચાવોને મને
આશા અવર ન રાખતો, હે નાથ ! હું તારી કને
અવિહડ તમારા રાગથી વીતરાગતા મળજો મને.

૮. વિષયોમહીં મેં વેડફ્યો, માનવ જનમ અતિ દોહિલો
ના સાધના કરી મન થકી, શિવરાજ જેથી સોહિલો
તુજ આણ હૈયે ના ધરી, કરી મોહરાજની ચાકરી
થાક્યો પ્રભુ મારો હવે, ઉદ્ધાર કર કરૂણા કરી.

## ૧૨. ભમવું નથી મારે હવે...

૧. સંસાર ઘોર અપાર છે તેમાં ડૂબેલા ભવ્યને
હે તારનારા નાથ શું ભૂલી ગયા નિજ ભક્તને
મારે શરણ છે આપનું નવિ ચાહતો હું અન્યને
તો પણ પ્રભુ મને તારવામાં ઢીલ કરો શા કારણે ?

૨. અણમોલ માનવના ભવે પંચાત મેં બીજી કરી
પલ પલ તૂટે છે આયખું એ વાત દિલમાં નવિ ધરી
વીતરાગના વચનો વિશે બેકાળજી બનીને રહ્યો
નરભવ મળ્યો મુજ દોહિલો, હારી જાઉં... હારી જાઉં...

૩. સ્વાર્થભર્યા સંસારમાં કંઈ સાર દેખાતો નથી
તારા શરણ વિના હવે ઉદ્ધાર સમજાતો નથી
અજ્ઞાની એવો હું પ્રભુ ! ભટકી રહ્યો સંસારમાં
વૈરાગ્યદીપ પ્રગટાવ પ્રભુ ! હું આવ્યો તુજ દરબારમાં

૪. આત્માતણા આનંદમાં મશગૂલ રહેવા ઈચ્છતો
સંસારના દુઃખદર્દથી ઝટ છુટવાને ઈચ્છતો

આપો અનુપમ આશરો પ્રભુ દીનબંધુ દાસને
આવ્યો છું શરણે આપના તારો પ્રભુ તારો પ્રભુ

૫. જિનરાજ ! હે મહાભાગ ! જગમાં જન્મ પામ્યો જ્યારથી
ભવપાર પહોંચેલા તને પેખ્યો પ્રભુ ! મેં ત્યારથી
ઉભગી ગયું મન માહરું, દુઃખથી ભર્યા સંસારથી
ભવજલ થકી તારો હવે, મુજ જીવન કેરા સારથિ

૬. ધનવંતરિ છો વૈદ્ય છો મારા જીવનના હે પ્રભુ !
ભવરોગના વળગાડને તું દૂર કરજે હે વિભુ !
ઉપકાર કરી વીતરાગ મુજને જ્ઞાન દર્શન આપજે
ચારિત્રમાં નિશદિન રહું એવી સન્મતિ મને આપજે.

૭. સંસાર કેરાં પાપ સઘળા, મુજ હૃદયમાં ખટકતા
તો પણ પ્રભુ મન વચન કાયા પાપથી ના અટકતા
મોહાંધને વિષયાંધ હું શેં દૃષ્ટિ તુજ પામુ વિભુ
કારૂણ્ય સિંધુ મોહમારક દૃષ્ટિદાન કરો પ્રભુ.

૮. કર્મો તણા બહુ ત્રાસમાં, હું મોહ કેરા પાશમાં
પામ્યો ઘણેરો ત્રાસ હું સંસારના વિશ્વાસમાં
ઊઘડી હવે મુજ આંખ દેખી આપને નિજદૃષ્ટિથી
વિનવું ઉગારો નાથ ! ભવની આ વિનાશક સૃષ્ટિથી

૯. હું કદી ભૂલી જાઉં તો પ્રભુ ! તું મને સંભારજે
હું કદી ડૂબી જાઉં તો પ્રભુ ! તું મને ઉગારજે
હું વસ્યો છું રાગમાં ને તમે વસ્યા વૈરાગ્યમાં
આ રાગમાં ડૂબેલને ભવપાર તું ઉતારજે.

૧૦. સ્નેહી સ્વજનનો સ્નેહ તૂટી જાય છે પલવારમાં
તો પણ પ્રભુ પામર બની રાચી રહ્યો સંસારમાં
સુખમાં પ્રભુ રાગી બન્યો વળી ના રહ્યો વૈરાગ્યમાં
હે નાથ ! મારો આતમા ક્યારે થશે પરમાતમા

૧૧. પુદ્‌ગલ પરાવર્તો અનંતા મેં કર્યાં સંસારમાં
ભટક્યો અનંતીવાર પ્રભુ ! હું યોનિ લાખ ચોરાશીમાં

પામ્યો મહાપુણ્યોદયે શાસન તમારું આ ભવે
પામી તને આ ભવ વને ભમવું નથી મારે હવે

૧૨. હું મોહમદિરામાં ડૂબી, ભૂલી સ્વરૂપ નિજ આત્મનું
ભવભ્રમણમાં બસ કામ કીધું પારકી પંચાતનું
ચોરાશીના ચૌટે કર્યાં મેં નટ બની નાટક ઘણા
કહું બાળ ભાવે પ્રભુ તને મુજ આત્મની સંવેદના

૧૩. હું સાધનોમાં મસ્ત બનીને સાધના ભૂલી જતો
બનવા અજન્મા જન્મ જે તે પણ પ્રમાદે વહી જતો
ક્યારે થશે નિસ્તાર જન્મ-મરણ થકી પ્રભુ માહરો ?
ક્યાં જઉં ? કોને કહું ? નથી અન્ય મારો આશરો.

## ૧૩. ભાવે કરું હું વંદના...

૧. દેવો તણાં સ્વામી સદા, જે વેષ કાજે તરફડે
શ્રેણિક સમા પરમાર્હતોના જીવનમાં જે ના જડે
બહુ પુણ્યકારી જીવને જે વેશ અમૂલખ સાંપડે
**તે શ્રમણ સુંદર વેશને ભાવે કરું હું વંદના**

૨. ગૃહરજતણું વારણ કરે, તેને મનુજ કરમાં ગ્રહે
જે કર્મરજને દૂર કરતું, રજોહરણ કિમ ના ગ્રહે ?
છે કર્મયુદ્ધે જેહ અસિ સમ કરતું કર્મ નિકંદના... તે શ્રમણ૦

૩. વિણ પાત્ર ભોજન સાધુને પ્રભુએ નિષેધ્યું તેહથી
કલ્પે ગ્રહણ સુવિહિત મુનિને પાત્રનું સુવિવેકથી
કરો કામના ધરો ભાવના “કરું પાત્રદાન હું ટેકથી” તે શ્રમણ૦

૪. જયણા તણું સાધન બને, રક્ષણ તણું કારણ બને
જે સ્વ પરનું પરિજન બનીને જીવનું તારણ બને
છે ધન્ય તે સહુ શ્રમણને, કંબલ સદા ધારણ કરે... તે શ્રમણ૦

૫. છે બોધ રહ્યો અક્ષર મહીં, અક્ષર રહ્યા છે પુસ્તકે
બને જ્ઞાન સાધન પોથી પ્રત તેહને ધરું હું મસ્તકે

અક્ષર કહો સાક્ષર કહો, છે અભેદનયથી એકતા... તે શ્રમણ૦

૬. સાધક મુનિના હસ્તમાં જપમાળના મણકાં ફરે
ઊર્જા ખરે ચોતરફથી ને સૂક્ષ્મના તણખાં ઝરે
માળા ગ્રહી કરી જાપ પ્રભુનો પાપની ક્ષપણા કરે... તે શ્રમણ૦

૭. અપરાધી હોય તો પણ કદી કોઈ જીવને નવ મારતાં
પણ કાષ્ઠનિર્મિત મેરૂશિખરી દંડને જે ધારતા
ત્રણ દંડને ફટકારતાં કર મોક્ષદંડક રાખતા તે શ્રમણ૦

૮. ભૂમિ પ્રમાર્જીને પછી બેસે સદા જે આસને
વસતિ મહીં પણ ચાલતા નિશિએ જુએ દંડાસને
પાત્રક તણું કરવા પ્રમાર્જન પૂંજણીને અપેક્ષતા... તે શ્રમણ૦

૯. કરી સાધના લઈ શ્રમ ઘણો. સંસ્તારકે મુનિ સુવતા
નવ સાધના કાજે નવું લઇ જોમ જ્યાંથી ઉટતા
જડ છે છતાં મહાભાગ્ય કરે મુનિદેહની વિશ્રામણા... તે શ્રમણ૦

૧૦. જે માર્ગ પર આરૂઢ થઇ તીર્થંકરો પણ ચાલતાં
જે માર્ગને સુરલોકના દેવો સદાયે ઝંખતા
જે માર્ગને ગ્રહીને અનંતા જીવો સિદ્ધિ પામતા... તે શ્રમણ૦

## ૧૪. કરું ભાવથી હું વંદના...

૧. જે માર્ગથી શાંતિ-સમાધિ-સદ્‌ગતિ સહેજે મળે
જે માર્ગથી જીવો અનંતા શિવગતિમાં જઇ ભળે
તે માર્ગ પર ચાલે અને સૌને કરે તસ પ્રેરણા
**જિનાજ્ઞાધારી શ્રમણને કરું ભાવથી હું વંદના...**

૨. જેઓ સ્વભાવે મોક્ષસાધક વૃત્તિને અવધારતા
ને પાપની પ્રવૃત્તિ કરતાં જે સદાએ ધ્રૂજતા
સવિ જીવ કરુ શાસનરસીની ભાવના જે ભાવતા... જિનાજ્ઞા૦

૩. પરિવર્તના જ્યાં શક્ય પુનરાવર્તના ત્યાં ના કરે
ભૂલો કરી જે ભવ અનંતે તેહથી પાછા ફરે

સમજે ઈશારામાં સદા, કહેવા પડે છે બે શબ્દના... જિનાજ્ઞા૦

૪. છે સત્ય ને નિઃશંક જે મારા પ્રભુએ ભાખીયું
જેણે ઉતાર્યું જીવનમાં તેણે જ શિવસુખ ચાખીયું
એવી પરમ શ્રદ્ધાથી જે કરતા સતત આરાધના... જિનાજ્ઞા૦

૫. સંસાર કેરા કાર્યમાં ક્ષણ એક જેની જાય ના
ઉપસર્ગને પરિષહ થકી પણ જે કદી ગભરાય ના
ભારંડ પંખી સમ કરે અપ્રમત્તતાની સાધના... જિનાજ્ઞા૦

૬. કાકંદી ધન્નાનો સદા આદર્શ જે સામે ધરે
નિજ આત્મથી નિજ દેહ સાથે જે સદા યુદ્ધો કરે
અવસર મળ્યો છે દોહિલો, જાણી કરે આરામ ના... જિનાજ્ઞા૦

૭. નિજ અલ્પ દોષો પણ સદા, કંટક પરે જસ ખૂચતા
પર અલ્પ ગુણ પણ દેખીને, જે હૃદયથી રાજી થતા
ક્યારે અનંતગુણી બનું ? એવી સતત જસ ઝંખના... જિનાજ્ઞા૦

૮. જે આજીવન ગુરુકુલમહીં વસવાની કરતા ખેવના
ગુરુદેવની જિનદેવ સમ જે નીત કરે ઉપાસના
સ્વચ્છંદ બનવાની કદી કરી શકે ના કલ્પના... જિનાજ્ઞા૦





# 3 સંયમ સરગમ

## ૧. સંયમ ક્યારે મળશે...?

સિદ્ધિ માટે ગાવી પડે સાધનાની સરગમ
આખરે તો લીધું સંયમ, સ્વામિએ ભી સ્વયં
**સંયમ ક્યારે મળશે... મુજને ક્યારે મળશે...**
**ક્યારે ક્યારે મળશે... મુજને ક્યારે મળશે...**

હતું રાજપાટ, હતા એ સમ્રાટ
તો યે વીરે લીધી, વિરતિની વાટ
સંગમ જેવા આવે, સ્વામિને સતાવે
સઘળું સહન કર્યું, સ્વામિએ સમભાવે
સુખ સામગ્રી ને સુવિધાઓ સળગાવીને સઘળું
સાચું સુખ મેળવવા માંડ્યું સંયમ પંથે ડગલું... સંયમ૦૨

અનાદિ સમયથી મેં ભ્રમણ કીધું
એમાં વાર અનંતી રજોહરણ લીધું
હવે ભાવના છે, એ જ કામના છે
મારી પ્રાર્થના છે, કરું સાધના રે
એથી મુજને મળજો શક્તિ ને ટળજો આસક્તિ
મોહતણા આ બંધનમાંથી મળજો મુજને મુક્તિ
મુક્તિ ક્યારે મળશે, વિરક્તિ ક્યારે ફળશે
આસક્તિ ક્યારે ટળશે, મુક્તિ ક્યારે મળશે...
મુક્તિદાયી સંયમ મુજને ક્યારે મળશે...
સાધનાની સરગમ મુજને ક્યારે મળશે... સંયમ૦૩

## ૨. સંયમ ક્યારે મળશે... ?

સંયમના અર્થે શૂરા, સત્ત્વ કેવું લાવે
જોઈ જોઈ મારું હૈયું, બોલે આજ ભાવે
**સંયમ ક્યારે મળશે... મુજને ક્યારે મળશે...**
**ક્યારે ક્યારે મળશે... મુજને ક્યારે મળશે...**

હું ભોગમાં ડૂબી પળ પળ દુઃખ પામું
તૃષ્ણામાં સળગી દિન-રાત ગુમાવું
તું ભોગ ત્યજીને હરપળ સુખ પામે
સંતોષના સુખમાં દિન રાત વિતાવે
ભોજન થાળી રમવા શેરી તારી મારી એક
હું ભટકું તું મુજને છોડી સંયમ પામ્યો છે... સંયમ૦૧

આ મોંઘુ જીવન પળમાં વહી જાશે
જો નહિ સુધરું તો ક્યાં આતમ જાશે
ગુરુ મળિયા એવા, જે હાથ પકડશે
દઈ સાથ મને જે, મોક્ષે લઈ જાશે
સંયમનો અભિલાષ હવે તો રોમ રોમમાં થાય
હૃદય વીણાના તાર વગાડી યોગનો કાંક્ષી ગાય...સંયમ૦૨

## ૩. સુખ કે સિંધુ મેં... લે જાય સંયમ...

**સુખ કે સિંધુ મેં, લે જાય સંયમ**
પાપભર જગ સે, છુડાયે સંયમ
સંસાર સાગર, તેરાયે સંયમ
મુક્તિ કે દ્વાર, પહોંચાયે સંયમ... સુખ૦૧

મનમેં સમાધિ, સંતોષ સમતા
દિલ મેં ન મોહ, માયા ન મમતા
સ્મિત હોંઠો પર, ખુલ કે લહરાઈ
અંખિયા અંતરકી મસ્ત ઝલકાઈ
નંદનવન સા બન જાયે જીવન... સુખ૦૨

કર્મો કો તોડે, દોષો કો છોડે
ગુરુભક્તિ મેં તન કો યે જોડે
પ્રભુ આજ્ઞામય, બન જાયે જીવન
દુઃખો કે ડર કા, નહિ કોઈ કારણ
સાધના ઐસી જગ મેં અનુપમ... સુખ૦૩

## ૪. સંયમ... મુજબ આતમાનો નાદ સાચો...

સંયમ... મુજ આતમાનો નાદ સાચો
સંયમ... શીઘ્રાતિશીઘ્ર મુજને મળજો રે
સંયમ... હૃદયનો ધબકાર સાચો
સંયમ... શીઘ્રાતિશીઘ્ર મુજને મળજો રે...
પ્રભુ વીરના પંથે... ચાલ્યા રે જંગે
અધ્યાત્મ સંગે.... રંગાશુ રંગે... ૧

પ્રવ્રજ્યાનું પાનેતર પહેરી, ક્યારે બનું અણગાર
રજોહરણને મુહપત્તિના, ક્યારે સજું શણગાર
સંયમ... આતમાની પ્યાસ એક જ
સંયમ... શીઘ્રાતિશીઘ્ર મુજને મળજો રે
સંયમ... મુજ શ્વાસને ઉચ્છવાસમાં છે
સંયમ... શીઘ્રાતિશીઘ્ર મુજને મળશો રે ૨

દેવ-ગુરુના આશિષ મળિયા, પામ્યા વિરતિને
શુદ્ધ સંયમની સાધના સાધી, વરશું મુક્તિને
સંયમ... મુક્તિપુરી પહોંચાડનારું
સંયમ... શીઘ્રાતિશીઘ્ર અમને ફળજો રે...
સંયમ... મુજ મુક્તિનો આધાર સાચો
સંયમ... શીઘ્રાતિશીઘ્ર અમને ફળજો રે... ૩

## ૫. ક્યારે બનીશ હું સાચો રે સંત...

**ક્યારે બનીશ હું સાચો રે સંત**
**ક્યારે થશે મારા ભવનો રે અંત**

લાખ ચોરાશીના ચોરે ને ચૌટે
ભટકી રહ્યો છું હું મારગ ખોટે
ક્યારે મળશે મુજને મુક્તિનો પંથ... ક્યારે થશે૦૧

કાળ અનાદિની ભૂલો છૂટે ના
ઘણું યે મથું તો યે પાપ ખૂટે ના
ક્યારે તોડીશ એ પાપોનો તંત... ક્યારે થશે૦૨

છ કાય જીવની હિંસા હું કરતો
પાપો અઢારે જરી ના વિસરતો
મોહમાયાનો હું રટતો રે મંત્ર... ક્યારે થશે૦૩

પતિત પાવન પ્રભુજી ઉગારો
રત્નત્ર્યીનો હું યાચક તારો
ક્યારે મળશે મુજને નિગ્રંથ પંથ... ક્યારે થશે૦૪

## ૬. તારા ગુણોની પાટ...

તારા ગુણોની પાટ મને આપ મારા સ્વામી !
**મને તારા મારગ તણા ઓરતા**
તારા ઊજળા તે વેશ મને આપ મારા સ્વામી !
**મને સંયમ લેવાના ઘણા ઓરતા...**

વીજનો ઝબકાર થાય એટલી જ વારમાં
છોડ્યા તે માન અભિમાન
તુજ ગુણ મેળવવા હું રાજપંથ છોડીને
કાંટાળી કેડી ચાહું આજ
આ ભવના જાળાંને હવે તોડ મારા સ્વામી !
આ મૃગજળના મોહથી છોડાવ મારા સ્વામી ! મને૦૧

તારું સાન્નિધ્ય મળે, તારો સાથ મને મળે
તારા વચનો મને ગમતાં
તારી આજ્ઞા મળે, મારી સાધના ફળે
એવા અરમાન હૈયે રમતાં
આ સંસાર સાગર તરાવ મારા સ્વામી !
તારું વિરતિ વરદાન મને આપ મારા સ્વામી ! મને૦૨

## ૭. મને વેશ શ્રમણનો મળજો રે...

**મને વેશ શ્રમણનો મળજો રે...**
**મને વેશ શ્રમણનો ફળજો રે...**
મમતા મોટાઈ મોહમાયાનાં... બંધન સઘળાં ટળજો રે...

આઠ પહોરની સાધના કાજે વહેલી પરોઢે હું જાગું
શ્વાસો લેવા માટે પણ હું, ગુરુની આણા માંગુ
મન ગુરુ આણાએ ભળજો રે.... મને૦૧

પંચ મહાવ્રત પાળું હું પાવન, નિર્દોષ ને નિષ્કલંક
સમતામાં લયલીન રહેવું, સરખા રાય ને રંક
આંખ ઈર્યાસમિતિએ ઢળજો રે... મને૦૨

સૂત્ર અર્થ ને સ્વાધ્યાય સાધી, શાસ્ત્રો સઘળાં વાંચુ
જિનવાણીનું પરમ રહસ્ય, પામી અંતરમાં નાચું
મારી અજ્ઞાનતા સવિ ટળજો રે... મને૦૩

આહારમાં રસ ન હોય કોઈ, ઘેર ઘેર ગોચરી ભમવું
ગામોગામ વિચરતાં રહેવું, કષ્ટ અવિરત ખમવું
મારા કર્મો નિર્જરી જાજો રે... મને૦૪

દ્વેષ જીવનમાં કોઈ નથી રે, રાગના બંધન ત્યાગું
મોહમાયાને તજવા માટે, ગુરુકુલવાસને યાચું
મારા સઘળાં કષાયો ટળજો રે... મને૦૫

આજીવન અણિશુદ્ધ રહીને, પામુ અંતિમ મંગલ
સાધી સમાધિ મોક્ષને પંથે, આતમ રહે અવિચલ
મારી સદ્‌ભાવનાઓ ફળજો રે... મને૦૬

## ૮. વિરતિધરનો વેશ...

**વિરતિધરનો વેશ પ્યારો પ્યારો લાગે રે...**
**સંસારીનો સંગ ખારો ખારો લાગે રે...**

ભવસાગર છે ભારી મુજને તરતાં ના ફાવે
તરવાની ઘણી હોંશ, મુજને કોણ હવે ઉગારે
સંયમનો આ પંથ તારણહારો લાગે રે... વિરતિ૦૧

સાચા સુખને શોધું છું, મને મારગ કોણ દેખાડે
આંગળી મારી પકડી મુજને મુક્તિપંથ બતાવે
સદ્ગુરુનો સંગ એક જ સાચો લાગે રે... વિરતિ૦૨

રજોહરણ મેળવવાને હવે મન મારું લોભાયું
ગુરુકુળમાં વસવાને કાજે, દિલ મારું લલચાયું
મહાવીર તારો માર્ગ કામણગારો લાગે રે.... વિરતિ૦૩

## ૯. તું મને ભગવાન...

**તું મને ભગવાન વિરતિદાન આપી દે**
**નવપદમાંહિ પંચમપદમાં સ્થાન આપી દે**

હાલ જીવનમાં કાંઈ નથી પણ ઈચ્છા એવી છે
એક દિવસ તો મારે તારી દીક્ષા લેવી છે
દીક્ષાની ભિક્ષા આપીને માન રાખી લે... નવપદમાંહિ૦૧

પંચમપદ પામીને સ્વામી કરું સાધના હું
મારા મનમાં ભાવિ રહ્યો છું એવી ભાવના હું
આ ભાવનાથી મુક્તિપદનું નિધાન આપી દે....નવપદમાંહિ૦૨

જોમ તનમાં જ્યાં લગી છે સહુ કરે શોષણ
જેમ જાતાં કોઈ અહીંયા ના કરે પોષણ
મતલબી સંસારનું જોડાણ કાપી દે.... નવપદમાંહિ૦૩

તું મને ભગવાન મુક્તિદાન આપી દે
નવપદમાંહિ સિદ્ધિપદમાં સ્થાન આપી દે...

## ૧૦. યૌવન વયમાં...

યૌવનવયમાં સુખ છોડનારા મહાન

**આ કાળમાં સાધુ થનારા મહાન**

યૌવનનું પતન કરાવે એવો છે આ સમય
વિષયોનું વ્યસન કરાવે એવો છે આ સમય
આવા સમયમાં સઘળી વાસનાઓ જીતીને
મનને વિરાગમાં વાળનારા મહાન... આ કાળમાં૦૧

જેણે ગુરુ કનેથી તત્ત્વો ગ્રહણ કર્યા
શાસ્ત્રો મહીં રહેલા સત્યો શ્રવણ કર્યા
ભવમાં ભમાડનારા કર્મોથી છુટવા
સંયમ ભણી કદમ માંડનારા મહાન... !? આ કાળમાં૦૧

## ૧૧. મારે બનવું છે અણગાર હવે...

પ્રભુ વચનો પર વિશ્વાસ કરી
આ ભોગોને ઠુકરાવું છું
બેરંગી આ સંસાર ત્યજીને
સંયમના રંગે રંગાઉં છું.

મારે બનવું છે અણગાર હવે
શણગાર બધા આ છોડીને
મારે કરવા છે હવે કેસરિયા
કર્મોના બંધન તોડીને

ઓ મારા પ્રભુ વીતરાગ વિભુ
મારી નસનસમાં તારી આજ્ઞા છે
કાચો ન પડે મારો વૈરાગ્ય
અંતરની એક જ પ્રાર્થના છે.

તારા શાસનમાં ભળી જાઉં
બસ એવા મને આશિષ આપ તું
તારા સંયમને હું પામું
મારા આતમને અજવાળું
બસ એવા મને આશિષ આપ તું...

તારા કુળમાં પિતા મને જન્મ મળ્યો,
એ મારું પરમ સૌભાગ્ય છે
તારા ખોળે મારો ઉછેર થયો,
ઓ મા મારું અહોભાગ્ય છે.

તારું નામ સદા દીપાવીશ હું,
તારા સંસ્કારોને પાળીશ હું
તારી કુક્ષિને અજવાળીશ હું,
તારી આંખોને ના ભીંજવીશ હું

ઓ ઉપકારી માતા-પિતા, મુજ જન્મ જીવન દાતા
અંતરના મુજને આશિષ આપજો...
પ્રભુ આજ્ઞામય સંયમ હો, ગુરુ આજ્ઞામય જીવન હો
અંતરના એવા આશિષ આપજો...

## ૧૨. સંયમ મારો શ્વાસ...

પરથી થયા પરાયા... અમે સ્વના સગા થયા...
સંસાર અસાર સમજી... પરમના પથિક થયા
આતમ થયો ઉજાગર... પરમાતમા થવા...
**સંયમ !... મારો શ્વાસ... સંયમ ! પ્રભુનો અહેસાસ...**

કાયાનો મેલ ધોવા, કેટલા ભવો કર્યાં
આતમનો મેલ ધોવા, ગુરુના ચરણ મળ્યાં
ગુરુના વચનથી જાણે... સિદ્ધિનાં દ્વાર ખૂલ્યાં... સંયમ !૦૧

દુનિયાની દૃષ્ટિ છૂટી, અંતરનાં નયનો ખૂલ્યાં
પ્રભુને પામવા હવે, પલ પલ તલસી રહ્યાં
પ્રીત પરમની પામવા... પ્રભુના પગલે ચાલ્યા... સંયમ !૦૨

જગમાં મારું ન કોઈ, એ સત્યને સમજી ગયા
આ આતમ એક જ મારો, એ તત્ત્વ જાણી ગયા
વીતરાગી જેવા બનવા... અમે વૈરાગી થયા... સંયમ !૦૩

## ૧૩. વૈરાગીને વંદન...

બનવા અણગાર, કરવા ભવપાર
તોડ્યું જેણે સંસારનું બંધન...
**વૈરાગીને વંદન... વૈરાગીને વંદન...**
**વૈરાગીને વંદન... વૈરાગીને વંદન...**

ધન્ય ઘડી આવી છે આજે
શંખનાદ ઘંટનાદ બાજે
ત્યાગ કરે છે મુક્તિ કાજે વિરલા વૈરાગી
ભરયૌવનમાં સુખને છોડી
સુવિધાઓથી મુખને મોડી
કાયાની પણ મમતા તોડી નીકળે વૈરાગી
તુજમાં જે બલ, કર સ્વયં સફલ
મહાવીરનો છે તું વીર નંદન...
આવા યુગમાં પડતાં યુગમાં
દુર્લભ છે આવા દશ્યનું સર્જન... વૈરાગીને૦૧

## ૧૪. મને પંથ જડ્યો છે દાદા તાહરો...

ધન્ય ધન્ય બનાવીશ જન્મ માહરો
**મને પંથ જડ્યો છે દાદા તાહરો**
જે પથ પર ચાલ્યા સ્વયં તીર્થંકરો
એવો પંથ જડ્યો છે દાદા તાહરો

જ્યારે સંયમ અપાશે હશે મુક્તિ લક્ષ્ય
નાચીશ ઓઘો લઈને હું સહુની સમક્ષ
મનમાં રાખીશ સત્ય અહિંસાનો પક્ષ
દાદા રહેજો હજરાહજુર પ્રત્યક્ષ
મારા શ્વાસમાં શ્વાસ નવો પાથરો
લખી આપો મુક્તિસુખનાં હસ્તાક્ષરો... મને૦૧

કોઈ કહેશે કે હૈયે મને ડર હશે
કોઈ કહેશે કે મુશ્કિલ સફર હશે
મને વિશ્વાસ છે મારા શાસન પર
જેની કરૂણાથી ભીની આ સૃષ્ટિ સભર
ગુરુ ભગવંતોનો મળ્યો મને આશરો
જેના ધણી બેઠા સ્વયં તીર્થંકરો.... મને૦૨

## ૧૫. ધન ધન મુનિવરા...

ધન ધન તે મુનિવરા રે, જે જિન આણાં પાળે
રાગ-દ્વેષથી મુક્ત થઈને, આતમશુદ્ધિ સાધે
**ધન ધન મુનિવરા... ધન ધન મુનિવરા...**
**ધન ધન મુનિવરા... ધન ધન મુનિવરા...**

કોઈ જીવને દુઃખ ન દેવું, એ નિશ્ચિય મન ધારે
પરદુઃખદાયી પ્રવૃત્તિને, સ્વપ્ને પણ નહિ ધારે... ધન૦૧

દેહ તણી સુખશીલતાના યોગે, ભટક્યો ભવ અનંતા
કટ્ટર શત્રુ માની દેહને, કષ્ટ બહુ જે દેતા... ધન૦૨

નિઃસ્પૃહતા ભૂષણથી શોભે નિર્મલ આતમ જેનો
શ્વાસે શ્વાસે વંદન કરતાં, આતમ થાય મજેનો... ધન૦૩

## ૧૬. લગની લાગી છે...

લગની લાગી છે...અગની જાગી છે...
સંયમ જીવનની પ્રભુ
પળે પળ ઝંખ્યા કરુ તને...પળે પળ નીરખ્યા કરું તમે...

ઘેલું લાગ્યું મુજને, હું તારા પંથે ચાલુ
તારા પંથે ચાલી, કર્મોને સઘળા બાળુ
દેવો પણ...ઝંખે રે...વંદે રે...એવા જીવનને... લગની૦૧

જાય ભલે જન્મારો, પણ જીવન હું ના હારું
મરવાની વેળાએ, પણ તારું નામ પુકારું
જીવું હું...જ્યાં સુધી...ત્યાં સુધી...સ્મર્યા કરું તને... લગની૦૨

હળવા હળવા હાલે, આ હૈયાના ધબકારા
ઘડીએ ઘડીએ દિલમાં, વાગે તારા ભણકારા
અંતરના...ગોખમાં...ગોખમાં કલ્પ્યાં કરું તને... લગની૦૩

## ૧૭. ઓઘો છે અણમૂલો...

ઓઘો છે અણમૂલો, એનું ખૂબ જતન કરજો
મોંઘી છે મુહપત્તિ, એનું રોજ રટણ કરજો.

આ પાવન વસ્ત્રો છે, તારી કાયાનું ઢાંકણ
બની જાયે ના જો જે, એ માયાનું ઢાંકણ
ચોખ્ખું ને ઝગમગતું, દિલનું દર્પણ કરજો... ઓઘો૦૧

આ વેશ ઉગારે છે, એને જે અજવાળે છે
ગાફેલ રહે એને, આ વેશ ડૂબાડે છે
ડૂબવું છે કે તરવું, મનમાં મંથન કરજો... ઓઘો૦૨

## ૧૮. તારો પંથ સદા ઉજમાળ બને...

**જા સંયમ પંથે દીક્ષાર્થી તારો પંથ સદા ઉજમાળ બને**
જંજાળ હતી જે કર્મોની તે મુક્તિની વરમાળ બને...

હોંશે હોંશે તું વેશ ધરે, તે વેશ બને પાવનકારી
ઉજ્જવળતા એની ખૂબ વધે, જેને ભાવથી વંદે સંસારી
દેવો પણ ઝંખે દર્શનને, તારો એવો દિવ્ય દેદાર બને... જા૦૧

જે જ્ઞાન તને ગુરુએ આપ્યું, તે ઉતરે તારા અંતરમાં
રગરગમાં એનો સ્ત્રોત વહે, તે પ્રગટે તારા વર્તનમાં
તારા જ્ઞાનદીપકના તેજ થકી, આ દુનિયા ઝાકમઝાળ બને... જા૦૨

જે પરિવારે તું આજ ભળે, તે ઉન્નત હો તુજ નામ થકી
જીતે સહુનો તું પ્રેમ સદા, તારા સ્વાર્થવિહોણા પ્રેમ થકી
શાસનની જગમાં શાન વધે, તારા એવા શુભ સંસ્કાર બને... જા૦૩

અણગારતણાં જે આચારો, તેનું પાલન તું દિનરાત કરે
લલચાવે લાખ પ્રલોભન પણ, તું ધર્મતણો સંગાથ કરે
સંયમનું સાચું આરાધન, તારો તરવાનો આધાર બને... જા૦૪

તારા પ્યારા ગુરુવર સથવારે, તું ચાલજે પ્રભુ પથ પતવારે
એ પથ પર ભારેથી ભારે, તારા કર્મો પણ તુજથી હારે
તું જીતે પામે મંઝિલને, દઈએ રે આશીર્વાદ તને... જા૦૫

તે પંથમહિ મહા મોહરાયા, કરશે ઘાયલ તારી કાયા
એનો સેનાપતિ કરશે માયા, તને દેશે એ શીતલ છાયા
તારું રજોહરણ તલવાર બને, તારી મુહપત્તિ એ ઢાલ બને
એ શાસ્ત્રોથી તારા મોહતણાં, બંધન સઘળ બેહાલ બને... જા૦૬

## ૧૯. આ છે અણગાર અમારા...

જેના રોમરોમથી ત્યાગ અને
સંયમની વિલસે ધારા
**આ છે અણગાર અમારા**
**આ છે અણગાર અમારા**
દુનિયામાં જેની જોડ જડે ના, એવું જીવન જીવનારા... આ છે૦૧

સામગ્રી સુખની લાખ હતી, સ્વેચ્છાએ એણે ત્યાગી
સંગાથ સ્વજનનો છોડીને, સંયમની ભિક્ષા માગી
દીક્ષાની સાથે પંચમહાવ્રત, અંતરમાં ધરનારા... આ છે૦૨

ના પંખો વીંઝે ગરમીમાં, ના ઠંડીમાં કદી તાપે
ના કાચા જળનો સ્પર્શ કરે, ના લીલોતરીને ચાપે
નાનામાં નાના જીવોનું પણ, સંરક્ષણ કરનારા... આ છે૦૩

ના સંગ કરે કદી નારીનો, ના અંગોપાંગ નિહાળે
જો જરૂર પડે તો વાત કરે, પણ નયનો નીચા ઢાળે
મનથી વાણીથી કાયાથી, વ્રતનું પાલન કરનારા... આ છે૦૪

કલ્યાણ જીવોનું કરવા કાજે, વિચરે દેશ વિદેશે
ના રાયરંક કે ઉંચનીચ, સરખાં સૌને ઉપદેશે
અપમાન કરો યા સન્માનો, સમતાભાવે રહેનારા... આ છે૦૫

## ૨૦. ગુરુએ આપ્યો ઓઘો આજ...

ગુરુએ આપ્યો ઓઘો આજ, રહેવું આતમકાજ
ગુરુનો હાથ છે પ્રભુનો સાથ છે, ભીડવી કર્મથી બાથ...

ક્રોડો દેવ મળી ઉત્સવ અનેરો કરી માંગે સંયમનો વેશ રે
વીતરાગના રાહ પર, સાધનાની કેડીએ, કર્મો કરે અશેષ રે
પ્રભુનું મુખડું જોઈ મનડું ઝૂમે
પ્રભુની ભક્તિ, કરીશું સ્વના કાજ... ગુરુએ૦૧

મનોરથ આજે ફળ્યો, વેશ પ્રભુનો મળ્યો, કેવા ઉપકારી ગુરુ રે.
ભાવી છે ભાવના, કરવી આરાધના, ભવભ્રમણ કરે પૂરું રે
ગુરુનો હાથ છે, પ્રભુનો સાથ છે,
સજિયો સંયમ સાજ... ગુરુએ૦૨

## ૨૧. મુનિ ક્યારે બનીએ... ?

**મુનિ ક્યારે બનીએ, સુવ્રત ક્યારે લઈએ**
મુનિસુવ્રત જેવા, અમે ક્યારે બનીએ

મારગ બતાવ્યો, બતાવ્યા છે તત્ત્વ
ચાલી શકીએ, ખીલે એવું સત્ત્વ
મમત્ત્વને ત્યાગી વિરત્ત ક્યારે બનીએ... મુનિ૦૧

સામેથી ચાલીને તાર્યો રે અશ્વ
એવું છે સ્વામિ, તમારું મહત્ત્વ
તું તારવા આવે, તો અમે પણ તરીએ... મુનિ૦૨

## ૨૨. તને વંદન અમારા...

રાજપથ પર જનારા, તને વંદન અમારા
તને વંદન અમારા, તને વંદન અમારા
રાજનંદન અમારા, તને વંદન અમારા

પંચાચાર પાળે, રાજપથ પર ચાલે
હુંડા અવસર્પિણીના આ પંચમ આરે
તને વંદન અમારા, તને વંદન અમારા
કલયુગના સિતારા, તને વંદન અમારા... રાજપથ૦૧

પંચેન્દ્રિયપણાને કર્યો છે તે સાર્થક
તારા મોહનો રે, બન્યો તું ઘાતક
તને વંદન અમારા, તને વંદન અમારા
મોહને જીતનારા, તને વંદન અમારા... રાજપથ૦૨

પંચમ સ્થાને આવ્યો, હવે તું શ્રી નવપદમાં
હવે રહેશે સદા તું, ગુરુ આણા સરહદમાં
તને વંદન અમારા, તને વંદન અમારા
નવપદે આરૂઢ થનારા, તને વંદન અમારા... રાજપથ૦૩

પંચ મહાવ્રતોનો, ભાર કરશે વહન તું
ઘોર પરિષહોના, દુઃખ કરશે સહન તું
તને વંદન અમારા, તને વંદન અમારા
મહાવ્રતને ધરનારા તને વંદન અમારા... રાજપથ૦૪

## ૨૩. સંયમ જીવનનો...

**સંયમ જીવનનો લેવો મારગડો, પ્રભુ તારા જેવા થાવાને**
કોઈ કહે ગાંડો, કોઈ કહે ડાહ્યો, પ્રભુ તારા ચરણોમાં રહેવાને.. સંયમ૦૧

દુઃખના ડુંગર તૂટી પડે જ્યારે, કર્મોના બંધન તૂટે છે ત્યારે
લીલા લહેર છે પ્રભુના પંથે, મોક્ષના માર્ગે જાવાને... સંયમ૦૨

પૂર્વ જનમના આવ્યા ઉદયમાં, વીરનું શાસન પામ્યા ત્યારે
જિનશાસનની છે બલિહારી, મુક્તિના પંથે જાવાને... સંયમ૦૩

દુઃખિયાને છે દુઃખ હરનારું, સુખિયાને છે સુખી કરનારું
ગીતો રે ગાય છે ભક્તો તમારા, પ્રભુજી તમને રિઝવવાને... સંયમ૦૪

## ૨૪. રૂડા રાજમહેલને ત્યાગી...

રૂડાં રાજમહેલને ત્યાગી, પેલા ચાલ્યા રે જાય વૈરાગી
એનો આતમ ઉઠ્યો આજે જાગી
પેલા ચાલ્યા રે જાય વૈરાગી... રૂડાં૦૧

નથી કોઈ એની સંગાથે, નીચે ધરતીને આભ છે માથે
એ તો નીકળ્યો ખાલી હાથે... રૂડાં૦૨

એણે મૂકી આ જગતની માયા, એની યુવાન છે હજુ કાયા
શિવરમણીની રઢ એને લાગી... રૂડાં૦૩

એને સંયમની તલપ જે જાગી, એનો આતમ બન્યો મોક્ષગામી
ભવોભવની ભ્રમણા ભાગી... રૂડાં૦૪

## ૨૫. મારે લેવું સંયમ...

માનવ જન્મ સફળ કરવા કાજે, છોડ્યો જેણે પરિવાર
ધન અણગાર... ધન અણગાર... ધન ધન તે અણગાર...
**મારે બનવું અણગાર, જિનશાસનના શણગાર**
મારે તરવો સંસાર, મારે બનવું અણગાર
સંયમ... સંયમ... સંયમ... સંયમ... મારે લેવું સંયમ
સંયમ... સંયમ... સંયમ... સંયમ... મારે લેવું સંયમ

પ્રભુ પંથને પામી કરું હું આતમને ઉજમાળ
ગુરુચરણ ગ્રહીને મારે થાવું છે ભવપાર
મુજ નૈયા પાર ઉતાર... મારે૦૧

મોજશોખમાં મસ્ત બનીને સર્જ્યો મેં સંસાર
રાગ-દ્વેષને વિષય-કષાયમાં ફેંક્યો નર અવતાર
હવે તો પાર ઉતાર... મારે૦૨

કહે પ્રભુ સંયમ વિના આ થાય નહિ ઉદ્ધાર
દેવો પણ ઝુરી ઝુરીને માંગે આ અવતાર
માનવ જીવનનો સાર... મારે૦૩

પ્રભુ પણ ચાલ્યા જે મારગડે, બનવા નિરાકાર
વજ્ર મનકે બાળપણામાં, કર્યો જેનો શણગાર
આતમનો તારણહાર... મારે૦૪

## ૨૬. હોજો જય જય જયકાર...

જિનશાસનમાં જનમ ધરી, સાર્થક કીધો અવતાર
**હોજો જય જયકાર, દિવ્યાતમાતમ હોજો જય જયકાર**

રિદ્ધિ સિદ્ધિ સુખ સમૃદ્ધિ, ખોટ જીવનમાં ન્હોતી
મિથ્યા મોહ ત્યજી મુક્તિની નવલી કેડી ગોતી
લાગ્યું જગત અસાર... હોજો૦૧

પૂર્વ જનમના પુણ્ય પ્રભાવે, કરી સાધના ભારે
પિતૃ ભ્રાતૃના નામ દીપાવ્યા, માની કુખ ઉજાળી
તરી ગયા સંસાર... હોજો૦૨

તનમાં મનમાં રોમરોમમાં, સ્મરણ પ્રભુનું વ્યાપ્યું
ચંચળ ચિત્તડું પ્રભુમયતામાં, સ્થિર કરીને સ્થાપ્યું
કર્યો અડગ નિરધાર... હોજો૦૨

## ૨૭. એક મનોરથ એવો છે...

**એક મનોરથ એવો છે, વેશ શ્રમણનો લેવો છે**
પ્રભુ ચરણોમાં રહેવું છે, સંયમ મારે લેવું છે.
અંતરની એ પ્યાસ છે, સંયમની એ અભિલાષ છે... એક૦૧

ભવભ્રમણા દૂર ટળજો રે, પંથ પ્રભુનો મળજો રે
અરજી એ અવધારજો, સંયમજીવન આપજો
જાગ્યા છે એવા અરમાન, શ્રમણધર્મનું દેજો દાન... એક૦૨

ભવોભવનો હું પ્યાસી છું, સંયમનો અભિલાષી છું
સાદ મારો સાંભળજો રે, મારગ તારો મળજો રે
વીર પ્રભુનો અંશ મળે, ગુરુ ગૌતમનો વંશ મળે... એક૦૩

સંયમ મારે લેવું છે, ભવથી પાર ઊતરવું છે
રોમેરોમથી પ્રગટે નાદ, સંયમના દ્યો આશીર્વાદ
એક ઝંખના જાગી છે. સંયમ ભિક્ષા માંગી છે... એક૦૪

કરૂણા કરજો ઓ કિરતાર, સંયમ દેજો જગ આધાર
ઉરના આસન ખાલી છે, દીક્ષા મુજને વ્હાલી છે
વર્ષોથી મીટ માંડુ છું, સંયમ જીવન માંગુ છું... એક૦૫

માનવ જીવનનો એક જ સાર, સંયમ વિના નહિ ઉદ્ધાર
મારા જીવનનો એક જ સાર, સંયમ લઈ કરવો ઉદ્ધાર
સંયમ મારે લેવું છે, મોક્ષે મારે જાવું છે.
ભવથી પાર ઊતરવું છે, સિદ્ધશિલાએ ભળવું છે... એક૦૬





# 4

# સંયમ - વૈરાગ્ય ભાવનાની સજ્ઝાય

## ૧. જગત હૈ સ્વાર્થકા સાથી...

જગત હૈ સ્વાર્થકા સાથી, સમજ લે કૌન હૈ અપના,
કરે તું ક્યું મેરા મેરા, જગત સબ જૂઠ સપના હૈ... જગત૦૧

યે કાયા કાચકા કુંભા, નાહક તું દેખકે ફૂલતા,
પલકમેં ફુટ જાવેગા, પતા જ્યું ડાલસે ગિરતા.... જગત૦૨

મનુષ્ય કી ઐસી જિંદગાની, અભી તું ચેત અભિમાની,
જીવનકા ક્યા ભરોસા હૈ, કરી લે ધર્મ કી કરણી.... જગત૦૩

ખજાના માલને મિલકત, તું ક્યું કહેતા મેરા મેરા,
ઈહાં સબ છોડ જાના હૈ, ન આવે સાથ અબ તેરા.... જગત૦૪

કુટુંબ પરિવાર સુત દારા, સુપન સમ દેખ જગ સારા,
નિકલ જબ હંસ જાવેગા, ઉસી દિન હૈ સભી ન્યારા... જગત૦૫

તીરે સંસાર સાગરકો, જપે જો નામ જિનવર કો,
કહે ખાન્તિ વહી પ્રાણી હઠાવે કર્મ જંજીર કો... જગત૦૬

## ૨. આતમ ધ્યાનથી રે...

આતમ ધ્યાનથી રે, સંતો સદા સ્વરૂપે રહેવું,
કર્માધીન છે સહુ સંસારી, કોઈને કાંઈ ન કહેવું... આતમ૦૧

કોઈ જન નાચે કોઈ જન ખેલે, કોઈ જન યુદ્ધ કરતાં,
કોઈ જન જન્મે કોઈ જન રુવે, દેશાટન કોઈ કરતા... આતમ૦૨

વેળુ પીલી તેલની આશા, મૂરખ જન મન રાખે,
બાવળિયો વાવીને આંબા, કેરી રસ શું ચાખે... આતમ૦૩

વૈરી સાથે વેર ન કીજે, રાગી શું નહીં રાગ,
સમભાવે સહુ જનને નિરખો, તો શિવસુખનો લાગ... આતમ૦૪

જુઠી જગની પુદ્ગલબાજી, ત્યાં નવિ રહીએ રાજી,
તન ધન યૌવન સાથ ન આવે, આવે ન માત પિતાજી... આતમ૦૫

લક્ષ્મી સત્તાથી શું થાવે, જો જો મનમાં વિચારી,
એક દિન ઊઠી જાઉં જ અંતે, દુનિયા સહુ વિસારી... આતમ૦૬

ભલ ભલા પણ ઊઠી ચાલ્યા, જોને કેઈક ચાલે,
બિલાડીની દોટે ચડીયો, ઉંદરડો શું મહાલે... આતમ૦૭

કાળઝપાટા સહુને લાગે, યોગીજન મન જાગે,
ચિદાનંદઘન આતમ અર્થી, રહેજો સૌ વૈરાગે... આતમ૮

## ૩. બંભસારે વનમાં ભમતાં...

બંભસારે વનમાં ભમતાં, ઋષિ દીઠો રયવાડી રમતાં,
રૂપ દેખીને મન રીઝ્યો, ભારે કર્મી પણ ભીંજ્યો... બંભ૦૧

કર જોડીને એમ પૂછે, સંબંધ તમારો શું છે,
નરનાથ હું છું અનાથ, નથી માહરે કોઈ નાથ... બંભ૦૨

હરખે જોડી કહે હાથ, હું થાઉં તમારો નાથ,
નરનાથ તું છે અનાથ, શું મુજને કરે છે સનાથ... બંભ૦૩

મગધાધિપતિ હું મોટો, શું બોલે છે ભૂપ ખોટો,
તું નાથપણું નવિ જાણે, ફોગટ શું આપ વખાણે... બંભ૦૪

નયરી કૌશમ્બીનો વાસી, રાજપુત્ર હું છું વિલાસી,
એક દિન મહારોગે ઘેર્યો, કેમે તે પાછો ન ફેર્યો... બંભ૦૫

માતા પિતા છે મુજ બહુ વ્હાલા, વહેવરાવે આંસુના રેલા,
વડા વડા વૈદ્યો તેડાવે, પણ વેદના કોઈ ન હઠાવે... બંભ૦૬

એહવું જાણી તવ શૂલ, મેં ધાર્યો ધર્મ અમૂલ,
રોગ જાય જો આજની રાત, તો સંયમ લેઉં પ્રભાત... બંભ૦૭

એમ ચિંતવતા વેદના નાઠી, આખર બાંધી મેં કાઠી,
બીજે દિન સંયમભાર, લીધો ન લગાડી વાર... બંભ૦૮

અનાથ સનાથનો વહેરો, તુમને દાખ્યો કરી ચહેરો,
જિનધર્મ વિના નરનાથ, નથી કોઈ મુગતિનો સાથ... બંભ૦૯

શ્રેણિક તિહાં સમક્તિ પામ્યો, અનાથીને શીર નમાયો,
મુગતે ગયા મુનિરાય, ઉદયરત્ન વંદે ઉવજ્ઝાય... બંભ૦૧૦

## ૪. માનમાં માનમાં માનમાં રે...

માનમાં માનમાં માનમાં રે, જીવ મારું કરીને માનમાં,
અંતકાળે તો સર્વ મૂકીને, ઠરવું છે જઈ સ્મશાનમાં રે... જીવ૦૧

વૈભવ વિલાસી પાપ કરો છો,
મરી તિર્યંચ થાશો રાનમાં રે... જીવ૦૨

રાગના રંગમાં ભૂલા ભમો છો,
પડશો ચોરાશીની ખાણમાં રે... જીવ૦૩

જગતમાં તારું કોઈ નથી રે,
મન રાખજો ભગવાનમાં રે... જીવ૦૪

વૃદ્ધાવસ્થા આવશે ત્યારે,
ધાકો પડશે તારા કાનમાં રે... જીવ૦૫

કોઈ દિન જાનમાં તો કોઈ દિન કાણમાં,
મિથ્યા ફરે અભિમાનમાં રે... જીવ૦૬

એક દિન સુખમાં તો એક દિન દુઃખમાં,
સઘળા તે દિન સરખાં જાણમાં રે. જીવ૦૭

સુત વિત દારા પુત્રીને ભૃત્યો,
અંતે તે તારા જાણમાં રે... જીવ૦૮

આયુ સ્થિર ને ધન ચપલ છે,
ફોગટ મોહ્યો તેના તાનમાં રે... જીવ૦૯

છેલ બટુક થઈ શાને ફરે છે,
અધિક ગુમાન માન તાનમાં રે... જીવ૦૧૦

મુનિકેવલ કહે સુણો સજ્જન સહુ,
મન રાખજો પ્રભુ ધ્યાનમાં રે. જીવ૦૧૧

## ૫. ધન ધન તે દિન ક્યારે આવશે...

ધન ધન તે દિન ક્યારે આવશે, જપશું જિનવર નામ,
કર્મ ખપાવી રે જે થયા કેવલી, કરશું તાસ પ્રણામ... ધન૦૧

મન વચ કાયા રે આપણા વશ કરી, લેશું સંયમ યોગ,
સમતા ધરશું રે સંયમ યોગમાં, રહેશું છંડી રે ભોગ... ધન૦૨

વિનય વૈયાવચ્ચ ગુરુ ચરણે કરી, કરશું જ્ઞાન અભ્યાસ,
પ્રવચન માતા રે આઠે આદરી, ચાલશું પંથ વિકાસ... ધન૦૩

પરિગ્રહ વસતિ રે વસ્ત્રને પાત્રમાં, આડંબર અહંકાર,
મૂકી મમતા રે લોકની વાંછનાં, પાલશું શુદ્ધ આચાર... ધન૦૪

તપ તપી દુર્લભ દેહ કસી ઘણું, સહેશું શીત ને તાપ,
પુદ્ગલ પરિણતી રંગ નિવારીને, રમશું નિજગુણ આપ... ધન૦૫

સસ્સા સાબર મૃગને રોઝડા, સુંઘે તનુ મુખ નાસ,
ખોળે મસ્તક મૂકી ઉંઘશે, આણી મન વિશ્વાસ... ધન૦૬

પદ્માસન ધરી નિશ્ચલ બેસશું, ધરશું આતમ ધ્યાન,
ગુણઠાણાની રે શ્રેણી ચઢી કરી, સાધશું મોક્ષનું ઠામ... ધન૦૭

કરી સંલેખણ અણસણ આદરી, યોનિ ચોરાશી રે લાખ,
મિચ્છામિ દુક્કડં સર્વ જીવો પ્રતિ, દેશું સદ્ગુરુ સાખ... ધન૦૮

મોટા મુનિવર આગે જે હુઆ, સમરી તસ અવદાત,
પરિષહ સહેશું રે ધીરપણું ધરી, કરશું કર્મનો ઘાત... ધન૦૯

વાધર વીંટી રે ડોળા નિસર્યા, ધન્ય મેતારજ સાધ,
ખંધક શિષ્યો રે ઘાણીએ પીલીયા, રાખી સમતા અગાધ.. ધન૦૧૦

માથે પાળ કરી સગડી ધરી, ભરીયા માંહી અંગાર,
ગજસુકુમાલે રે શીર બળતું સહ્યું, તે પામ્યા ભવપાર... ધન૦૧૧

સિંહ તણી પરે સામા ચાલીયા, સુકોશલ મુનિરાય,
વીરૂઇ વાઘણ ધસતી ખાવા, વોસિરાવી નિજ કાય... ધન૦૧૨

દેવ પરીક્ષા રે કરતાં વળી વળી, ચક્રી સનતકુમાર,
રોગે પીડિયો રે વરસ તે સાતસેં, ન કરી દેહની સાર... ધન૦૧૩

નિશદિન એવી રે ભાવના ભાવતાં, સરે નિજ આતમ કાજ,
મુનિ વિબુધવિજય બોલે પ્રેમશું, ભાવતાં ભવોદધિ જહાજ... ધન૦૧૪

## ૬. મનુષ્ય ભવનું ટાણું રે...

મનુષ્ય ભવનું ટાણું રે કાલે વહી જશે રે, અરિહંતના ગુણ ગાવો નરનાર,
રત્નચિંતામણી રે આવ્યો હાથમાં રે, ભગવંતના ગુણ ગાવો નરનાર... મનુષ્ય૦૧

બળદ થઈને રે ચીલાએ ચાલશો રે, ચઢશો વલી ચોરાશીની ચાલ,
ચોકડું બાંધીને ઘાણીએ ફેરવશે રે, ઉપર બેસી મૂરખ દેશે માર... મનુષ્ય૦૨

કુતરા થઈને ઘેર ઘેર ભટકશો રે, ઘરમાં નહિ પેસવા દે કોય,
કાનમાં કીડા રે પડશે અતિ ઘણા રે, ઉપર પડશે લાકડીઓના માર... મનુષ્ય૦૩

ગધેડા થઈને ગલીઓમાં ભટકશો રે, ઉપાડશો અણતોલ્યા ભાર,
ઉકરડાની ઓથે રે જઈને ભૂંકશો રે, સાંજ પડે ધણી ન લીયે સંભાળ... મનુષ્ય૦૪

ભૂંડ થઈને પાદર ભટકશો રે, કરશો વળી અશુચિના આહાર,
નજરે તે દીઠા રે કોઈને નવિ ગમો રે, ઉપર પડશે પત્થરોના પ્રહાર... મનુષ્ય૦૫

ઊંટ થઈને બોજો ઉપાડશો રે, ચરશો વળી કાંટા ને કંથાર,
હાથને હડસેલે ઘર ભેગા થાશો રે, ઉપર પડશે પાટુના પ્રહાર... મનુષ્ય૦૬

ઘોડા થઈને ગાડીઓ ખેંચશો રે, ઉપર પડશે ચાબુકના પ્રહાર...
ચોકડું બાંધીને ઉપર બેસશે રે, રાયજાદા થઈ અસવાર... મનુષ્ય૦૭

ઝાડ થઈને વનમાં ધ્રુજશો રે, સહેશો વળી તડકા ને ટાઢ
ડાળે ને ડાળખે પંખી માળા ઘાલશે રે, ઉપર પડશે કુહાડાના ઘા... મનુષ્ય૦૮

ઉત્તમ નરભવ ફરી ફરી આતમા રે, મેળવવો છે મુશ્કેલ
હીરવિજયની એણી પેરે શીખડી રે, તુમે સાંભળજો અમૃતવેલ.... મનુષ્ય૦૯

## ૭. વંદો અઈમુત્તા અણગાર...

સંયમ રંગે રંગ્યું જીવન,
નાનો બાળકુમાર વંદો... અઈમુત્તા અણગાર(૨)

ગૌતમ સ્વામી ગોચરી જાવે, નાના બાલકને મન ભાવે.
પ્રેમ થકી નિજ ઘર બોલાવે, ભાવ ધરી મોદક વહોરાવે,
મારે પણ ગૌતમ સમ થાવું, એમ કરે વિચાર. વંદો૦૧

મનની ઈચ્છા પૂરણ કીધી, માત પિતાની આજ્ઞા લીધી,
રાજ તણી ઋદ્ધિને છોડી, ગૌતમ પાસે દીક્ષા લીધી,
રહે ઉમંગે ગુરુને સંગે વહેતા સંયમ ભાર. વંદો૦૨

તલાવડી જલની એક આવી, બાલમુનિને મન બહુ ભાવી,
પાત્ર તણી નૌકા ખેલાવી, ગુરુને દેખી લજ્જા આવી,
અણઘટતું કારજ તે કીધું, પામ્યા ક્ષોભ અપાર. વંદો૦૩

સમવસરણમાં પ્રભુજી સામે, ઈરિયાવહી પડિક્કમીય પ્રમાણે,
ચાર કર્મની ગતિ વિરમે, કેવલ જ્ઞાન તિહાં મુનિ પામે,
દેવ દેવી સહુ ઉત્સવ કરતાં વરતે જયજયકાર. વંદો૦૪

ક્ષણમાં સઘળાં કર્મ ખપાવ્યાં એવા અઈમુત્તા મુનિરાયા,
ભવ્યજીવોને બોધ પમાડી, અંતે મુક્તિપુરી સીધાવ્યા,
જ્ઞાન વિમલ કહે મુનિને વંદો, થાયે બેડો પાર. વંદો૦૫

## ૮. આપ સ્વભાવ મેં રે...

આપ સ્વભાવ મેં રે, અવધુ સદા મગન મેં રહેના;
જગત જીવ હૈ કરમાધીના, અચરિજ કછુઅ ન લીના... આપ૦૧

તું નહીં કેરા કોઈ નહીં તેરા, ક્યા કરે મેરા મેરા;
તેરા હે સો તેરી પાસે, અવર સબહિ અનેરા... આપ૦૨

વપુ વિનાશી તું અવિનાશી, અબ હે ઈનકા વિલાસી;
વપુ સંગ જબ દૂર નીકાસી, તબ તુમ શિવકા વાસી... આપ૦૩

રાગ ને રીસા દોય ખવીસા, એ તુમ દુઃખકા દીસા;
જબ તુમ ઉનકું દૂર કરીસા, તબ તુમ જગકા ઈદ્ઘા... આપ૦૪

પરકી આશા સદા નિરાશા, યે હે જગ-જન-પાસા;
વો કાટનકું કરો અભ્યાસા, લહો સદા સુખવાસા... આપ૦૫

કબહીક કાજી કબહીક પાજી, કબહીક હુઆ અપભ્રાજી;
કબહીક જગ મેં કીર્તિ ગાજી, સબ પુદ્‌ગલકી બાજી... આપ૦૬

શુદ્ધ ઉપયોગ ને સમતાધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;
કર્મ કલંકકુ દૂર નિવારી, જીવ વરે શિવનારી... આપ૦૭

## ૯. કેના રે સગપણ કેની રે માયા...

કેના રે સગપણ કેની રે માયા, જીવ રહ્યો છે લોભાઈ રે,
અથિર સંસારમાં કોઈ નથી તારું, સાચી ધર્મ સગાઈ રે... કેના૦૧

શ્રેણિકરાયને પિંજરે પૂર્યો, કોણીકે રાજ્ય લોભાઈ રે,
પુત્રે પિતાને અતિદુઃખ દીધું, ક્યાં ગઈ પુત્ર સગાઈ રે... કેના૦૨

ભરત બાહુબલી રાજ્ય ને માટે, માંડી મોટી લડાઈ રે,
ચક્ર મૂક્યું નિજ ભાઈની ઉપર, ક્યાં ગઈ ભ્રાતૃ સગાઈ રે... કેના૦૩

મયણ રેહા વશે મોહ્યો મણિરથ, માર્યો યુગબાહુ ભાઈ રે,
વિષય કષાયમાં મસ્ત બનીને, ક્યાં ગઈ ભ્રાતૃ સગાઈ રે... કેના૦૪

બ્રાહ્મણી નિજ પુત્ર ને વેચે, ધનને અર્થે લોભાઈ રે,
અમરકુમારને મારણ કાજે, ક્યાં ગઈ પુત્ર સગાઈ રે... કેના૦૫

સૂરીકાન્તા એ પરદેશીને માર્યો, ગળે અંગૂઠો દબાઈ રે,
રાયપસેણીમાં ભગવંતે ભાખ્યું, ક્યાં ગઈ પત્ની સગાઈ રે... કેના૦૬

શેઠાણી નિજ શેઠને નાંખે, ઉંડા કૂવાની માંહી રે,
કર્મ તણી જો જો વિચિત્રતા, ક્યાં ગઈ પત્ની સગાઈ રે... કેના૦૭

ચુલણીમાતા નિજ પુત્રને બાળે, લાખનું ઘર બનાઈ રે,
વિષયમાં અતિ લંપટ થઈને, ક્યાં ગઈ માતૃ સગાઈ રે... કેના૦૮

કોની રે માતા કોના રે પિતા, કોના રે ભાઈ ભોજાઈ રે,
વિનયવિજય પંડિત એમ બોલે, સાચી ધર્મ સગાઈ રે... કેના૦૯

## ૧૦. સંસાર ધુમાડાના બાચકા રે...

સંસાર ધુમાડાના બાચકા રે, જાતા નહીં લાગે વાર
રંગ પતંગિયું ઊડી જાશે, સ્વપ્નુ થાશે સંસાર...
હેતે ધરમરસ પીજીએ...૧

કઠીન ચોટ છે કાળની રે, મરણ મોટેરું માન
કંઈક રાજાને કંઈક રાજિયા, છોડી ચાલ્યા સંસાર... હેતે૦૨

કોના છોરુ ને કોના વાછરુ રે, કોના ભાઈ અને બાપ
અંતકાળે જાવું જીવને એકલું, સાથે પુણ્ય ને પાપ... હેતે૦૩

માલી ચૂંટે છે રુડાં ફૂલડાં રે, કળીઓ કરે રે વિચાર
આજનો દિન રળિયામણો, કાલે આપણા શીરે ઘાત... હેતે૦૪

વીર વિજયની સેવના રે, ભવિ કરજો દિનરાત
પુણ્યરૂપી બારીઓમાં, સુનો થાશે સંસાર... હેતે૦૫

## ૧૧. સમતા સુખના જે ભોગી...

સમતા સુખના જે ભોગી, અષ્ટાંગધરણ જે જોગી
સદાનંદ રહે જે અસોગી, શ્રદ્ધાવંત જે શુદ્ધોપયોગી
ભવિજન તે મુનિ વંદો... ઉપશમરસનો કંદો...

જ્ઞાનામૃત રસ જે ચાખે, જિનઆણા હિયડે રાખે
સાવદ્ય વચન નવિ ભાખે, ભાખ્યું જે જિનજીનું ભાખે... ભવિજન૦૧

આહાર લીયે નિર્દોષ, ન ધરે મન રાગ ને રોષ
ન કરે વળી ઇંદ્રિય પોષ, ન ચિકિત્સે ન જુએ જોષ... ભવિજન૦૨

બાહ્યાંતર પરિગ્રહત્યાગી, ત્રિકરણથી જિનમત રાગી
જસ શિવરમણી રઢ લાગી, વિનયી ગુણવંત વૈરાગી... ભવિજન૦૩

મદ આઠતણા માન ગાળે, એક ઠામ રહે વરસાલે
પંચાચાર તે સુધા પાળે, વળી જિનશાસન અજુવાળે... ભવિજન૦૪

પંચાશ્રવ પાપનિરોધે, જ્ઞાન દર્શન ચારિત્ર શોધે
નવિ રાચે ન કોઈથી ક્રોધે, ઉપગાર ભણી ભવિ બોધે... ભવિજન૦૫

ભિક્ષા લે ભ્રમર પરે ભમતા, મનમાં ન ધરે કોઈ મમતા
રાગ-દ્વેષ સુભટને દમતા, રહે જ્ઞાન ચોગાનમાં રમતા... ભવિજન૦૬

સુધા પંચમહાવ્રત વહેતા, ઉપશમ ધરી પરીષહ સહેતા
વળી મોહ ગહન વન દહતાં, વિચરે ગુરૂ આણાએ રહેતાં... ભવિજન૦૭

જે જ્ઞાનક્રિયા ગુણપાત્ર, અણદીધું ન લે તૃણમાત્ર
સદા શીલે સોહાવે ગાત્ર, જાણે જંગમ તીર્થ જાત્ર... ભવિજન૦૮

દયાપાળે વીસાવાવીશ, ધરે ધ્યાન ધર્મ નિશદિશ
જગજંતુતણા જે ઈશ, જસ ઈન્દ્ર નમાવે શીષ... ભવિજન૦૯

ક્રોધ લોભ અભિમાનને માયા, તજીયા જેણે ચાર કષાયા
બુધ ખીમાવિજય ગુરુ રાયા, શિષ્ય જિનવિજય ગુણ ગાયા... ભવિજન૦૧૦

## ૧૨. ચેતન જ્ઞાન અજુવાળીએ...

ચેતન જ્ઞાન અજુવાળીએ, ટાળીએ મોહ સંતાપ રે;
ચિત્ત ડમડોલતું વાળીએ, પાળીએ સહજ ગુણ આપ રે... ચેતન૦૧

ઉપશમ અમૃત રસ પીજીએ, કીજીએ સાધુ ગુણગાન રે;
અધમ વયણે નવિ ખીજીયે, દિજીયે સજ્જનને માન રે... ચેતન૦૨

ક્રોધ અનુબંધ નવિ રાખીયે, ભાખીયે વયણ મુખ સાચ રે;
સમક્તિ રત્ન રુચિ જોડીયે, છોડીયે કુમતી મતિ કાચ રે... ચેતન૦૩

શુદ્ધ પરિણામને કારણે, ચારનાં શરણ ધરે ચિત્ત રે;
પ્રથમ તિહાં શરણ અરિહંતનું, જેહ જગદીશ જગમિત્ત રે... ચેતન૦૪

જે સમોસરણમાં રાજતા, ભાંજતા ભવિક સંદેહ રે;
ધર્મના વચન વરસે સદા, પુષ્કરાવર્ત જિમ મેહ રે... ચેતન૦૫

શરણ બીજું ભજે સિદ્ધનું, જે કરે કર્મ ચકચૂર રે
ભોગવે રાજ શિવનગરનું, જ્ઞાન આનંદ ભરપૂર રે... ચેતન૦૬

સાધુનું શરણ ત્રીજું ધરે, જેહ સાધે શિવ પંથ રે;
મૂળ ઉત્તર ગુણે જે વર્યા, ભવ તર્યા ભાવ નિર્ગ્રંથ રે... ચેતન૦૭

શરણ ચોથું ધરે ધર્મનું, જેહમાં વર દયા ભાવ રે;
જે સુખ હેતુ જિનવર કહ્યો, પાપ જલ તરવા નાવ રે... ચેતન૦૮

ચારના શરણ એ પડિવજે, વળી ભજે ભાવના શુદ્ધ રે;
દુરિત સવિ આપણા નિંદીયે, જેમ હોયે સંવર વૃદ્ધિ રે... ચેતન૦૯

## દુષ્કૃત ગર્હા

ઈહ ભવ પરભવ આચર્યાં, પાપ અધિકરણ મિથ્યાત્વ રે;
જે જિનાશાતનાદિક ઘણાં, નિંદીયે તેહ ગુણ ઘાત રે... ચેતન૦૧૦

જેહ હિંસા કરી આકરી, જેહ બોલ્યા મૃષાવાદ રે;
જેહ પરધન હરી હરખિયા, કીધલો કામ ઉન્માદ રે... ચેતન૦૧૨

જેહ ધન ધાન્ય મૂર્છા ધરી, સેવિયા ચાર કષાય રે;
રાગને દ્વેષને વશ હુઆ, જે કીયો કલહ ઉપાય રે... ચેતન૦૧૩

જૂઠ જે આલ પરને દિયા, જે કર્યા પિશુનતા પાપ રે;
રતિ અરતિ નિંદ માયામૃષા, વલીય મિથ્યાત્વ સંતાપ રે... ચેતન૦૧૪

## સુકૃત અનુમોદન

પાપ જે એહવા સેવિયાં, તેહ નિંદીયે ત્રિહું કાળ રે;
સુકૃત અનુમોદના કીજીયે, જિમ હોયે કર્મ વિસરાલ રે... ચેતન૦૧૫

વિશ્વ ઉપકાર જે જિન કરે, સાર જિન નામ સંયોગ રે;
તેહ ગુણ તાસ અનુમોદિયે, પુણ્ય અનુબંધ શુભયોગ રે... ચેતન૦૧૬

સિદ્ધની સિદ્ધતા કર્મના, ક્ષય થકી ઉપની જેહ રે;
જેહ આચાર આચાર્યનો, ચરણ વન સિંચવા મેહ રે... ચેતન૦૧૭

જેહ ઉવજ્ઝાયનો ગુણ ભલો, સૂત્ર સજ્ઝાય પરિણામ રે;
સાધુની જે વળી સાધુતા, મૂળ ઉત્તર ગુણધામ રે... ચેતન૦૧૮

જેહ વિરતિ દેશ શ્રાવક તણી, જેહ સમક્તિ સદાચાર રે;
સમક્તિ દૃષ્ટિ સુરનર તણો, તેહ અનુમોદિયે સાર રે... ચેતન૦૧૯

અન્યમાં પણ દયાદિક ગુણો, જેહ જિન વચન અનુસાર રે;
સર્વ તે ચિત્ત અનુમોદિયે, સમક્તિ બીજ નિરધાર રે... ચેતન૦૨૦

પાપ નવિ તીવ્ર ભાવે કરે, જેહને નવિ ભવ રાગ રે;
ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા લાગ રે... ચેતન૦૨૧

થોડલો પણ ગુણ પર તણો, સાંભળી હર્ષ મન આણ રે;
દોષ લવ પણું નિજ દેખતાં, નિર્ગુણ નિજાતમા જાણ રે... ચેતન૦૨૨

**શુદ્ધાત્મા ભાવના**

ઉચિત વ્યવહાર અવલંબને, એમ કરી સ્થિર પરિણામ રે;
ભાવિયે શુદ્ધ નય ભાવના, પાપનાશય તણું ઠામ રે... ચેતન૦૨૩

દેહ મન વચન પુદ્‌ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે;
અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે... ચેતન૦૨૪

કર્મથી કલ્પના ઉપજે, પવનથી જેમ જલધિ વેલ રે;
રૂપ પ્રગટે સહજ આપણું, દેખતાં દૃષ્ટિ સ્થિર મેલ રે... ચેતન૦૨૫

ધારતા ધર્મની ધારણાં, મારતા મોહ વડ ચોર રે;
જ્ઞાન રુચિ વેલ વિસ્તારતા, વારતા કર્મનું જોર રે... ચેતન૦૨૬

રાગ વિષ દોષ ઉતારતા, ઝારતા દ્વેષ રસ શેષ રે;
પૂર્વ મુનિ વચન સંભારતા, વારતા કર્મ નિઃશેષ રે... ચેતન૦૨૭

દેખીયે માર્ગ શિવ નગરનો, જેહ ઉદાસીન પરિણામ રે;
તેહ અણછોડતા ચાલિયે, પામીયે જિમ પરમધામ રે... ચેતન૦૨૮

શ્રી નયવિજય ગુરુ શિષ્યની, શીખડી અમૃતવેલ રે;
એહ જે ચતુર નર આદરે, તે લહે 'સુયશ' રંગ રેલ રે... ચેતન૦૨૯

## ૧૩. મારું મારું મ કર જીવ તું...

મારું મારું મ કર જીવ તું, તાહરું જગમાં નહિ કોય રે;
આપ સ્વારથે સહુ મિલ્યાં, હૃદય વિચારીને જોય રે... મારું૦૧

દિન દિન આયુ ઘટે તાહરું, જિમ જલ અંજલિ હોય રે;
ધર્મની વેળા નાવે ઢુંકડો, કવણ ગતિ તાહરી હોય રે... મારું૦૨

રમણી સંગે રાચ્યો રમે, કેમ દીયે બાઉલે બાથ રે;
તન ધન જોબન સ્થિર નહીં, પરભવે નાવે તુજ સાથ રે... મારું૦૩

એક ઘરે ધવલ મંગલ હુવે, એક ઘરે રુવે બહુ નાર રે;
એક રામા રમે કંતશું, એક છંડે સકલ શણગાર રે... મારું૦૪

એક ઘરે સહુ મલી બેસતાં, નિત નિત કરતા વિલાસ રે;
તે રે સાજનીયાં ઊઠી ગયાં, સ્થિર ન રહ્યો એક વાસ રે... મારું૦૫

એહવું સ્વરૂપ સંસારનું, ચેત ચેત જીવ ગમાર રે;
દશ દૃષ્ટાંતે દોહીલો, પામવો મનુષ્ય અવતાર રે... મારું૦૬

હર્ષવિજય કહે એહવું, જે ભજે જિનપદ રંગ રે;
તે નરનારી વેગે વરે, મુક્તિવધુ કેરો સંગ રે... મારું૦૭

## ૧૪. પુણ્ય સંયોગે પામીયો જી...

પુણ્યસંયોગે પામીયો જીરે, નરભવ આરજ ક્ષેત્ર
શ્રાવકકુળ ચિંતામણિ જીરે, ચેતી શકે તો ચેત રે.
જીવડા ! આ સંસાર અસાર, ..........
સાર માત્ર જિનધર્મ છે જીરે, આપણું ઘર સંભાળ રે... જીવડા૦૧

માતપિતા સુત બાંધવા જીરે, દાસ દાસી પરિવાર;
સ્વાર્થ સાધે સહુ આપણો જીરે, સહુ મતલબના યાર રે... જીવડા૦૨

સરોવર જળનો દેડકો જીરે, તાકે આપણો ભક્ષ;
સાપ તાકે છે દેડકો જીરે, સહુને આપણે લક્ષ રે... જીવડા૦૩

મયૂર તાકે છે સાપને જીરે, આહેડી તાકે છે મોર,
મચ્છ ગળાગળ ન્યાય છે જીરે, નિર્ભય નહીં કોઈ ઠોર રે... જીવડા૦૪

કર્મે નાટક માંડીયો જીરે, જીવડો નાચણહાર,
નવા નવા લેબાશમાં જીરે, ખેલે વિવિધ પ્રકાર રે... જીવડા૦૫

ચોરીશી ચોગાનમાં જીરે, રૂપ રંગના રે ઠાઠ,
તમાશા ત્રણ લોકમાં જીરે, બાજીગરના પાઠ રે... જીવડા૦૬

બહોત ગઈ થોડી રહી જીરે, પરભવ ભાતું રે બાંધ,
સમતા સુખની વેલડી જીરે, ધર્મરત્ન પદ સાધ રે... જીવડા૦૭

## ૧૫. ખબર નહિ આ જગ મેં પલકી...

ખબર નહીં આ જગમેં પલકી,
સુકૃત કરનાં હોય સો કરલે, કોણ જાણે કલકી;
યા દોસ્તી હે જગત વાસકી, કાયા મંડલકી,
સાસ ઉસાસ સમર લે સાહિબ, આયુ ઘટે પલકી... ખબર૦૧

તારા મંડલ રવિ ચંદ્રમાં, સબ હે ચલને કી,
દિવસ ચારકા ચમત્કાર જ્યું, વીજલી આભલકી... ખબર૦૨

કુડ કપટ કર માયા જોડી, કરી બાંતાં છલકી,
પાપકી પોટલી બાંધી શીર પર, કૈસે હોય હલકી.. ખબર૦૩

યા જગ હૈ સુપને કી માયા, જૈસે બુંદ જલકી,
વિણસંતા તો વાર ન લાગે, દુનિયા જાય ખલકી... ખબર૦૪

માત તાત પ્રિયા સુત બાંધવ, સબ જગ મતલબકી,
કાયા માયા નાર હવેલી, એ તેરી કબકી... ખબર૦૫

મન માનવ તન ચંચલ હસ્તી મસ્તી હે બલકી,
સદ્‌ગુરુ અંકુશ ધરો શીરપર, ચલો માર્ગ સતકી... ખબર૦૬

જબ લગ હંસા રહે દેહ મેં, ખુશીયા મંગલકી,
હંસા છોડ ચલ્યા જબ દેહી, મિટિયા જંગલ કી... ખબર૦૭

પર ઉપકાર સમો નહી સુકૃત, ધર સમતાં સુખકી,
પાપ વળી પર પ્રાણી પીડન, હર હિંસા દુઃખકી... ખબર૦૮

કોઈ ગોરા કોઈ કાળા પીળા, નયણે નિરખનકી,
એ દેખી મત રાચો પ્રાણી, રચના પુદ્‌ગલ કી... ખબર૦૯

અનુભવ જ્ઞાન આતમ બૂઝી, કર બાતા ઘરકી,
અમરપદ અરિહંતકુ ધ્યાતાં, પદવી અવિચલકી... ખબર૦૧૦

## ૧૬. મારે કરવી છે મનડાની વાત રે...

મારે કરવી છે મનડાની વાત રે, ઓ હંસા રાણા...
રહી જાઓ આજની રાત, ઓ હંસા રાણા... ૧

પહેલો રે વિસામો હંસા, ઘરને ઉંબરીયે,
બીજો રે વિસામો જાપા બાર રે, ઓ હંસા રાણા... ૨

ત્રીજો રે વિસામો હંસા, ગામને પાદરે,
ચોથો વિસામો સ્મશાન રે, ઓ હંસા રાણા... ૩

ચાર જણા રે હંસા, ઉંચકીને ચાલ્યા તને,
પાંચશો પાડે રે પોકાર રે, ઓ હંસા રાણા... ૪

ગાડું ભરીને હંસા, લાકડા રે લીધા,
હાંડલીમાં મેલ્યા અંગાર રે, ઓ હંસા રાણા... ૫

જેના વિના એક ઘડીના ચાલે તારે,
તે પણ મુકે રે તારી આશ રે, ઓ હંસા રાણા...૬

સગા રે વ્હાલા સહુ ભેગા મળીને હંસા,
જમણા અંગુઠે મુકે આગ રે, ઓ હંસા રાણા...૭

જ્ઞાન વિમલ કહે પ્રભુ ભજીલે હંસા,
તારું મારું મુકીને ગમાર રે, ઓ હંસા રાણા... ૮

## ૧૭. સગુ તારું કોણ સાચું રે...

સગુ તારું કોણ સાચું રે, સંસારીયામાં,

પાપનો તો નાખ્યો પાયો, ધરમમાં તું નહિ ધાયો;
ડાહ્યો થઈને તું દબાયો રે, સંસારીયામાં... સગુ૦૧

કુડું કુડું હેત કીધું, તેને સાચું માની લીધું;
અંત કાલે દુઃખ દીધું રે, સંસારીયામાં... સગુ૦૨

વિશ્વાસે વહાલા કીધાં, ઝેરના તે પ્યાલા પીધા;
પ્રભુને વિસારી દીધા રે, સંસારીયામાં... સગુ૦૩

મનગમતામાં મહાલ્યો, ચોરને મારગે ચાલ્યો;
પાપીઓનો સંગ ઝાલ્યો રે, સંસારીયામાં... સગુ૦૪

મુખે બોલ્યો મીઠી વાણી, ધન કીધું ધુળધાણી;
જીતી બાજી ગયો હારી રે, સંસારીયામાં... સગુ૦૫

ઘરને ધંધે ઘેરી લીધો, કામિનીયે વશ કીધો;
ઋષભદાસ કહે દગો દીધો રે, સંસારીયામાં... સગુ૦૬

## ૧૮. કયા તન માંજતા રે...

ક્યાં તન માંજતાં રે, એક દિન મીટ્ટીમેં મીલ જાના;
મીટ્ટીમેં મીલ જાના બંદે, ખાખમેં ખપ જાના... ક્યાં૦૧

મીટ્ટીયા ચૂન ચૂન મહેલ બનાયા, બંદા કહે ઘર મેરા;
એક દિન બંદે ઉઠ ચલેંગે, યહ ઘર તેરા ન મેરા... ક્યાં૦૨

મીટ્ટીયા ઓઢણ મીટ્ટીયા બીછાવણ, મીટ્ટી કા સીરાના;
ઈદ્ધા મીટ્ટીકા એક ભૂત બનાયા, અમર જાલ લુભાના... ક્યાં૦૩

મીટ્ટીયા કહે કુંભારને રે, તું ક્યાં ખુંદે મોય;
એક દિન ઐસા આવેગા પ્યારે, મેં ખુદુંગી તોય... ક્યાં૦૪

લકડી કહે સુથારને રે, તું ક્યાં છોલે મોય;
એક દિન ઐસા આવેગા પ્યારે, મે ભુંજુંગી તોય... ક્યાં૦૫

દાન શીયલ તપ ભાવના રે, શિવપુર મારગ ચાર;
આનંદઘન કહે ચેતલો પ્યારે, આખર જાના ગમાર... ક્યાં૦૬

## ૧૯. જીવડા સુકૃત કરજે સાર...

જીવડા સુકૃત કરજે સાર, નહિતર સ્વપ્નું છે સંસાર;
પલતકણો નિશ્ચય નથી ને, નથી બાંધી તે ધર્મની પાળ... જીવડા૦૧

ઊંચી મેડી ને અજબ ઝરૂખા, ગોખ તણો નહિ પાર;
લખપતિ છત્રપતિ ચાલ્યા ગયા તેના, બંધ રહ્યા છે દ્વાર... જીવડા૦૨

ઉપર ફૂલડાં ફરફરે ને, બાંધ્યા તે શ્રીફળ ચાર;
ઠાકઠીક કરી એને ઠાઠડીમાં બાંધ્યો, પછી પૂંઠે તે લોકનો પોકાર... જીવડા૦૩

શેરી લગે સબ સાથે ચલેંગી, નારી તણો પરિવાર;
કુટુંબ કબીલો પાછો ફરીને, સૌ કરશે ખાનપાન સાર... જીવડા૦૪

સેજ તલાઈ વિના નવિ સુતો, કરતો ઠાઠ હજાર;
સ્મશાને જઇ ચેહમાં સુવું, ઉપર કાષ્ઠના ભાર... જીવડા૦૫

અગ્નિ મૂકીને અળગા રહેશે, ત્યારે વરસસે અંગે અંગાર;
ખોળી ખોળીને બાળશે જેમ, લોઢું ગાળે લુહાર... જીવડા૦૬

સ્નાન કરીને ચાલીયા સહુ, સાથે મીલી નરનાર;
દશ દિવસ રોઈ રોઈને રહેશે, પછી તે મૂકીયા વિસાર... જીવડા૦૭

એવું જાણીને ધર્મ કરી લે, કરી લે પર ઉપકાર;
સત્ય શિયળથી પામી લે જીવડા, શિવતરૂ ફળ સહકાર... જીવડા૦૮

## ૨૦. વિનય કરો ચેલા ગુરુ તણો...

વિનય કરો ચેલા ગુરુ તણો, જિમ લહો સુખ અપારો રે;
વિનય થકી વિદ્યા ભણો, જપ તપ સૂત્ર આચારો રે... વિનય૦૧

ગુરુ વચન નવિ લોપીયે, નવિ કરિયે વચન વિઘાતો રે;
ઊંચે આસન નવિ બેસીયે, વચ્ચે વચ્ચે નવિ કરીએ વાતો રે... વિનય૦૨

ગુરુ આગળ નવિ ચાલીએ, નવિ રહીએ પાછળ દૂર રે;
બરોબર ઊભા નવિ રહીએ, ગુરુને શાતા દીજે ભરપૂર રે... વિનય૦૩

વસ્ત્રપાત્ર નિત્ય ગુરુતણાં, પડિલેહીએ દોય વારો રે;
આસન બેસણ પુંજીએ, પાથરીએ સુખકારો રે... વિનય૦૪

અસન વસનાદિ સુખ દીએ, ગુરુ આણાએ સુખ નિરખો રે;
વિબુધવિમલસૂરિ ઈમ કહે, શિષ્ય થાયે ગુરુ સારિખો રે... વિનય૦૫

## ૨૧. અવધૂ નિરપક્ષ વિરલા કોઈ...

અવધૂ નિરપક્ષ વિરલા કોઈ દેખ્યા જગત સહુ જોઈ...

સમરસ ભાવ ભલા ચિત્ત જાકે, થાપ ઉત્થાપ ન હોઈ;
અવિનાશી કે ઘરકી બાતાં, જનેંગે નર સોઈ... અવ૦૧

રાય રંકમેં ભેદ ન જાણે, કનક ઉપલ સમ લેખે;
નારી નાગણીનો નહી પરિચય તે શિવમંદિર દેખે... અવ૦૨

નિંદા સ્તુતિ શ્રવણ સુણીને, હર્ષ શોક નવિ આણે;
તે જગ મેં જોગીસર પૂરા, નિત્ય ચઢતે ગુણઠાણે... અવ૦૩

ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર જિમ ગંભીરા;
અપ્રમત્ત ભારંડ પરે નિત્ય, સુરગિરિ સમ શુચિ ધીરા... અવ૦૪

પંકજ નામ ધરાય પંકશું, રહત કમળ જિમ ન્યારા;
ચિદાનંદ ઐસા જન ઉત્તમ, સો સાહિબકા પ્યારા... અવ૦૫

# પુસ્તક પ્રકાશન સહયોગી

પૂ. સાધ્વીજી જયકીર્તિશ્રીજી મ.સા.ના શિષ્યા સાધ્વી શ્રીજયમંગલાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ના ચાતુર્માસમાં પ્રેરણાથી શ્રી હિતસ્વી ગોકુલધામ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ ટ્રસ્ટ, સરખેજ સાણંદ રોડ, અમદાવાદ (જ્ઞાનદ્રવ્યમાંથી)

શ્રી પાર્શ્વ સેવા ભક્તિ મંડળ, સાબરમતી, અમદાવાદ.

★ પાર્શ્વ અને હર્ષના જ્ઞાનપંચમી તપ તથા નિશાબેનના વર્ષીતપ અનુમોદનાર્થે જીવરાજ ચત્રભુજ ખંડોર પરિવાર
  હ. નિશાબેન શીતલભાઈ ખંડોર, આધોઈ, મલાડ-મુંબઈ.
★ વેણીલાલ ખેમચંદજી જૈન, કૃષ્ણગંજ (રાજસ્થાન)
  હ. અર્પિતા પંકજકુમાર જૈન, કે.કે. સન્સ, નાગપુર, પૂના.
★ પૂ. સાધ્વીશ્રી ચન્દ્રોદયાશ્રીજી મ.સા.ના શિષ્યા સા. શ્રી ચિત્તપ્રસન્નાશ્રીજી મ.સા. તથા સા. શ્રી ચિત્તરંજનાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી શ્રાવિકાબેનો (જ્ઞાનદ્રવ્યમાંથી)

★ શ્રેણિકભાઈ પોપટલાલ શાહ, સાબરમતી, અમદાવાદ.
★ એક સદ્ગૃહસ્થ, આણંદ
★ પ્રવીણચંદ્ર ઉદયચંદ શેઠ, ૨૪ (વાગડ) વિક્રોલી, મુંબઈ.
★ શાહ દેવીચંદજી સંપતરાજજી ધોકા, ખંડપ-બલ્લારી-કર્ણાટક
★ યોગેશભાઈ કિશોરભાઈ મહેતા, એપોલો, ભુજ-કચ્છ
★ જેઠમલ વર્ધીચંદ શાહ, હ. દીલીપભાઈ કલાપુરા
★ જવેરબેન ભગવાનજી મેકણ, નીસર, આધોઈ, અંધેરી-કોલડુંગરી, મુંબઈ
★ વીશાબેન હાજા દુદા સતરા
  હ. લાલજી હાજા સતરા-ભરૂડીઆ, અંધેરી, મુંબઈ
★ સંજયભાઈ હરકિશન દોશી, આસનસોલ (પ. બંગાળ)
★ હસમુખભાઈ શાંતિલાલ શાહ, મણીનગર, અમદાવાદ.

માત્ર ૧૧ વર્ષની બાલ્યવયે દીક્ષિત થઈ
૩૫,૦૦૦ ગાથા કંઠસ્થ કરનાર
પ.પૂ.આ.શ્રી પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ.સા.નો
સંયમ જીવનના ૫૦માં સુવર્ણ વર્ષમાં

# પાવન પ્રવેશ



50 Years

**ઈ. સ. 1972, મહા સુદ ૧૪**

*Saiyam : The Real Life*

vitraag graphics 8980007872 Ahmedabad